सत्यमेव जयते

ગુજરાત સરકાર

શિક્ષણ નિયામકની કચેરી

શિક્ષણ ખાતાનો

# વાર્ષિક વહીવટી હેવાલ

## ૧૯૭૦-૭૧

*

૧૯૭૩
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

# અનુક્રમણિકા


| પ્રકરણ | | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| સામાન્ય માહિતી | | i–ii |
| (૧) | સામાન્ય પ્રગતિ | ૧ |
| (૨) | શૈક્ષણિક કર્મચારી તથા સંઘટન | ૮ |
| (૩) | પ્રાથમિક શિક્ષણ | ૯ |
| (૪) | માધ્યમિક શિક્ષણ | ૧૪ |
| (૫) | ઉચ્ચ શિક્ષણ | ૨૦ |
| (૬) | શિક્ષકોની તાલીમ | ૨૬ |
| (૭) | વ્યવસાયિક અને ખાસ શિક્ષણ | ૩૦ |
| (૮) | સમાજ શિક્ષણ | ૩૨ |
| (૯) | શારીરિક શિક્ષણ | ૩૩ |
| (૧૦) | કન્યા કેળવણી | ૩૫ |
| (૧૧) | અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ | ૩૭ |
| (૧૨) | ટેકનિકલ શિક્ષણ | ૫૨ |
| (૧૩) | માનવ શકિત અને રોજગાર અને તાલીમ | ૫૭ |

## સામાન્ય માહિતી

૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે રાજ્યની વસ્તી ૨,૬૬,૯૭,૪૭૫ હતી, હેવાલ હેઠળના વર્ષમાં રાજ્યમાં ૨૧૬ નગરો અને ૧૮૬૯૭ ગા ડાં હતાં. રાજ્યમાં ૧૯ જિ॰ "હતા. ગુજરાત રાજ્યનું કુલ ક્ષેત્રફળ ૧૯૫૯૮૪ ચો. કિ. નું હતું.

હેવાલ હેઠળના વર્ષ દરમિયાન શ્રી પ્રા. રા. ચૌહાણ, શિક્ષણ નિયામક હતા. તેમને રોજબરોજના વહીવટી કામમાં મદદ કરવા એક સંયુકત શિક્ષણ નિયામક અને ત્રણ નાયબ શિક્ષણ નિયામક હતા. રાજ્યમાં પૂર્વ પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ સુધીની સરકારી શૈક્ષણિક નીતિના અમલ અંગેની વહીવટી જવાબદારી શિક્ષણ નિયામક સંભાળે છે. શિક્ષણના જુદા જુદા તબક્કાઓની જવાબદારી અંગેની વિગત નીચેના ફકરાઓમાં આપવામાં આવેલ છે.

### પ્રાથમિક શિક્ષણ

પંચાયત રાજ્યના અમલથી અધિકૃત નગર પાલિકા સિવાયના વિસ્તારોમાં જિલ્લા પંચાયતો પ્રાથમિક શિક્ષણ અંગેની જવાબદારી તેમના શિક્ષણ સમિતિની મારફતે બજાવે છે. જિલ્લા પંચાયતમાં શિક્ષણ ખાતા તરફથી શાસનાધિકારીઓને સરકારશ્રીએ નિયુકત કરેલાં હોય છે. શિક્ષણ નિયામક જિલ્લા પંચાયતોને પ્રથામિક શિક્ષકના પગાર અને ભથ્થાઓ, અને ભાષાઓના શિક્ષણની વ્યવસ્થા પાછળના ખર્ચ ઉપર ૧૦૦ ટકા અનુદાન આપે છે. ઉપરાંત વિદ્યાર્થી દીઠ રૂ. ૨,૬૩ ગ્રાંટ બિન શૈક્ષણિક સ્ટાફના પગાર ખર્ચ તથા પ્રાથમિક શાળાના ઈતર ખર્ચ માટે આપે છે. શિક્ષણ નિયામક સરકારના શૈક્ષણિક નીતિના અમલ માટે જરૂરી સૂચનાઓ શિક્ષણ સમિતિઓને આપે છે. શહેરી વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણની જવાબદારી અધિકૃત નગર પાલિકાઓ સંભાળે છે અને તેમને પણ નિયમાનુસાર ગ્રાંટ આપવામાં આવે છે.

### માધ્યમિક શિક્ષણ

રાજ્યમાં હેવાલના વર્ષ દરમ્યાન ૨૨૬૩ માધ્યમિક શાળાઓ પૈકી ૭૭ શાળાઓ સરકાર હસ્તક હતી. રાજ્યમાં મોટાભાગની માધ્યમિક શાળાઓનું સંચાલન બિન સરકારી સંસ્થાઓ હસ્તક છે. બિન સરકારી માધ્યમિક શાળાઓને ૧૯૬૯--૭૦ના વર્ષથી ઈશ્વરભાઈ કમિટીની ભલામણો પ્રમાણે સુધારેલ ધોરણે ગ્રાંટ આપવામાં આવે છે. આ સુધારેલા ધોરણ અનુસાર માધ્યમિક શિક્ષકોના પગાર અને ભથ્થા તથા સંસ્થાના પ્રો. ફંડ ફાળા સહિતના ખર્ચ પર ૧૦૦ ટકા અનુદાન આપવામાં આવે છે, જ્યારે શાળાના મકાન અને રમત ગમતના મેદાન માટે કુલ ખર્ચના ૧૫ ટકા જેટલી રકમ ગ્રાંટ તરીકે આપવામાં આવે છે. તે ઉપરાંત અન્ય શૈક્ષણિક સવલતો જેવી કે પુસ્તકાલય, પ્રયોગશાળા માટેના સાધનો માટે તેમજ અન્ય શૈક્ષણિક ખર્ચ માટે પગાર બીલના ૨૦ ટકા સુધીની મર્યાદામાં ગ્રાંટ આપવામાં આવે છે. શાળાની ફીની ઉપજ આવક તરીકે ગણવામાં આવે છે. શાળાઓની વાર્ષિક તપાસણી અને દેખરેખનું કાર્ય ખાતાના જિલ્લા શિક્ષણાધિકારીઓ હસ્તક છે. માધ્યમિક શાળાના પાઠ્ય-પુસ્તકો અને અભ્યાસક્રમ ખાતાએ મંજૂર કરેલ હોય છે.

હેવાલના વર્ષ દરમિયાન માધ્યમિક શાળાઓમાં ૮ થી ૧૦ ધોરણમાં અભ્યાસ કરતી કન્યાઓને રાજ્ય સરકાર તરફથી મફત શિક્ષણ આપવામાં આવ્યું હતું. જે ક્રમે ક્રમે દર વર્ષે મફત કરતાં ૧૯૭૧–૭૨થી માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતી બધી જ કન્યાઓને મફત શિક્ષણ આપવાની જોગવાઈ છે.

### ઉચ્ચ શિક્ષણ

રાજ્યમાં હેવાલના વર્ષ અંતે પાંચ યુનિવર્સિટીઓ હતી. આ ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠ યુનિ. ગ્રાંટ કમિશન એકટ પ્રમાણે માન્ય યુનિવર્સિટી ગણાય છે. ત્રણ જુની યુનિ.ઓના નિભાવ માટે બ્લોક ગ્રાંટ આપવામાં આવે છે. જ્યારે બે નવી યુનિ.-ઓને નિભાવ અને સ્થાપન્ન માટે એડહોક ગ્રાંટ આપવામાં આવે છે. યુનિવર્સિટીની ભલામણને આધારે રાજ્ય સરકાર કોલેજોને જોડાણ આપે છે. જનરલ એજ્યુકેશનની (આર્ટસ, સાયન્સ અને કોમર્સ) ઉચ્ચ શિક્ષણની કોલેજોને શિક્ષણ નિયામકશ્રી વિદ્યાર્થીઓની સંખ્યાને અનુલક્ષીને ગણતરી કરીને કુલ પગાર બીલ ( Total pay packets ) ની રકમ ધ્યાનમાં રાખીને પાત્ર થતી ગ્રાંટ જે તે કોલેજને નિભાવ ગ્રાંટ તરીકે આપે છે. ઉપર જણાવ્યા પ્રમાણે સામાન્ય રીતે ૧૫ ટકા થી ૫૦ ટકા સુધી ગ્રાંટ અપાય છે. ગ્રાંટનું ધોરણ સંસ્થાના કદ અને તેમાં શીખવાડવાના વિષય ઉપર અવલંબે છે. માધ્યમિક શિક્ષણની તાલીમી સંસ્થાઓને માન્ય ખર્ચના ૫૦ ટકાના દરે નિભાવ ગ્રાંટ મંજુર કરવામાં આવે છે. યુનિવર્સિટીના અંકૂશ હેઠળ આ સંસ્થાઓ કામ કરે છે.

### ઈત્તર પ્રવૃત્તિઓ

શિક્ષણ નિયામક પ્રથામિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ અંગેની જવાબદારી ઉપરાંત અન્ય કામગીરીઓ જેવી કે પુસ્તકાલયો, ચિત્ર અને હુન્નરકળા વાણિજ્ય શિક્ષણ, શારીરિક શિક્ષણ, વગેરે સંભાળે છે. આ માટે શિક્ષણ નિયામકની નીચે રાજ્ય કક્ષાએ વિશિષ્ટ અધિકારીઓ કામ કરે છે. જેની યાદી મુખ્યત્વે નીચે પ્રમાણે છે:—

(૧) ગ્રંથાલય વ્યવસ્થા અધિકારી.

(૨) ચિત્રકામ અને હુન્નર કળાના નિરીક્ષક.

(૩) વાણિજ્ય શાળાઓના નિરીક્ષક.

(૪) શારીરિક શિક્ષણના નિરીક્ષક.

(૫) વ્યવસાયી માર્ગદર્શન અધિકારી.

(૬) સમાજ શિક્ષણ અધિકારી.

(૭) આશ્રમ શાળાઓના નિરીક્ષક.

શિક્ષણ ખાતા મારફત લેવાતી પરીક્ષાઓનું સંચાલન રાજ્ય પરીક્ષા બોર્ડ કરે છે.

**શિક્ષક તાલીમ**

રાજ્યમાં પ્રાથમિક શિક્ષકોની તાલીમ માટે ૯૬ અધ્યાપન મંદિરો હતા. આ પૈકી ૨૬ સરકાર હસ્તક હતા. બાકીના ખાનગી સંસ્થાઓ સંચાલિત હતા. બિન સરકારી અધ્યાપન મંદિરોને માન્ય ખર્ચના ૧૦૦ ટકા લેખે અનુદાન આપવામાં આવ્યું હતું.

**પાઠ્ય–પુસ્તકો.**

પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ માટે નિયત કરેલ અભ્યાસક્રમને અનુલક્ષીને રાજ્યકક્ષાએ પાઠ્ય-પુસ્તકો તૈયાર કરવા એક શાળા પાઠ્ય--પુસ્તક મંડળ રચવામાં આવ્યું છે. જે તે વિષયોના પુસ્તકોની નિષ્ણાંતો દ્વારા ચકાસણી થયા પછી આ પાઠ્ય--પુસ્તક બોર્ડ દ્વારા પ્રગટ થાય છે.

હેવાલ હેઠળના વર્ષથી આ મંડળે તૈયાર કરેલ પાઠ્ય--પુસ્તકો સુધારેલા અભ્યાસક્રમ મુજબ મંજૂર કરવામાં આવેલછે.

શૈક્ષણિક નીતિ સંબંધે રાજ્ય સરકારને સલાહ આપવા માટે શિક્ષણ મંત્રીશ્રીના અધ્યક્ષપદે રાજ્ય શિક્ષણ સલાહકાર પરિષદ છે, આ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ માટે અલગ સમિતિ અને પ્રાથમિક શિક્ષણ માટેનું વૈધાનિક બોર્ડ અસ્તિત્વમાં છે.

**ટેકનિકલ શિક્ષણ અને માનવ શકિત અને રોજગાર તાલીમ ખાતું**

ટેકનિકલ શિક્ષણ અંગેના નીતિના અમલની વહીવટી જવાબદારી ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રી સંભાળે છે. હેવાલના વર્ષ દરમ્યાન શ્રી ફી. સા. કલવચવાલા ટેકનિકલ શિક્ષણ નિયામક હતા. તેમને રોજબરોજના વહીવટી કામમાં મદદ કરવા નાયબ ટેકનીકલ શિક્ષણ નિયામક હતા. જ્યારે માનવ શકિત અને રોજગાર ખાતાની ટેકિનલ શિક્ષણ ખાતાથી તા. ૧લી ફેબ્રુઆરી ૧૯૭૧થી અલગ રચના થતાં નિયામકશ્રી તરીકે વર્ષ દરમ્યાન શ્રી એસ. પી. તનેજા હતા. તેમને રોજબરોજ વહીવટી કાર્યમાં મદદ કરવા ત્રણ ગુજરાત શૈક્ષણિક સેવા વર્ગ-૧ના અધિકારીઓ હતા.

# પ્રકરણ – ૧

## સામાન્ય પ્રગતિ

### શૈક્ષણિક સંસ્થાઓ

૧.૧ હેવાલના વર્ષ દરમ્યાન રાજ્યમાં ઘણેખરે તબક્કે શૈક્ષણિક સંસ્થાઓમાં વધારો થયો હતો. ૧૯૭૦–૭૧માં કુલ ૨૬,૧૯૪ સંસ્થાઓ પૈકી ગ્રામ વિસ્તારમાં ૨૧,૫૧૦ (૮૨.૧ ટકા) હતી. કુલ સંસ્થાઓમાંથી (૯૮.૭ ટકા) સંસ્થાઓ બિન-સરકારી હતી. આ અંગેની વિગતવાર માહિતી કોઠા નં. ૧.૧, ૧.૨ અને ૧.૬માં બતાવી છે.

### વિદ્યાર્થીઓ

૧.૨. કોઠા નં. ૧.૩ અને ૧.૬ ઉપરથી જણાય છે કે રાજ્યમાં ૧૯૭૦--૭૧માં શૈક્ષણિક સંસ્થાઓમાં ભણતાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧,૫૪,૮૨૩નો વધારે થયો હતો. હેવાલના વર્ષને અંતે કુલ ૪૪,૮૨,૩૨૩ વિદ્યાર્થીઓમાંથી ૨૮,૩૫,૬૬૩ વિદ્યાર્થીઓ ગ્રામ વિસ્તારના હતા.

### શિક્ષકો

૧.૩ ૧૯૬૯--૭૦માં શિક્ષકોની સંખ્યા ૧,૨૬,૧૪૩ હતી તે વધીને ૧૯૭૦–૭૧માં ૧,૩૩,૮૩૮ હતી. ૧૯૬૯–૭૦માં સ્ત્રી શિક્ષિકાઓની સંખ્યા ૩૫;૮૬૩ હતી તે વધીને હેવાલના વર્ષને અંતે ૩૯,૮૦૮ થઈ. હતી. પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના શિક્ષકોની સંખ્યામાં સારો એવો વધારો નોંધાયો હતો. વિગતવાર માહિતી કોઠા નં. ૧.૪માં આપેલી છે.

### ખર્ચ

કોઠા નં. ૧.૫ જોતાં જણાશે કે રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓ ઉપર ૧૯૬૯--૭૦માં કુલ ખર્ચ ૪૮,૫૬,૦૫,૩૮૧ થયું હતું. તે વધીને હેવાલના વર્ષને અંતે ૫૪,૩૧,૫૭,૬૧૮ થયું હતું. કુલ ખર્ચના ૬૬.૬ ટકા સરકારશ્રીનો ફાળો હતો.

## કોઠા નં. ૧(૧)

### પ્રકારવાર શિક્ષણ સંસ્થાઓ

| સંસ્થાનો પ્રકાર | ૧૯૬૯-૭૦ | | | ૧૯૭૦-૭૧ | | | વધારો + ઘટાડો− | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુમારો માટે | કન્યા માટે | કુલ | કુમારો માટે | કન્યાઓ માટે | કુલ | કુમારો માટે | કન્યાઓ માટે | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| યુનિવર્સિટીઓ | ૫ | ... | ૫ | ૫ | ... | ૫ | ... | ... | ... |
| સંશોધન સંસ્થાઓ | ૧૦ | ... | ૧૦ | ૧૦ | ... | ૧૦ | ... | ... | ... |
| વિનયન અને વિજ્ઞાન કોલેજો | ૧૧૯ | ૧૪ | ૧૩૩ | ૧૨૪ | ૧૫ | ૧૩૯ | +૫ | +૧ | +૬ |
| વ્યવસાયિક અને ખાસ કોલેજો | ૮૩ | ... | ૮૩ | ૧૦૦ | ... | ૧૦૦ | +૧૭ | ... | +૧૭ |
| માધ્યમિક શાળાઓ | ૧૮૯૦ | ૨૦૨ | ૨૦૯૨ | ૨૦૫૧ | ૨૧૨ | ૨૨૬૩ | +૧૬૧ | +૧૦ | +૧૭૧ |
| પ્રાથમિક શાળાઓ | ૨૦૧૧૪ | ૧૦૦૬ | ૨૧૧૨૦ | ૨૦૩૪૪ | ૧૦૧૧ | ૨૧૩૫૫ | +૨૩૦ | +૫ | +૨૩૫ |
| સમાજ શિક્ષણ વર્ગો | ૮૧૪ | ૩૭૫ | ૧૧૮૯ | ૬૬૦ | ૪૭૬ | ૧૧૩૬ | −૧૫૪ | +૧૦૧ | −૫૩ |
| બીજી શાળાઓ | ૮૯૩ | ૧૭૨ | ૧૦૬૫ | ૧૦૦૧ | ૧૮૫ | ૧૧૮૬ | +૧૦૮ | +૧૩ | +૧૨૧ |
| કુલ | ૨૩૯૨૮ | ૧૭૬૯ | ૨૫૬૯૭ | ૨૪૨૯૫ | ૧૮૯૯ | ૨૬૧૯૪ | +૩૬૭ | +૧૩૦ | +૪૯૭ |

**નોંધ:**—કુમારો માટેની શાળામાં મિશ્ર શાળાઓનો સમાવેશ થાય છે.
આવી શાળાઓમાં કન્યાઓની સંખ્યા કુમારો કરતાં ઓછી હોય છે.

કોઠા નં. ૧ (૨)

## સંચાલન વ્યવસ્થાના પ્રકાર પ્રમાણે શિક્ષણ સંસ્થાઓ ૧૯૭૦-૭૧

| સંસ્થાનો પ્રકાર | સરકાર | સ્થાનિક સંસ્થા | યુનિવર્સિટી | અનુદાન મેળવતી | અનુદાન ન મેળવતી | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| યુનિવર્સિટીઓ | ... | ... | ૫ | ... | ... | ૫ |
| સંશોધન સંસ્થાઓ | ૧ | ૧ | ... | ૭ | ૧ | ૧૦ |
| વિનયન અને વિજ્ઞાન કોલેજો | ૧૦ | ... | ૭ | ૧૧૮ | ૪ | ૧૩૯ |
| વ્યવસાયિક અને ખાસ કોલેજો | ૮ | ... | ૧૦ | ૪૮ | ૩૪ | ૧૦૦ |
| માધ્યમિક શાળાઓ | ૭૭ | ૨૦૯ | ... | ૧૯૩૬ | ૪૧ | ૨૨૬૩ |
| પ્રાથમિક શાળાઓ | ૧૮૪ | ૧૯૮૦૭ | ... | ૬૬૧ | ૭૦૩ | ૨૧૩૫૫ |
| સમાજ શિક્ષણ વર્ગો | ... | ૧૧૩૬ | ... | ... | ... | ૧૧૩૬ |
| બીજી શાળાઓ | ૭૨ | ૨૭૯ | ... | ૫૩૬ | ૨૯૯ | ૧૧૮૬ |
| કુલ | ૩૫૨ | ૨૧૪૩૨ | ૨૨ | ૩૩૦૬ | ૧૦૮૨ | ૨૬૧૯૪ |

## કોઠા નં. ૧ (૩)

### બધી શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ

| સંસ્થાનો પ્રકાર | ૧૯૬૯-૭૦ | | | ૧૯૭૦-૭૧ | | | વધારો + કે ઘટાડો— | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | છોકરાઓ | છોકરીઓ | કુલ | છોકરાઓ | છોકરીઓ | કુલ | છોકરાઓ | છોકરીઓ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| યુનિવર્સિટીઓ | ૨૦૧૨ | ૬૬૧ | ૨૬૭૩ | ૧૬૫૧ | ૬૩૧ | ૨૨૮૨ | —૩૬૧ | —૩૦ | —૩૯૧ |
| સંશોધન સંસ્થાઓ | ૧૬૭ | ૯૪ | ૨૬૧ | ૧૭૫ | ૧૦૯ | ૨૮૪ | +૮ | +૧૫ | +૨૩ |
| વિનયન અને વિજ્ઞાન કોલેજો | ૬૩૫૭૦ | ૨૯૦૪૧ | ૯૨૬૧૧ | ૬૨૯૯૧ | ૩૧૩૭૮ | ૯૪૩૬૯ | —૫૭૯ | +૨૩૩૭ | +૧૭૫૮ |
| વ્યાવસાયિક અને ખાસ કોલેજો | ૩૮૬૪૦ | ૩૭૫૮ | ૪૨૩૯૮ | ૪૩૯૪૩ | ૪૭૦૬ | ૪૮૬૪૯ | +૫૩૦૩ | +૯૪૮ | +૬૨૫૧ |
| માધ્યમિક શાળાઓ | ૫૦૮૪૩૦ | ૨૩૮૫૯૫ | ૭૪૭૦૨,૫ | ૫૨૯૪૮૭ | ૨૫૬૩૭૮ | ૭૮૫૮૬૫ | +૨૧૦૫૭ | +૧૭૭૮૩ | +૩૮૮૪૦ |
| પ્રાથમિક શાળાઓ | ૨૦૯૬૧૪૯ | ૧૨૩૨૧૨૨ | ૩૩૨૮૨૭૧ | ૨૧૫૯૪૨૯ | ૧૨૭૯૩૨૪ | ૩૪૩૮૭૫૩ | +૬૩૨૮૦ | +૪૭૨૦૨ | +૧૧૦૪૮૨ |
| સમાજ શિક્ષણ વર્ગો | ૧૮૫૪૪ | ૯૯૬૦ | ૨૮૫૦૪ | ૧૩૬૦૩ | ૮૬૩૧ | ૨૨૨૩૪ | —૪૯૪૧ | —૧૩૨૯ | —૬૨૭૦ |
| બીજી શાળાઓ | ૪૭૩૦૯ | ૩૮૪૪૮ | ૮૫૭૫૭ | ૫૦૩૯૪ | ૩૯૪૯૩ | ૮૯૮૮૭ | +૩૦૮૫ | +૧૦૪૫ | +૪૧૩૦ |
| કુલ | ૨૭,૭૪,૮૨૧ | ૧૫,૫૨,૬૭૯ | ૪૩,૨૭,૫૦૦ | ૨૮,૬૧,૬૭૩ | ૧૬,૨૦,૬૫૦ | ૪૪,૮૨,૩૨૩ | +૮૬,૮૫૨ | +૬૭,૯૭૧ | +૧,૫૪,૮૨૩ |

## કોઠા નં. ૧(૪)

### શિક્ષણ સંસ્થાઓમાં શિક્ષકો

| સંસ્થાનો પ્રકાર | ૧૯૬૯-૭૦ | | | ૧૯૭૦-૭૧ | | | વધારો+ ઘટાડો— | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| યુનિવર્સિટીઓ | ૧૬૧ | ૧૦ | ૧૭૧ | ૧૩૬ | ૧૧ | ૧૪૭ | −૨૫ | +૧ | −૨૪ |
| સંશોધન સંસ્થાઓ | ૯૯ | ૧૩ | ૧૧૨ | ૧૦૮ | ૧૧ | ૧૧૯ | +૯ | −૨ | +૭ |
| વિનયન અને વિજ્ઞાન કોલેજો | ૩૮૮૪ | ૬૫૦ | ૪૫૩૪ | ૩૯૫૨ | ૬૩૭ | ૪૫૮૯ | +૬૮ | −૧૩ | +૫૫ |
| વ્યાવસાયિક અને ખાસ કોલેજો | ૧૭૫૫ | ૧૩૪ | ૧૮૮૯ | ૧૯૮૧ | ૧૫૧ | ૨૧૩૨ | +૨૨૬ | +૧૭ | +૨૪૩ |
| માધ્યમિક શાળાઓ | ૨૨૩૨૬ | ૫૧૧૦ | ૨૭૪૩૬ | ૨૩૪૬૯ | ૫૭૬૦ | ૨૯૨૨૯ | +૧૧૪૩ | +૬૫૦ | +૧૭૯૩ |
| પ્રાથમિક શાળાઓ | ૫૯૨૭૯ | ૨૮૦૭૭ | ૮૭૩૫૬ | ૬૧૫૮૨ | ૩૧૨૧૯ | ૯૨૮૦૧ | +૨૩૦૩ | +૩૧૪૨ | +૫૪૪૫ |
| સમાજ શિક્ષણ વર્ગો | ૭૯૮ | ૨૦૨ | ૧૦૦૦ | ૭૦૭ | ૨૬૫ | ૯૭૨ | −૯૧ | +૬૩ | −૨૮ |
| બીજી શાળાઓ | ૧૯૭૮ | ૧૬૬૭ | ૩૬૪૫ | ૨૦૯૫ | ૧૭૫૪ | ૩૮૪૯ | +૧૧૭ | +૮૭ | +૨૦૪ |
| કુલ | ૯૦૨૮૦ | ૩૫૮૬૩ | ૧૨૬૧૪૩ | ૯૪૦૩૦ | ૩૯૮૦૮ | ૧૩૩૮૩૮ | +૩૭૫૦ | +૩૯૪૫ | +૭૬૯૫ |

કોઠા નં. ૧(૫)

**આવકના સાધનો પ્રમાણે શિક્ષણ પર થતું સીધું ખર્ચ**

| આવકનું સાધન | ૧૯૬૯-૭૦ | કુલ ખર્ચની ટકાવારી | ૧૯૭૦-૭૧ | કુલ ખર્ચની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | રૂપિયા | | રૂપિયા | |
| સરકાર | ૨૯,૭૫,૭૦,૫૩૭ | ૬૧.૩ | ૩૬,૧૮,૩૯,૧૨૦ | ૬૬.૬ |
| જિલ્લા શિક્ષણ સમિતિઓ અને નગર પ્રાથમિક શાળા મંડળો | ૨,૧૦,૧૫,૦૫૮ | ૪.૩ | ૨,૨૩,૦૭,૮૬૬ | ૪.૧ |
| ફી | ૧૧,૬૬,૦૫,૩૫૮ | ૨૪.૦ | ૧૧,૦૭,૦૮,૯૯૫ | ૨૦.૪ |
| બીજા સાધનો | ૫,૦૪,૧૪,૪૨૮ | ૧૦.૪ | ૪,૮૩,૦૧,૬૩૭ | ૮.૯ |
| કુલ | ૪૮,૫૬,૦૫,૩૮૧ | ૧૦૦.૦ | ૫૪,૩૧,૫૭,૬૧૮ | ૧૦૦.૦૦ |

## કોઠા નં. ૧ (૬)

### ગ્રામ વિસ્તારના શિક્ષણ અંગેની માહિતી ૧૯૭૦-૭૧

| સંસ્થાનો પ્રકાર | શૈક્ષણિક સંસ્થા | | | તમામ સંસ્થામાં નોંધાયેલા ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ | | | સંસ્થાઓ અંગે થયેલ ખર્ચ (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| યુનિવર્સિટીઓ | ૧ | ... | ૧ | ૫૨૪ | ૧૧૬ | ૬૪૦ | ૩૪,૦૧,૬૮૭ |
| સંશોધન સંસ્થાઓ | ૨ | ... | ૨ | ૫ | ૬ | ૧૧ | ૪૧,૫૩૯ |
| વિનયન અને વિજ્ઞાન કોલેજો | ૧૨ | ... | ૧૨ | ૨૫૦૧૧ | ૭૦૦૨ | ૩૨૦૧૩ | ૩૮,૮૦,૭૬૬ |
| વ્યાવસાયિક અને ખાસ કોલેજો | ૧૦ | ... | ૧૦ | ૧૩૧૩૧ | ૧૧૯૭ | ૧૪૩૨૮ | ૨૪,૬૬,૪૫૮ |
| માધ્યમિક શાળાઓ | ૧૩૧૨ | ૨૮ | ૧૩૪૦ | ૨૫૧૯૬૨ | ૭૩૫૩૦ | ૩૨૫૪૯૨ | ૬,૦૩,૪૩,૩૯૨ |
| પ્રાથમિક શાળાઓ | ૧૮૨૧૭ | ૫૫૨ | ૧૮૭૬૯ | ૧૫૮૬૮૫૨ | ૮૨૬૯૧૮ | ૨૪૧૩૭૭૦ | ૧૫,૦૪,૩૪,૪૦૧ |
| સમાજ શિક્ષણ વર્ગો | ૫૩૩ | ૨૧૨ | ૭૪૫ | ૧૩૦૪૪ | ૪૫૩૦ | ૧૭૫૭૪ | ૧,૩૫,૩૦૦ |
| બીજી શાળાઓ | ૫૦૬ | ૩૨ | ૫૩૮ | ૧૭૩૨૩ | ૧૪૫૧૨ | ૩૧૮૩૫ | ૩૫,૪૩,૭૦૯ |
| કુલ | ૨૦૫૫૩ | ૮૨૪ | ૨૧૩૭૭ | ૧૯૦૭૮૫૨ | ૯૨૭૮૧૧ | ૨૮૩૫૬૬૩ | ૨૨,૪૨,૪૭,૨૫૨ |

## શૈક્ષણિક કર્મચારીઓ તથા સંઘટન

**શિક્ષણ સેવાઓ માટેની જુદા જુદા પ્રકારની જગ્યાનું ૧૯૭૦-૭૧ના વર્ષ દરમ્યાન સંખ્યાબળ દર્શાવતું પત્રક.**

| **ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧** | **જગ્યાની સંખ્યા** |
|---|---|
| ૧. ડાયરેકટોરેટ ... ... | ૭ |
| ૨. ઈન્સ્પેકટોરેટ ... ... | ૧૬ |
| ૩. તાલીમ સંસ્થા અને બીજી જગ્યાઓ ... | ૧૫ |
| ૪. કોલેજીએટ કેડર ... | ૧૧૫ |
| | ૧૫૩ |
| **ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨** | |
| ૧. ડાયરેકટોરેટ ... ... | ૧૪ |
| ૨. ટીચીંગ ... ... | ૯૭ |
| ૩. ઈન્સ્પેકટીંગ ... ... | ૩૬ |
| ૪. સાયન્સ ... ... | ૨૦ |
| ૫. કોલેજીએટ ... ... | ૨૮૦ |
| | ૪૪૭ |
| **મીસેલીનીયસ એપોઈન્ટમેન્ટ આઉટ સાઈડ રેગ્યુલર કેડર.** | |
| ૧. રાજ્યપત્રિત ... ... | ૧૪ |
| ૨. બિન રાજ્યપત્રિત ... ... | ૩૬ |
| | ૫૦ |
| **ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૩** | |
| ૧. ઈન્સ્પેકટીંગ ... ... | ૧૧૩ |
| ૨. ટીચીંગ કોલેજ ... ... | ૩૯૫ |
| ૩. ટીચીંગ સેકન્ડરી ટ્રેનિંગ કોલેજ ... | ૧૮૩૫ |
| ૪. કલાર્ક ... ... | ૬૨૪ |
| ૫. કોલેજ નોનટીચીંગ ... | ૧૩૫ |
| | ૩૧૦૨ |

બધી જગ્યાઓની કુલ સંખ્યા ૩,૭૫૨.

સને ૧૯૭૦-૭૧ના વર્ષ દરમ્યાન શ્રી પી. આર. ચૌહાણ, આઈ. એ. એસ. શિક્ષણ નિયામકની કચેરીમાં કામગીરી બજાવી રહ્યા હતા. તેમજ શ્રી ઈન્દ્ર વસાવડા, સંયુકત નિયામક અને બીજા ત્રણ નાયબ શિક્ષણ નિયામકો હતા, ઉપરાંત હિસાબી, બજેટ સ્કોલરશીપ અને ઓડીટના કામ માટે હિસાબનીશ અધિકારી ૧ અને ૨ શિક્ષણ નિયામકશ્રીને મદદ કરતા હતા. સંશોધનને લગતા કામ અંગે સંશોધન અધિકારી શિક્ષણ નિયામકશ્રીને મદદ કરતા હતા.

સાયન્સ યુનિટનો એક વિભાગ રાજય શિક્ષણ ભવનમાં શરૂ કરવામાં આવ્યો છે.

કોલેજીએટ જગ્યાઓમાં વર્ગ-૨ની લેકચરરની જગ્યાઓ યુ. જી. સી. ના સ્કેલને કારણે વર્ગ-૧માં અપગ્રેડ કરવામાં આવી. જૂન ૧૯૭૦થી ગાંધીનગરમાં આટર્સ અને કોમર્સ કોલેજ તથા વિજ્ઞાન કોલેજ શરૂ કરવામાં આવી. ભાવનગરની ત્રણ કોલેજો (૧) શામળદાસ આર્ટસ કોલેજ, (૨) પી.પી. ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ અને (૩) એમ. જે. કોલેજ ઓફ કોમર્સ તા. ૧-૬-૬૮થી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને સોંપાઈ જતાં તે કોલેજના સરકારી કર્મચારીઓ જેઓએ સરકારી નોકરીમાં પાછા ફરવા માટે વિકલ્પ આપ્યો હતો તેઓને ગુજરાતની જુદી જુદી કોલેજોમાં સમાવવામાં આવ્યા.

## પ્રકરણ—૩

## પ્રાથમિક શિક્ષણ

### પ્રાથમિક શાળાઓ

૩.૧ કોઠા નં. ૩ (૧) ૧૯૬૯-૭૦ અને ૧૯૭૦-૭૧ના વર્ષમાં રાજયમાં જુદી જુદી વ્યવસ્થા દ્વારા ચલાવવામાં આવતી પ્રાથમિક શાળાઓની સંખ્યા દર્શાવે છે.

આ કોઠો જોતાં દેખાશે કે પ્રાથમિક શાળાની કુલ સંખ્યા ૧૯૬૯-૭૦માં ૨૧,૧૨૦ હતી. તે વધીને ૧૯૭૦-૭૧માં ૨૧,૩૫૫ થઈ. આમાં કુલ શાળાઓની સંખ્યામાં ૨૩૫ નો વધારો થયો છે.

સને ૧૯૭૦-૭૧ના વર્ષમાં ગુજરાતી માધ્યમ દ્વારા શિક્ષણ આપતી પ્રાથમિક શાળાઓની સંખ્યા ૨૦,૯૧૭ હતી તા. ૩૧મી માર્ચ ૧૯૭૧ના રોજ ભાષાવાર જે શાળાઓ હતી, તેનું વર્ગીકરણ કોઠા નં- ૩(૨) માં આપ્યું છે.

૩.૨ સને ૧૯૭૦-૭૧ના વર્ષમાં પ્રાથમિક શાળાઓમાં નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા કોઠા નં. ૩ (૩)માં દર્શાવી છે. આ કોઠો જોતાં જણાશે કે પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૩૧મી માર્ચ ૧૯૭૦ના રોજ ૩૩,૨૮,૨૭૧ હતી તે વધીને હેવાલના વર્ષ અંતે ૩૪,૩૮,૭૫૩ થઈ છે. આ વધારો વિશેષ કરીને જિલ્લા શિક્ષણ સમિતિ અને નગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં થયેલો છે.

૩.૩ સને ૧૯૭૦-૭૧ના વર્ષમાં ધોરણવાર નોંધાયેલ વિદ્યાર્થી સંખ્યા કોઠા ૩(૪)માં આપી છે.

### ફરજિયાત શિક્ષણ

૩(૪) હાલ સમગ્ર રાજયમાં ૭-૧૧ વય જુથના બાળકોને ફરજિયાત શિક્ષણ હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

### પ્રાથમિક શાળાઓમાં પરીક્ષા.

૩(૫) પ્રાથમિક શાળાઓમાં સાત વર્ષનો અભ્યાસક્રમ દર વર્ષે પૂરો કરનાર બાળકો માટે મરજિયાત ધોરણે પ્રાથમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા લેવામાં આવે છે. વર્ષ દરમિયાન ૩૮,૪૯૩ વિદ્યાર્થીઓ શાળાન્તની પરીક્ષામાં બેઠા હતા. તે પૈકી ૧૬,૫૮૮ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા.

૩.(૬) પ્રાથમિક શિક્ષણ પર કુલ સીધું ખર્ચ ૧૯૬૯-૭૦માં રૂા. ૨૦,૮૯,૧૪,૮૫૯ થયું હતું તે વધીને ૧૯૭૦-૭૧માં વર્ષમાં ૨૪,૦૪,૬૨,૭૪૮ થયું હતું એટલે રૂા. ૩,૧૫,૪૭,૮૮૯ નો વધારો થયો હતો. કુલ ખર્ચના ૮૪.૭૦ ટકા ખર્ચ રાજય સરકારની તિજોરીમાંથી કરવામાં આવ્યું હતું. આ માહિતી કોઠા નં. ૩(૫)માં આપવામાં આવી છે.

### શિક્ષકો.

૩(૭) કોઠા નં ૩(૬)માં સળંગ બે વર્ષ દરમ્યાન પ્રાથમિક શાળાઓના તાલીમબદ્ધ અને બિનાતાલીમી શિક્ષકોના તુલનાત્મક આંકડા આપ્યા છે. શિક્ષકોની કુલ સંખ્યા ૧૯૬૯-૭૦માં ૮૭,૩૫૬ હતી તે વધીને ૧૯૭૦-૭૧માં ૯૨,૮૦૧ થઈ હતી. તાલીમ પામેલ શિક્ષકોની સંખ્યા-૧૯૭૦-૭૧માં ૮૩,૪૦૧ હતી જે કુલ શિક્ષકોના ૮૯.૮૭ ટકા હતા.

### બુનિયાદી શિક્ષણ.

૩(૮) ૧૯૭૦-૭૧માં ૨૧,૩૫૫ પ્રાથમિક શાળાઓ હતી જે પૈકી ૫૯૨૯ બુનિયાદી શાળાઓ હતી. બુનિયાદી શાળાઓમાં ૧૫,૪૬,૦૪૫ વિદ્યાર્થીઓ ભણતા હતા અને તે શાળાઓ માટે વર્ષ દરમ્યાન રૂા. ૧૦,૮૭,૪૭,૨૦૫ ખર્ચ થયું હતું.

કોઠા નં. ૩ (૧)

સંચાલન વ્યવસ્થા પ્રમાણે પ્રાથમિક શાળાઓ ૧૯૭૦—૭૧

| સંચાલન વ્યવસ્થા | ૧૯૬૯-૭૦માં પ્રાથમિક શાળાઓની સંખ્યા | | | ૧૯૭૦-૭૧માં પ્રાથમિક શાળાઓની સંખ્યા | | | વધારો+ ઘટાડો— | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | છોકરાઓ માટે | છોકરીઓ માટે | કુલ | છોકરાઓ માટે | છોકરીઓ માટે | કુલ | છોકરાઓ માટે | છોકરીઓ માટે | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| સરકાર ... | ... ૧૬૦ | ૧૪ | ૧૭૪ | ૧૭૨ | ૧૨ | ૧૮૪ | +૧૨ | —૨ | —૧૦ |
| શિક્ષણ સમિતિ/નગર પાલિકા. | ... ૧૮૬૮૭ | ૯૧૧ | ૧૯૫૯૮ | ૧૮૮૯૭ | ૯૧૦ | ૧૯૮૦૭ | +૨૧૦ | —૧ | +૨૦૯ |
| સહાય મેળવતી ખાનગી. | ... ૬૦૮ | ૩૯ | ૬૪૭ | ૬૧૯ | ૪૨ | ૬૬૧ | +૧૧ | +૩ | +૧૪ |
| સહાય ન મેળવતી ખાનગી. | ... ૬૫૯ | ૪૨ | ૭૦૧ | ૬૫૬ | ૪૭ | ૭૦૩ | —૩ | +૫ | +૨ |
| કુલ | ...૨૦૧૧૪ | ૧૦૦૬ | ૨૧૧૨૦ | ૨૦૩૪૪ | ૧૦૧૧ | ૨૧૩૫૫ | +૨૩૦ | +૫ | ૨૩૫ |

કોઠા નં. ૩(૨)

પ્રાથમિક શાળાઓની ભાષાવાર વહેંચણી ૧૯૭૦-૭૧

| ભાષા | પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|
| ગુજરાતી | ... ૨૦૯૧૭ |
| હિન્દી | ... ૭૪ |
| મરાઠી | ... ૬૫ |
| ઉર્દુ | ... ૧૪૮ |
| સિન્ધી | ... ૮૨ |
| અન્ય | ... ૬૯ |
| કુલ | ...૨૧૩૫૫ |

## કોઠા નં. ૩(૩)

### પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની નોંધાયેલ સંખ્યા ૧૯૭૦-૭૧

| સંચાલન વ્યવસ્થા | ૧૯૬૯-૭૦માં વિદ્યાર્થીઓની સંખ્યા | | | ૧૯૭૦-૭૧માં વિદ્યાર્થીઓની સંખ્યા | | | વધારો+ ઘટાડો— | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુમાર શાળામાં | કન્યા શાળામાં | કુલ | કુમાર શાળામાં | કન્યા શાળામાં | કુલ | કુમાર શાળામાં | કન્યા શાળામાં | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| સરકાર ... | ૩૩૦૧૪ | ૩૯૬૬ | ૩૬૯૮૦ | ૩૫૧૮૪ | ૩૪૪૫ | ૩૮૬૨૯ | ૨૧૭૦ | —૫૨૧ | +૧૬૪૯ |
| શિક્ષણ સમિતિ/નગર પાલિકા ... | ૨૬૫૯૮૭૦ | ૩૪૮૪૫૨ | ૩૦૦૮૩૨૨ | ૨૭૪૬૪૧૭ | ૩૫૦૬૬૨ | ૩૦૯૭૦૭૯ | +૮૬૫૪૭ | +૨૨૧૦ | +૮૮૭૫૭ |
| સહાય મેળવતી ખાનગી ... | ૧૨૩૫૩૯ | ૯૭૨૬ | ૧૩૩૨૬૫ | ૧૩૦૦૮૬ | ૧૧૧૪૩ | ૧૪૧૨૨૯ | +૬૫૪૭ | +૧૪૧૭ | +૭૯૬૪ |
| સહાય ન મેળવતી ખાનગી ... | ૧૪૦૦૯૦ | ૯૬૧૪ | ૧૪૯૭૦૪ | ૧૫૦૦૪૨ | ૧૧૭૭૪ | ૧૬૧૮૧૬ | +૯૯૫૨ | +૨૧૬૦ | +૧૨૧૧૨ |
| કુલ ... | ૨૯૫૬૫૧૩ | ૩૭૧૭૫૮ | ૩૩૨૮૨૭૧ | ૩૦૬૧૭૨૯ | ૩૭૭૦૨૪ | ૩૪૩૮૭૫૩ | +૧૦૫૨૧૬ | +૫૨૬૬ | +૧૧૦૪૮૨ |

કોઠા નં. ૩ (૪)

પ્રાથમિક શાળામાં ધોરણ પ્રમાણે નોંધણી ૧૯૭૦-૭૧

| ધોરણ | નોંધણી | | | કુલ પ્રવેશ સંખ્યા સાથે ટકાવારી | | |
|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૭,૪૧,૫૭૫ | ૪,૭૫,૫૩૫ | ૧૨,૧૭,૧૧૦ | ૩૪.૩ | ૩૭.૨ | ૩૫.૪ |
| ૨ | ૩,૮૩,૫૯૦ | ૨,૩૦,૬૪૯ | ૬,૧૪,૨૩૯ | ૧૭.૮ | ૧૮.૧ | ૧૭.૯ |
| ૩ | ૩,૦૧,૯૨૨ | ૧,૭૬,૭૫૪ | ૪,૭૮,૬૭૬ | ૧૩.૯ | ૧૩.૧ | ૧૩.૯ |
| ૪ | ૨,૬૭,૨૯૧ | ૧,૫૨,૭૯૩ | ૪,૨૦,૦૮૪ | ૧૨.૪ | ૧૧.૯ | ૧૨.૨ |
| ૫ | ૨,૦૦,૫૫૨ | ૧,૦૬,૦૪૧ | ૩,૦૬,૫૯૩ | ૯.૩ | ૮.૯ | ૮.૯ |
| ૬ | ૧,૫૦,૧૮૪ | ૭૮,૫૬૩ | ૨,૨૮,૭૪૭ | ૬.૯ | ૬.૨ | ૬.૬ |
| ૭ | ૧,૧૪,૩૧૫ | ૫૮,૯૮૯ | ૧,૭૩,૩૦૪ | ૫.૪ | ૪.૬ | ૫.૧ |
| કુલ | ૨૧,૫૯,૪૨૯ | ૧૨,૭૯,૩૨૪ | ૩૪,૩૮,૭૫૩ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

કોઠા નં. ૩(૫)

પ્રાથમિક શિક્ષણ માટે કુલ સીધું ખર્ચ ૧૯૭૦-૭૧

| | ૧૯૬૯-૭૦ | ૧૯૭૦-૭૧ |
|---|---|---|
| સરકારી ફંડમાંથી ... ... ... | ૧૭,૬૦,૫૧,૨૪૫ | ૨૦,૩૮,૯૦,૨૫૦ |
| લોકલ બોર્ડ ફંડમાંથી ... ... ... | ૧,૭૪,૫૬,૯૨૭ | ૧,૯૪,૨૬,૨૬૯ |
| ફીમાંથી ... ... ... | ૧,૧૦,૯૦,૮૯૫ | ૧,૨૩,૨૨,૭૫૭ |
| અન્યમાંથી ... ... ... | ૪૩,૧૫,૭૯૨ | ૪૮,૨૩,૪૭૨ |
| કુલ ... | ૨૦,૮૯,૧૪,૮૫૯ | ૨૪,૦૪,૬૨,૭૪૮ |

કોઠા નં. ૩ (૬)

પ્રાથમિક શાળામાં શિક્ષકો ૧૯૭૦-૭૧

| વર્ષ | તાલીમબદ્ધ શિક્ષકો | | | બિન તાલીમ શિક્ષકો | | | કુલ શિક્ષકો | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૯૬૯-૭૦ ... ... | ૫૨૭૫૭ | ૨૩૨૧૦ | ૭૫૯૬૭ | ૬૫૫૨ | ૪૮૬૭ | ૧૧૩૮૯ | ૫૯૨૭૯ | ૨૮૦૭૭ | ૮૭૩૫૬ |
| ૧૯૭૦-૭૧ ... | ૫૬૬૫૧ | ૨૬૭૫૦ | ૮૩૪૦૧ | ૪૯૩૧ | ૪૪૬૯ | ૯૪૦૦ | ૬૧૫૮૨ | ૩૧૨૧૯ | ૯૨૮૦૧ |

## પ્રાથમિક શિક્ષણ ૧૯૭૦–૭૧

| અનુ. નંબર | જિલ્લાનું નામ | સંસ્થાઓ | વિદ્યાર્થીઓ | શિક્ષકો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | અમદાવાદ ... ... ... | ૧૬૨૬ | ૪૦૬૬૦૧ | ૧૧૬૫૯ |
| ૨. | અમરેલી ... ... ... | ૬૮૦ | ૧૩૨૬૯૦ | ૩૧૬૪ |
| ૩. | કચ્છ ... ... ... | ૮૦૮ | ૯૫૯૦૯ | ૨૬૩૪ |
| ૪. | ખેડા ... ... ... | ૧૭૨૮ | ૩૨૭૩૮૪ | ૮૮૨૬ |
| ૫. | જામનગર ... ... ... | ૮૪૪ | ૧૩૮૩૬૯ | ૩૭૮૯ |
| ૬. | જુનાગઢ ... ... ... | ૧૦૯૦ | ૨૦૪૧૩૪ | ૫૩૧૩ |
| ૭. | ડાંગ ... ... ... | ૩૧૩ | ૧૪૬૮૮ | ૪૭૯ |
| ૮. | પંચમહાલ ... ... ... | ૧૯૨૧ | ૧૮૯૯૬૯ | ૫૨૫૪ |
| ૯. | બનાસકાંઠા ... ... ... | ૧૩૩૦ | ૧૦૬૭૭૯ | ૨૮૧૫ |
| ૧૦. | ભરૂચ ... ... ... | ૧૧૬૯ | ૧૬૨૪૪૦ | ૪૩૯૧ |
| ૧૧. | ભાવનગર ... ... ... | ૧૧૦૩ | ૧૮૦૪૪૨ | ૪૭૭૦ |
| ૧૨. | મહેસાણા ... ... ... | ૧૩૩૬ | ૨૭૧૭૩૮ | ૬૮૭૩ |
| ૧૩. | રાજકોટ ... ... ... | ૧૦૬૧ | ૨૨૫૯૬૫ | ૬૦૨૬ |
| ૧૪. | વડોદરા ... ... ... | ૧૬૪૧ | ૨૪૮૮૪૪ | ૭૦૦૨ |
| ૧૫. | વલસાડ ... ... ... | ૧૨૩૧ | ૨૦૭૪૯૫ | ૫૫૬૩ |
| ૧૬. | સાબરકાંઠા ... ... ... | ૧૩૭૮ | ૧૫૯૫૩૮ | ૪૨૬૬ |
| ૧૭. | સુરત ... ... ... | ૧૨૯૮ | ૨૩૧૧૪૯ | ૬૫૮૫ |
| ૧૮. | સુરેન્દ્રનગર ... ... ... | ૬૮૧ | ૧૦૭૭૩૮ | ૨૬૨૧ |
| ૧૯. | ગાંધીનગર ... ... ... | ૧૧૭ | ૨૬૮૮૧ | ૭૭૧ |
| | કુલ ... | ૨૧,૩૫૫ | ૩૪,૩૮,૭૫૩ | ૯૨,૮૦૧ |

## પ્રકરણ — ૪

## માધ્યમિક શિક્ષણ

૪.૧. કોઠા ૪.૧માં વ્યવસ્થાપક મંડળો પ્રમાણે વર્ગીકૃત માધ્યમિક શાળાઓની સંખ્યાની તુલના કરવામાં આવી છે.

કોઠા નં. ૪(૧)

| સંચાલન | ૧૯૬૯–૭૦ | | | ૧૯૭૦–૭૧ | | | –ઘટાડો +વધારો | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુમારો માટે | કન્યાઓ માટે | કુલ | કુમારો માટે | કન્યાઓ માટે | કુલ | કુમારો માટે | કન્યાઓ માટે | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| સરકાર | ૬૭ | ૧૧ | ૭૮ | ૬૬ | ૧૧ | ૭૭ | --૧ | ... | --૧ |
| સ્થાનિક સંસ્થા | ૧૭૬ | ૨૦ | ૧૯૬ | ૧૮૮ | ૨૧ | ૨૦૯ | +૧૨ | +૧ | +૧૩ |
| સહાય મેળવતી ખાનગી | ૧૬૨૧ | ૧૬૪ | ૧૭૮૫ | ૧૭૬૩ | ૧૭૩ | ૧૯૩૬ | +૧૪૨ | +૯ | +૧૫૧ |
| સહાય ન મેળવતી | ૨૬ | ૭ | ૩૩ | ૩૪ | ૭ | ૪૧ | +૮ | ... | +૮ |
| કુલ | ૧૮૯૦ | ૨૦૨ | ૨૦૯૨ | ૨૦૫૧ | ૨૧૨ | ૨૨૬૩ | +૧૬૧ | +૧૦ | +૧૭૧ |

ઉપરોક્ત કોઠા પરથી જણાશે કે માધ્યમિક શાળાઓની કુલ સંખ્યા ૧૯૬૯–૭૦માં ૨૦૯૨ હતી તે વધીને ૧૯૭૦–૭૧માં ૨૨૬૩ થઈ. આ પ્રમાણે માધ્યમિક શાળાઓની કુલ સંખ્યામાં ૧૭૧નો વધારો નોંધાયો હતો. પરંતુ સરકારી શાળાઓની વ્યવસ્થા ખાનગી વ્યવસ્થાપક મંડળો અગર બોર્ડને સોંપવાની સરકારી નીતિ હોતાં સરકારી શાળાની સંખ્યામાં એકનો ઘટાડો થયો છે. ૨૨૬૩ શાળાઓ પૈકી ૧૩૬ વિવિધલક્ષી શાળાઓ હતી. આ શાળાઓમાં સામાન્ય શિક્ષણ ઉપરાંત જુદા જુદા અભ્યાસક્રમો જેવાં કે ખેતીવાડી, ગૃહવિજ્ઞાન, વાણિજ્ય, તેમજ ટેકનિકલ વિષયો શીખવાડવામાં આવે છે.

### માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ

૪.૨. કોઠા નં. ૪.૨ હેવાલના વર્ષના ૩૧મી માર્ચના રોજ માધ્યમિક શાળામાં નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યાની સરખામણી આગલા વર્ષની તે તારીખે રહેલી સંખ્યા સાથે બતાવે છે.

આ ઉપરથી જણાશે કે હેવાલના વર્ષ દરમ્યાન માધ્યમિક શાળામાં ભણતા વિદ્યાર્થીની સંખ્યા જે ૧૯૬૯–૭૦માં ૭,૪૭,૦૨૫ હતી તે વધીને ૭,૮૫,૮૬૫ થઈ એટલે ૩૮૮૪૦નો વધારો થવા પામ્યો હતો.

કોઠા નં. ૪.૩

ગ્રામ વિસ્તારમાં આવેલી માધ્યમિક શાળાઓ. (૧૯૭૦–૭૧)

| માધ્યમિક શાળાઓની સંખ્યા | | | માધ્યમિક શાળાઓમાં ભણતા-વિદ્યાર્થીની સંખ્યા. | | | શાળાદીઠ, સરેરાશ વિદ્યાર્થીઓની સંખ્યા. | |
|---|---|---|---|---|---|---|---|
| શહેરી વિસ્તાર | ગ્રામ વિસ્તાર | કુલ | શહેરી વિસ્તાર | ગ્રામ વિસ્તાર | કુલ | શહેરી વિસ્તાર | ગ્રામ વિસ્તાર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯૨૩ | ૧૩૪૦ | ૨,૨૬૩ | ૪ ૬૦,૩૭૩ | ૩,૨૫,૪૯૨ | ૭,૮૫,૮૬૫ | ૪૯૯ | ૨૪૩ |

૪.૩ હેવાલના વર્ષ દરમિયાન કુલ ૨૨૬૩ માધ્યમિક શાળાઓ પૈકી ૯૨૩ શાળાઓ શહેરી વિસ્તારમાં હતી. શહેરી વિસ્તારમાં આવેલી માધ્યમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા ગત વર્ષમાં ૪૩૪૧૬૫ હતી તે હેવાલના વર્ષ અંગે ૪૬૦૩૭૩ થઇ, ગ્રામ વિસ્તારમાં પણ વિદ્યાર્થીઓની સંખ્યા ૩૧૨૮૬૦ થી વધીને ૧૯૭૦-૭૧ના અંતે ૩૨૫૪૯૨ થઇ. આ પ્રમાણે વર્ષ દરમિયાન ૧૨૬૩૨ વિદ્યાર્થીઓનો વધારો નોંધાયો હતો. ગ્રામ વિસ્તારમાં પણ શિક્ષણ માટે જાગૃતિ આવી છે. કારણ કે વર્ષ દરમિયાન ગ્રામ વિસ્તારમાં મોટા ભાગની નવી શાળાઓ ઉઘાડવામાં આવી હતી. વર્ષ દરમિયાન શહેરી અને ગ્રામ વિસ્તારમાં માધ્યમિક શાળાઓમાં જતાં વિદ્યાર્થીઓની સરાસરી સંખ્યા ૪૯૯ અને ૨૪૩ અનુક્રમે રહી હતી.

**માધ્યમિક શાળાઓમાં શિક્ષકો.**

૪.૪ કોઠા નં. ૪.૪માં માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની માહિતી આપી છે.

આ ઉપરથી જણાશે કે ૧૯૬૯-૭૦માં માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની કુલ સંખ્યા ૨૭૪૩૬ હતી તે વધીને ૨૯૨૨૯ થતાં ૧૭૯૩નો વધારો થયો હતો. વર્ષ દરમિયાન શિક્ષક દીઠ વિદ્યાર્થીઓની સરાસરી સંખ્યા ૨૭ હતી ૨૯૨૨૯ શિક્ષકો પૈકી ૨૩૫૦૭ શિક્ષકો તાલીમ પામેલા હતા. આમ સને ૧૯૬૯-૭૦માં તાલીમ પામેલ શિક્ષકો ૨૧૧૫૮ હતા તે વધીને હેવાલ હેઠળના વર્ષમાં ૨૩૫૦૭ થયા.

**માધ્યમિક શિક્ષણ પર ખર્ચ.**

૪.૫ નીચેના કોઠામાં ૧૯૭૦-૭૧ના વર્ષ દરમિયાન માધ્યમિક શિક્ષણ પર થયેલું ખર્ચ સાધનવાર દર્શાવાયું છે.

**કોઠા નં. ૪.૫**

**માધ્યમિક શિક્ષણ પર ખર્ચ ૧૯૭૦-૭૧**

| સાધન | ખર્ચ રૂા. | કુલ ખર્ચની ટકાવારી |
|---|---|---|
| સરકારી ફંડ | ૯,૭૨,૫૧,૭૩૪ | ૬૨.૪૩ |
| સ્થાનિક સંસ્થા ફંડ | ૧૨,૦૩,૯૦૦ | ૭.૭૮ |
| ફી | ૪,૭૪,૮૪,૧૪૦ | ૩૦.૪૮ |
| બીજા સાધનો | ૯૮,૨૯,૨૦૪ | ૬.૩૧ |
| | ૧૫,૫૭,૬૮,૯૭૮ | ૧૦૦.૦૦ |

**૪.૬ કન્યા કેળવણી.**

શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ નં. એસએસએન/૩૪૬૯-જી તા. ૨-૮-૬૯થી કન્યાઓ માટે મફત કેળવણી કરવા અંગેના હુકમો કરવામાં આવ્યા છે. જે પ્રમાણે તા. ૧-૯-૬૯થી માધ્યમિક શાળાઓના ધો. ૮ અને ૯માં કન્યાઓ માટેની શિક્ષણ ફી સરકારે નિયત કરેલ દરોએ આપવી. આ ફીના દરો નીચે પ્રમાણે છે.

| | ધોરણ ૮ | ધોરણ ૯ | ધોરણ ૧૦ | ધોરણ ૧૧ |
|---|---|---|---|---|
| | રૂા. | રૂા. | રૂા. | રૂા. |
| ૧. અમદાવાદ શહેર | ૭.૦૦ | ૭.૫૦ | ૮.૦૦ | ૮.૫૦ |
| ૨. ૧ લાખથી વધુ વસતી વાળા શહેરો માટે | ૬.૦૦ | ૬.૫૦ | ૭.૦૦ | ૭.૫૦ |
| ૩. અન્ય વિસ્તારો માટે | ૫.૦૦ | ૫.૫૦ | ૬.૦૦ | ૬.૫૦ |

ઉપર જણાવેલ દરે કન્યાઓ માટેની શિક્ષણ ફી સરકાર તરફથી ત્રિમાસિક હપ્તામાં અગાઉથી આપવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૧૯૭૦-૭૧ થી ધો. ૧૦ અને શૈક્ષણિક વર્ષ ૧૯૭૧-૭૨ થી ધો. ૧૧માં કન્યાઓ માટે મફત શિક્ષણ આપવાનું ઠરાવવામાં આવ્યું છે. એટલે ૧૯૭૧-૭૨માં એસ. એસ. સી. સુધીનું કન્યાઓ માટેનું શિક્ષણ મફત થશે.

### ૪.૭ બિનસરકારી માધ્યમિક શાળાઓને ગ્રાન્ટ આપવાની પધ્ધતિમાં ફેરફાર.

શાળાને જે વર્ષમાં ગ્રાન્ટ ચૂકવવામાં આવે છે તે જ વર્ષ માટેની ગ્રાન્ટ હોય છે અને તે આગલા વર્ષ દરમિયાન કરેલા ખર્ચ પર આધારીત હોય છે. શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ નં. એસએસએન/૧૦૬૯/૮૦૭૧૯-જી તા. ૨૬-૩-૭૦ થી સરકાર-શ્રીએ ઠરાવ્યું છે કે ૧૯૭૦-૭૧ થી બિનસરકારી માધ્યમિક શાળાઓને તે જ વર્ષના અંદાજી ખર્ચ અને આવક ઉપર નિભાવ ગ્રાન્ટ ચૂકવવી. આ હુકમોને અનુસરીને ૧૯૭૦-૭૧ થી જે તે વર્ષના અંદાજી ખર્ચ અને આવક ઉપર નિભાવ ગ્રાન્ટ ચુકવવામાં આવે છે. અને પછીના વર્ષે તેનું એડજેસ્ટમેન્ટ કરવામાં આવે છે.

### ૪.૮. ઉત્તર બુનિયાદી શિક્ષણ

૧૯૭૦-૭૧માં માધ્યમિક શિક્ષણ આપતી ૯૦ ઉત્તર બુનિયાદી શાળાઓ હતી. આ પૈકીની ૭૦ શાળાઓ એસ. એસ.સી. સુધીનું શિક્ષણ આપતી હતી. આ શાળાઓમાં ૯૭૫૩ વિદ્યાર્થીઓ ભણતાં હતાં. આ શાળાઓમાં શિક્ષકોની સંખ્યા ૫૪૮ની હતી. આ શાળાઓ રહેઠાણ સાથેની સંસ્થાઓ તરીકે ગ્રામ વિસ્તારમાં કામ કરે છે.

No-57-11

## કોઠા નં. ૪(૨)

### માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની સંખ્યા ૧૯૭૦–૭૧

| સંચાલન | ૧૯૬૯-૭૦ | | | ૧૯૭૦-૭૧ | | | વધારો+ ઘટાડો– | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુમારો માટે | કન્યાઓ માટે | કુલ | કુમારો માટે | કન્યાઓ માટે | કુલ | કુમારો માટે | કન્યાઓ માટે | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧. સરકાર ... ... | ૩૦૪૪૧ | ૮૪૫૮ | ૩૮૮૯૯ | ૩૦૩૫૯ | ૮૭૩૨ | ૩૯૦૯૧ | –૮૨ | +૨૭૪ | +૧૯૨ |
| ૨. સ્થાનિક સંસ્થા ... ... | ૪૬૪૪૨ | ૯૦૯૮ | ૫૫૫૪૦ | ૪૮૪૮૯ | ૧૦૦૯૧ | ૫૮૫૮૦ | +૨૦૪૭ | +૯૯૩ | +૩૦૪૦ |
| ૩. સહાય મેળવતી ખાનગી ... ... | ૫૬૯૫૬૯ | ૭૫૭૪૪ | ૬૪૫૩૧૩ | ૫૯૯૬૨૫ | ૮૧૩૮૬ | ૬૮૧૦૧૧ | +૩૦૦૫૬ | +૫૬૪૨ | +૩૫૬૯૮ |
| ૪. સહાયન મેળવતી ખાનગી ... | ૫૦૪૮ | ૨૨૨૫ | ૭૨૭૩ | ૪૮૯૩ | ૨૨૯૦ | ૭૧૮૩ | –૧૫૫ | +૬૫ | –૯૦ |
| કુલ ... | ૬૫૧૫૦૦ | ૯૫૫૨૫ | ૭૪૭૦૨૫ | ૬૮૩૩૬૬ | ૧૦૨૪૯૯ | ૭૮૫૮૬૫ | +૩૧૮૬૬ | +૬૯૭૦ | +૩૮૮૪૦ |

## કોઠા નં. ૪ (૪)

### માધ્યમિક શાળાના શિક્ષકો, ૧૯૭૦–૭૧

| સંચાલન | શિક્ષકોની કુલ સંખ્યા | | | તાલીમબધ્ધ શિક્ષકોની કુલ સંખ્યા | | | શિક્ષકદીઠ વિદ્યાર્થીઓની સરેરાશ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. સરકારી | ૧૧૯૪ | ૨૯૬ | ૧૪૯૦ | ૧૦૩૧ | ૨૬૩ | ૧૨૯૪ | ૨૬ |
| ૨. સ્થાનિક સંસ્થાઓ | ૧૮૮૭ | ૩૫૭ | ૨૨૪૪ | ૧૨૨૫ | ૨૩૦ | ૧૪૫૫ | ૨૬ |
| ૩. સહાય મેળવતી ખાનગી | ૨૦૧૪૮ | ૪૯૫૦ | ૨૫૦૯૮ | ૧૬૬૬૪ | ૩૮૩૪ | ૨૦૪૯૮ | ૨૭ |
| ૪. સહાય ન મેળવતી ખાનગી | ૨૪૦ | ૧૫૭ | ૩૯૭ | ૧૫૫ | ૧૦૫ | ૨૬૦ | ૧૮ |
| એકંદર કુલ ૧૯૭૦–૭૧ | ૨૩૪૬૯ | ૫૭૬૦ | ૨૯૨૨૯ | ૧૯૦૭૫ | ૪૪૩૨ | ૨૩૫૦૭ | ૨૭ |
| એકંદર કુલ ૧૯૬૯–૭૦ | ૨૨૩૨૬ | ૫૧૧૦ | ૨૭૪૩૬ | ૧૭૩૦૬ | ૩૮૫૨ | ૨૧૧૫૮ | ૨૭ |
| વધારો+ કે ઘટાડો– | +૧૧૪૩ | +૬૫૦ | +૧૭૯૩ | +૧૭૬૯ | +૫૮૦ | +૨૩૪૯ | – |

## માધ્યમિક શિક્ષણ ૧૯૭૦–૭૧

| અનુ. | જિલ્લાનું નામ | સંસ્થાઓ | વિદ્યાર્થીઓ | શિક્ષકો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | અમદાવાદ | ૨૮૯ | ૧,૪૬,૧૩૦ | ૪૮૯૧ |
| ૨. | અમરેલી | ૪૩ | ૧૨,૩૩૦ | ૪૬૫ |
| ૩. | કચ્છ | ૬૨ | ૧૨,૬૨૧ | ૫૦૬ |
| ૪. | ખેડા | ૨૫૯ | ૧,૦૭,૧૫૨ | ૩૯૦૭ |
| ૫. | જામનગર | ૭૯ | ૨૨,૭૩૬ | ૮૭૫ |
| ૬. | જુનાગઢ | ૧૦૬ | ૨૮,૭૫૭ | ૧૦૯૫ |
| ૭. | ડાંગ | ૩ | ૩૮૭ | ૨૦ |
| ૮. | પંચમહાલ | ૧૨૪ | ૩૭,૮૦૦ | ૧૪૮૭ |
| ૯. | બનાસકાંઠા | ૪૮ | ૧૧,૮૪૩ | ૪૮૨ |
| ૧૦. | ભરૂચ | ૧૧૨ | ૩૧,૮૪૬ | ૧૨૬૯ |
| ૧૧. | ભાવનગર | ૯૮ | ૨૯,૩૨૬ | ૧૧૪૫ |
| ૧૨. | મહેસાણા | ૨૨૭ | ૭૫,૭૦૨ | ૨૭૮૨ |
| ૧૩. | રાજકોટ | ૧૩૦ | ૪૬,૯૨૯ | ૧૮૯૦ |
| ૧૪. | વડોદરા | ૧૯૯ | ૬૯,૯૩૨ | ૨૬૨૨ |
| ૧૫. | વલસાડ | ૧૨૦ | ૪૪,૫૮૧ | ૧૬૫૯ |
| ૧૬. | સાબરકાંઠા | ૧૬૦ | ૪૦,૨૯૬ | ૧૫૨૫ |
| ૧૭. | સુરત | ૧૨૯ | ૪૮,૧૬૫ | ૧૮૭૭ |
| ૧૮. | સુરેન્દ્રનગર | ૫૩ | ૧૪,૨૫૫ | ૫૨૧ |
| ૧૯. | ગાંધીનગર. | ૨૨ | ૫૦૭૭ | ૨૧૧ |
| | કુલ | ૨૨૬૩ | ૭,૮૫,૮૬૫ | ૨૯,૨૨૯ |

## પ્રકરણ–૫

### ઉચ્ચ શિક્ષણ

**યુનિવર્સિટીઓ.**

૫. ૧. સને ૧૯૭૦-૭૧માં (૧) ગુજરાત યુનિ., અમદાવાદ, (૨) એમ. એસ. યુનિ., વડોદરા (૩) સરદાર પટેલ યુનિ., વલ્લભ વિદ્યાનગર, (૪) દક્ષિણ ગુજરાત યુનિ., સુરત (૫) સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ એમ પાંચ વૈધાનિક યુનિ. કામ કરતી હતી. રાજ્યમાં મહિલા કોલેજોને જોડાણ આપવા માટે રાજ્ય સરકારે એસ. એન. ડી. ટી. મહિલા યુનિ. ને માન્ય રાખી છે. વળી હેવાલના વર્ષ દરમિયાન ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદમાંની લીધેલ (ડીમ્ડ) યુનિ. તરીકે કામ કરતી હતી.

હેવાલના વર્ષ દરમિયાન રાજ્યમાં આવેલી યુનિ.ઓને નીચે જણાવ્યા મુજબ કુલ રૂા. ૮૯,૮૫,૨૧૪ની બ્લોક અને એડીશનલ બ્લોક ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલી.

| યુનિ.નું નામ | બ્લોક ગ્રાન્ટ અને એડીશનલ ગ્રાન્ટ<br>રૂા. |
|---|---|
| ૧. એમ. એસ. યુનિ., વડોદરા | ૪૪,૨૦,૦૯૦ |
| ૨. સરદાર પટેલ યુનિ., વલ્લભ વિદ્યાનગર | ૧૩,૦૬,૫૨૯ |
| ૩. ગુજરાત યુનિવર્સિટી., અમદાવાદ | ૧૦,૬૮,૫૯૫ |
| ૪. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ | ૨,૩૨,૧૦૬ |
| ૫. સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ | ૧૧,૦૦,૦૦૦ |
| ૬. દક્ષિણ ગુજરાત યુનિ., સુરત | ૧૦,૯૦,૦૦૦ |

જ્યારે સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટને ભાવનગરની ત્રણ સરકારી કોલેજોના સંચાલન અંગે તદર્થ ગ્રાન્ટ રૂા. ૧૨,૨૭,૫૫૦ મંજૂર કરવામાં આવેલ છે. આ ઉપરાંત હેવાલ હેઠળના વર્ષ દરમિયાન યુનિ. ગ્રાન્ટ કમિશને માન્ય રાખી હોય તેવી તેની વિકાસ યોજનાઓ પરત્વે યુનિ.ઓને આવર્તક ખર્ચ અને અનાવર્તક ખર્ચ ઉપર રૂા. ૧૫,૩૭,૭૦૦ મેચીંગ ગ્રાન્ટ ચૂકવવામાં આવી હતી.

હેવાલ નીચેના અને તે પહેલાના વર્ષ દરમિયાન વૈધાનિક યુનિ.ઓનું સીધું કુલ ખર્ચ સાધન પ્રમાણે નીચેના કોઠામાં દર્શાવ્યું છે :

કોઠા નં. ૫(૨)

| વર્ષ/સાધન | સરકારનું ફંડ | ફીની આવકમાંથી | અન્ય સાધનો | કુલ |
|---|---|---|---|---|
| ૧૯૬૯-૭૦ | ૧,૦૧,૦૭,૧૪૨ | ૧,૧૮,૪૬,૨૪૫ | ૧,૧૧,૧૯,૮૫૩ | ૩,૩૦,૭૩,૨૪૦ |
| ૧૯૭૦-૭૧ | ૧,૫૮,૦૪,૩૮૮ | ૧,૧૪,૭૫,૯૩૧ | ૧,૩૩,૪૮,૧૯૫ | ૪,૦૬,૨૮,૫૧૪ |

**૫.(૨) સંશોધન સંસ્થાઓ.**

૧૯૭૦-૭૧ના વર્ષ દરમિયાન કુલ દશ સંશોધન સંસ્થાઓ હતી જેમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૨૮૪ હતી. (૧૭૫ પુરુષ અને ૧૦૯ સ્ત્રી)

હેવાલના વર્ષ દરમિયાન સંશોધન સંસ્થાઓનું સીધું ખર્ચ નીચેના કોઠામાં દર્શાવ્યું છે:—

કોઠા નં. ૫ (૩)

| વર્ષ/સાધન | સરકારનું ફંડ | બોર્ડ ફંડ | ફી | અન્ય સાધનો | કુલ |
|---|---|---|---|---|---|
| ૧૯૬૯-૭૦ | ૨૫,૦૦,૨૭૨ | ૪,૫૫,૪૬૩ | ૧,૪૩,૯૫૮ | ૪,૫૪,૧૧૩ | ૩૫,૫૩,૮૦૬ |
| ૧૯૭૦-૭૧ | ૨૮,૦૨,૨૪૭ | ૭,૪૦,૯૬૭ | ૧,૪૯,૦૭૯ | ૩,૫૯,૨૪૦ | ૪૦,૫૧,૫૩૩ |

**સંસ્થાઓ અને વિદ્યાર્થીઓ**

કોઠા નં. ૫:(૧) માં ૧૯૬૦-૭૦ અને ૧૯૭૦-૭૧ ના વર્ષ દરમિયાન ઉચ્ચ શિક્ષણ માટેની સંસ્થાઓની સંખ્યાના અને તેમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સંખ્યાના તુલનાત્મક આંકડા આપ્યા છે.

**સામાન્ય શિક્ષણ માટેની કોલેજો**

**વિનયન અને વિજ્ઞાનની કોલેજો.**

૫.૩. વિનયન અને વિજ્ઞાનની કોલેજોની સંખ્યા જે આગળના વર્ષમાં ૧૩૩ હતી અને તે વધીને હેવાલના વર્ષમાં ૧૩૯ થઈ છે. વિદ્યાર્થીઓની સંખ્યા ૯૨,૬૧૧ હતી તે વધીને ૯૪,૩૬૯ થઈ છે. આ કોલેજોમાં વિદ્યાર્થીનીઓની કુલ સંખ્યા ૩૧,૩૭૮ હતી જે કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ૩૩.૧ ટકા થાય છે.

હેવાલના વર્ષ દરમિયાન વિનયન અને વિજ્ઞાન કોલેજોના ખર્ચના આંકડા નીચે કોઠા નં. ૫:(૪)માં આપ્યા છે:—

કોઠા નં. ૫ (૪)

| વર્ષ/સાધન | સરકારી ફંડ | ફી | અન્ય સાધનો | કુલ |
|---|---|---|---|---|
| ૧૯૬૯-૭૦ | ૧,૦૭,૪૭,૨૪૬ | ૨,૫૩,૭૯,૫૫૫ | ૭૭,૬૦,૫૫૭ | ૪,૩૮,૮૭,૩૫૮ |
| ૧૯૭૦-૭૧ | ૧,૩૫,૬૧,૭૪૨ | ૨,૫૪,૬૨,૯૩૮ | ૧,૧૦,૫૧,૨૧૬ | ૫,૦૦,૭૫,૮૯૬ |

કુલ ખર્ચના ૫૦.૧ ટકા જેટલી ફીની આવક હતી.

વ્યવસાયિક અને ખાસ કોલેજો

૧૯૬૯-૭૦માં વ્યવસાયિક અને ખાસ કોલેજોની સંખ્યા ૮૩ હતી તે વધીને હેવાલના વર્ષ અંતે ૧૦૦ થઇ. આ પૈકી ૭ એન્જીનીયરીંગ કોલેજો હતી. ૧૯૭૦-૭૧ના વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓની સંખ્યા ૪૮,૬૪૯ થઇ. કોઠા નં. ૫ (૫)માં કોલેજો અંગેની વિગત દર્શાવી છે.

કોઠા નં. ૫ (૫)

વ્યવસાયિક કોલેજો

| વર્ષ | શિક્ષણની કોલેજો | | વાણિજ્ય કોલેજો | | કાયદાની કોલેજો | | એન્જીનીયરીંગ | | બીજી વ્યવસાયિક | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | વિદ્યાર્થી | સંખ્યા | વિદ્યાર્થી | સંખ્યા | વિદ્યાર્થી | સંખ્યા | વિદ્યાર્થી | સંખ્યા | વિદ્યાર્થી | સંખ્યા | વિદ્યાર્થી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧૯૭૦-૭૧ | ૨૮ | ૩૭૨૨ | ૩૫ | ૨૮,૩૬૮ | ૧૭ | ૬૩૩૨ | ૭ | ૭૯૪૨ | ૮ | ૧૭૩૬ | ૯૫ | ૪૮,૧૦૦ |

કોઠા નં. ૫ (૬)

વ્યવસાયિક કોલેજોનું ખર્ચ

| વર્ષ/સાધન | સરકારનું ફંડ | ફી | અન્ય સાધનો | કુલ |
|---|---|---|---|---|
| ૧૯૬૯-૭૦ | ૧,૧૯,૧૮,૭૩૭ | ૯૨,૫૦,૦૪૮ | ૪૨,૧૪,૯૦૨ | ૨,૫૩,૮૩,૬૮૭ |
| ૧૯૭૦-૭૧ | ૧,૨૭,૪૦,૨૧૭ | ૧,૧૦,૨૭,૪૦૯ | ૫૫,૦૬,૯૭૨ | ૨,૯૨,૭૪,૫૯૮ |

ખાસ સંસ્થાઓ.

૫.૫ સને ૧૯૭૦-૭૧માં વિશિષ્ટ શિક્ષણ માટેની પાંચ સંસ્થાઓ હતી. જેમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૫૪૯ હતી. જેની વિગત કોઠા ૫ (૭)માં આપી છે. હેવાલ નીચેના વર્ષ દરમિયાન સંસ્થાઓનું સાધનવાર ખર્ચ કોઠા નં. ૫ (૮)માં આપ્યું છે.

કોઠા નં. ૫ (૭)

ખાસ શિક્ષણ માટેની સંસ્થામાં નોંધણી.

| ક્રમ | કોલેજ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | ઓરીએન્ટલ ઇન્સ્ટી., વડોદરા | ૧૧૫ |
| ૨. | સંસ્કૃત મહાવિદ્યાલય, વડોદરા | |
| ૩. | લોક ભારતી, સણોસરા | ૧૫૮ |
| ૪. | ગાંધી વિદ્યાપીઠ વેડછી, જિ સુરત. | ૧૬૪ |
| ૫. | સરસ્વતી ગ્રામ વિદ્યાપીઠ, સમૌઢા, જિ. મહેસાણા. | ૧૧૨ |
| | કુલ | ૫૪૯ |

કોઠા નં. ૫ (૮)

ખાસ શિક્ષણ માટેની સંસ્થા ઉપર ખર્ચ

| વર્ષ/ સાધનો | સરકારનું ફંડ | ફી | અન્ય સાધનો | કુલ |
|---|---|---|---|---|
| ૧૯૬૯–૭૦ | ૧,૪૩,૦૦૦ | ... | ૪,૨૭,૬૯૮ | ૫,૭૦,૬૯૮ |
| ૧૯૭૦–૭૧ | ૧,૩૨,૬૭૭ | ૪૭,૬૯૫ | ૪,૦૨,૨૩૦ | ૫,૮૨,૬૦૨ |

## કોઠા નં. ૫(૧)

### ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ સને ૧૯૭૦–૭૧

| સંસ્થાનો પ્રકાર | સંસ્થાઓની સંખ્યા | | | વિદ્યાર્થીઓની સંખ્યા | | | | | | +વધારો અથવા ઘટાડો– | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧૯૬૯-૭૦ | ૭૦-૭૧ | (+)વધારો (–)ઘટાડો | ૧૯૬૯–૭૦ | | | ૧૯૭૦-૭૧ | | | | | |
| | | | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| યુનિવર્સિટી | ૫ | ૫ | – | ૨૦૧૨ | ૬૬૧ | ૨૬૭૩ | ૧૬૫૧ | ૬૩૧ | ૨૨૮૨ | –૩૬૧ | –૩૦ | –૩૯૧ |
| સંશોધન સંસ્થા ... | ૧૦ | ૧૦ | – | ૧૬૭ | ૯૪ | ૨૬૧ | ૧૭૫ | ૧૦૯ | ૨૮૪ | +૮ | +૧૫ | +૨૩ |
| વિનયન અને વિજ્ઞાન (સામાન્ય શિક્ષણ) | ૧૩૩ | ૧૩૯ | +૬ | ૬૩૫૭૦ | ૨૯૦૪૧ | ૯૨૬૧૧ | ૬૨૯૯૧ | ૩૧૩૭૮ | ૯૪૩૬૯ | –૫૭૯ | +૨૩૩૭ | +૧૭૫૮ |
| વ્યવસાય અને ખાસ કોલેજો | ૮૩ | ૧૦૦ | +૧૭ | ૩૮૬૪૦ | ૩૭૫૮ | ૪૨૩૯૮ | ૪૩૯૪૩ | ૪૭૦૬ | ૪૮૬૪૯ | +૫૩૦૩ | +૯૪૮ | +૬૨૫૧ |
| કુલ | ૨૩૧ | ૨૫૪ | +૨૩ | ૧૦૪૩૮૯ | ૩૩૫૫૪ | ૧૩૭૯૪૩ | ૧૦૮૭૬૦ | ૩૬૮૨૪ | ૧૪૫૫૮૪ | +૪૩૭૧ | +૩૨૭૦ | +૭૬૪૧ |

## ઉચ્ચ શિક્ષણ

### ૧૯૭૦-૭૧

| જિલ્લાનું નામ<br>૧ | સંસ્થાઓ<br>૨ | વિદ્યાર્થીઓ<br>૩ | શિક્ષકો<br>૪ |
|---|---|---|---|
| ૧. અમદાવાદ | ૬૪ | ૪૭,૩૦૨ | ૨,૧૪૮ |
| ૨. અમરેલી | ૨ | ૧,૦૯૭ | ૪૮ |
| ૩. કચ્છ | ૬ | ૧,૪૫૫ | ૧૦૭ |
| ૪. ખેડા | ૪૦ | ૨૦,૭૨૯ | ૧,૦૧૬ |
| ૫. જામનગર | ૫ | ૩,૧૪૭ | ૧૩૦ |
| ૬. જુનાગઢ | ૮ | ૪,૦૬૨ | ૨૦૧ |
| ૭. ડાંગ | ... | ... | ... |
| ૮. પંચમહાલ | ૭ | ૨,૪૪૧ | ૧૨૦ |
| ૯. બનાસકાંઠા | ૨ | ૬૫૬ | ૪૩ |
| ૧૦. ભરૂચ | ૮ | ૨,૭૦૨ | ૧૬૦ |
| ૧૧. ભાવનગર | ૧૧ | ૫,૬૪૭ | ૨૭૪ |
| ૧૨. મહેસાણા | ૨૦ | ૭,૪૬૧ | ૪૨૭ |
| ૧૩. રાજકોટ | ૧૭ | ૧૦,૩૬૦ | ૪૫૦ |
| ૧૪. વડોદરા | ૨૪ | ૧૮,૧૭૨ | ૮૨૬ |
| ૧૫. વલસાડ | ૯ | ૬,૨૩૪ | ૨૭૯ |
| ૧૬. સાબરકાંઠા | ૭ | ૨,૭૮૮ | ૧૩૩ |
| ૧૭. સુરત | ૧૭ | ૮,૩૪૮ | ૪૩૩ |
| ૧૮. સુરેન્દ્રનગર | ૫ | ૨,૫૪૯ | ૧૧૬ |
| ૧૯. ગાંધીનગર | ૨ | ૪૩૪ | ૭૬ |
| કુલ | ૨૫૪ | ૧,૪૫,૫૮૪ | ૬,૯૮૭ |

## પ્રકરણ—૬

## શિક્ષકોની તાલીમ

૬.૧ અ. પ્રકરણના ત્રણ વિભાગો છે.

અ. માધ્યમિક શાળાના શિક્ષકોની તાલીમ.

બ. પ્રાથમિક શાળાના શિક્ષકોની તાલીમ.

ક. અન્ય શિક્ષકોની તાલીમ.

### અ. માધ્યમિક શાળાના શિક્ષકોની તાલીમ

નીચેનો કોઠો યુનિવર્સિટી સાથે જોડાયેલી માધ્યમિક શાળાઓના શિક્ષકોની તાલીમ સંસ્થાઓની સંખ્યા અને હેવાલ હેઠળના વર્ષ દરમ્યાન તેમાં તાલીમ હેઠળના શિક્ષકોની સંખ્યા દર્શાવે છે. આ કોઠામાં સ્થનાતકો માટેની ચાર બુનિયાદી સંસ્થાઓની વિગતોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

૬.૨. ૧૯૭૦-૭૧માં માધ્યમિક શાળાઓના શિક્ષકો માટેની તાલીમ સંસ્થાઓ :

કોઠા નં. ૬ (૧)

| સંચાલન | સંસ્થાઓની સંખ્યા | તાલીમ હેઠળના શિક્ષકોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| સરકારી | ૩ | ૧૭૩ | ૪૭ | ૨૨૦ |
| ખાનગી અનુદાન મેળવતી | ૨૫ | ૨૩૮૦ | ૧૧૨૨ | ૩૫૦૨ |
| કુલ | ૨૮ | ૨૫૫૩ | ૧૧૬૯ | ૩૭૨૨ |

૬.૩. હેવાલ હેઠળના વર્ષ દરમ્યાન તાલીમ સંસ્થાઓની સંખ્યા ૨૮ હતી. આ પૈકી ૩ સરકારી અને ૨૫ ગ્રાન્ટ મેળવતી ખાનગી સંસ્થાઓ હતી. આ સંસ્થાઓમાં તાલીમાર્થીઓની સંખ્યા ૩૦૩૮ થી વધીને ૩૭૨૨ થઇ હતી.

### ૬.૪. શિક્ષકોની વ્યવસાયી તાલીમની ઉચ્ચતર પરીક્ષા

એમ. એડ્. પરીક્ષા અંશત: પ્રશ્નપત્રો દ્વારા અંશત: સંશોધન દ્વારા યુનિવર્સિટીઓ લે છે. પી.એચ. ડી. ફક્ત સંશોધન દ્વારા મળે છે. વર્ષ દરમિયાન ૮૩ વિદ્યાર્થીઓ પૈકી ૬૦ વિદ્યાર્થીઓને એમ. એડ્. ની ડીગ્રી મળી હતી.

### શિક્ષણનો ડિપ્લોમા

સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ-વિદ્યાનગર એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા અને ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ સાથે સંકળાયેલ શિક્ષણની કોલેજોમાં શિક્ષણના ડિપ્લોમાંના વર્ગો ચલાવવાની જોગવાઇ હતી.

### બ. પ્રાથમિક શાળાના શિક્ષકોની તાલીમ

૬.૬. સને ૧૯૭૦-૭૧માં રાજ્યમાં સરકારી બુનિયાદી અધ્યાપન મંદિરો ૨૬ હતા, તેમાં પુરુષો માટેના ૧૯ અને સ્ત્રીઓ માટેના ૭ હતા. હેવાલના વર્ષે ખાનગી સંસ્થાઓ દ્વારા સંચાલિત માન્ય અધ્યાપન મંદિરોની સંખ્યા ૪૦ હતી.

૬.૭. નીચેના કોઠામાં અધ્યાપન મંદિરો અને તેમાં તાલીમ લેતા વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવી છે.

કોઠા નં. ૬ (૨)

**પ્રાથમિક શિક્ષકો માટેની તાલીમ શાળાઓ ૧૯૭૦-૭૧**

| સંચાલન | સંસ્થાઓની સંખ્યા | | | સંસ્થાના વિદ્યાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|
| | પુરૂષો માટે | સ્ત્રીઓ માટે | કુલ | પુરૂષો માટે | સ્ત્રીઓ માટે | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| સરકારી | ૧૯ | ૭ | ૨૬ | ૨૮૬૨ | ૮૧૦ | ૩૬૭૨ |
| ખાનગી અનુદાન લેતી | ૧૪ | ૨૬ | ૪૦ | ૧૬૮૧ | ૧૭૭૭ | ૩૪૫૮ |
| કુલ | ૩૩ | ૩૩ | ૬૬ | ૪૫૪૩ | ૨૫૮૭ | ૭૧૩૦ |

પુરુષ અને સ્ત્રી અધ્યાપન મંદિરો અંગેની જુદી જુદી માહિતી નીચેના ફકરાઓમાં આપેલ છે.

૬.૮. સંસ્થાઓ અને તાલીમાર્થીઓ (પુરૂષો માટે) કોઠા નં. ૬(૩) સને ૧૯૬૯-૭૦ અને ૧૯૭૦-૭૧માં પુરુષ અધ્યાપન મંદિરો અંગેની તુલનાત્મક માહિતી દર્શાવે છે.

કોઠા નં. ૬ (૩)

**પ્રાથમિક શિક્ષકો (પુરૂષો) માટેની તાલીમ શાળાઓ**

| વર્ષ | સંસ્થાઓની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા | સંસ્થાદીઠ વિદ્યાર્થીઓની સરેરાશ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧૯૬૯-૭૦ ... ... ... | ૩૩ | ૫૧૪૭ | ૧૫૬ |
| ૧૯૭૦-૭૧ ... ... ... | ૩૩ | ૪૫૪૩ | ૧૩૮ |

**ખર્ચ:**

૬.૯. રાજ્યમાં સને ૧૯૬૯-૭૦માં પુરુષ અધ્યાપન મંદિરો ઉપર કુલ ખર્ચ રૂા. ૨૫,૪૬,૪૯૯ થયું હતું જે વધીને ૧૯૭૦-૭૧માં રૂા. ૨૭,૪૯,૫૪૭ થયું. હેવાલના વર્ષ દરમ્યાન સરકારી પુરુષ અધ્યાપન મંદિરો ઉપર સરકારશ્રીએ રૂા. ૧૬,૮૫,૯૯૮ નું ખર્ચ કર્યું હતું જે કુલ ખર્ચના ૬૧ ટકા હતું.

નીચેના કોઠા નં. ૬(૪) માં ૧૯૬૯-૭૦ અને ૧૯૭૦-૭૧ના વર્ષના પુરુષ અધ્યાપન મંદિરો માટેના ખર્ચના આંકડાઓ આપ્યા છે.

કોઠા નં. ૬ (૪)

| વર્ષ | સરકારી ફંડમાંથી | | અન્ય સાધનોમાંથી | | કુલ. |
|---|---|---|---|---|---|
| | સરકારી સંસ્થાઓ અંગે | બિન-સરકારી સંસ્થાઓ અંગે | સરકારી સંસ્થાઓ અંગે | બિન-સરકારી સંસ્થાઓ અંગે | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૯૬૯-૭૦ | ૧૫,૨૮,૯૮૧ | ૫,૬૦,૬૬૯ | ૧,૫૭,૭૬૮ | ૨,૯૯,૦૮૧ | ૨૫,૪૬,૪૯૯ |
| (ટકા) | (૬૦) | (૨૩) | (૬) | (૧૧) | (૧૦૦) |
| ૧૯૭૦-૭૧ | ૧૬,૮૫,૯૯૮ | ૬,૩૩,૬૭૨ | ૮૭,૦૧૦ | ૩,૪૨,૮૬૭ | ૨૭,૪૯,૫૪૭ |
| (ટકા) | (૬૧) | (૨૩) | (૩) | (૧૩) | (૧૦૦) |

સંસ્થાઓ અને તાલીમાર્થીઓ (સ્ત્રીઓ માટે)

૬.૧૦ સને ૧૯૭૦-૭૧માં અધ્યાપન મંદિરોની સંખ્યા ૩૩ હતી. આ સંસ્થાઓમાં તાલીમાર્થીઓની સંખ્યા ૨૫૮૭ હતી. કોઠા ૬(૫) માં સ્ત્રી અધ્યાપન મંદિરોની ૧૯૬૯-૭૦ અને ૧૯૭૦-૭૧ના વર્ષની માહિતી આપી છે.

કોઠા નં. ૬(૫)

માધ્યમિક શિક્ષકો (સ્ત્રીઓ) માટેની તાલીમ શાળાઓ

| વર્ષ | સંસ્થાઓની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા | સંસ્થાદીઠ વિદ્યાર્થીઓની સરેરાશ સંખ્યા |
|---|---|---|---|
| ૧૯૬૯–૭૦ | ૩૩ | ૪૧૯૧ | ૧૨૭ |
| ૧૯૭૦–૭૧ | ૩૩ | ૨૫૮૭ | ૭૮ |

ખર્ચ:

૬.૧૧ ૧૯૬૦–૭૦ માં સ્ત્રી અધ્યાપન મંદિરો ઉપર રૂા.૧૭,૫૪,૨૮૭નું ખર્ચ થયું તે વધીને ૧૯૭૦–૭૧માં રૂા.૨૦,૩૮,૬૬૦ થવા પામેલ છે.

આમાં સરકારી સંસ્થાઓ અંગે સરકારશ્રીનો હિસ્સો રૂા. ૬,૫૨,૧૨૨ જેટલો છે. તે કુલ ખર્ચના ૩૨ ટકા થાય છે. કોઠા નં. ૬(૬)માં બંને વર્ષના આંકડા આપ્યા છે.

કોઠા નં. ૬(૬)

પ્રાથમિક શિક્ષકો (સ્ત્રીઓ) માટેની તાલીમ શાળાઓ અંગેનું ખર્ચ (૧૯૭૦–૭૧)

| વર્ષ | સરકારી ફંડમાંથી | | અન્ય સાધનોમાંથી | | કુલ |
|---|---|---|---|---|---|
| | સરકારી સંસ્થાઓ અંગે | બિન-સરકારી સંસ્થાઓ અંગે | સરકારી સંસ્થાઓ અંગે | બિન-સરકારી સંસ્થાઓ અંગે | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | રૂા. | રૂા. | રૂા. | રૂા. | રૂા. |
| ૧૯૬૯–૭૦ (ટકા) | ૪,૧૮,૨૨૪ (૨૪) | ૮,૬૩,૩૫૧ (૪૮) | ૮૯,૭૪૫ (૬) | ૩,૮૨,૯૬૭ (૨૨) | ૧૭,૫૪,૨૮૭ (૧૦૦) |
| ૧૯૭૦–૭૧ (ટકા) | ૬,૫૨,૧૨૨ (૩૨) | ૯,૭૪,૯૭૭ (૪૭) | ૬૯,૮૧૧ (૪) | ૩,૪૧,૭૫૦ (૧૭) | ૨૦,૩૮,૬૬૦ (૧૦૦) |

૧૯૭૦-૭૧નાં વર્ષથી અધ્યાપન મંદિરોમાં એસ. એસ. સી. પાસ થયેલા માટે બે વર્ષનો નવો અભ્યાસક્રમ દાખલ કરવામાં આવ્યો છે. શિક્ષણ સમિતિઓનાં બિન-તાલીમ શિક્ષકો માટે પ્રાથમિક શાળાંતનો બે વર્ષનો અને એસ. એસ. સી. પાસનો એક વર્ષનો જુનિ. પી. ટી. સી. ના અભ્યાસક્રમના વર્ગો કેટલીક સંસ્થાઓમાં ચાલુ રાખવામાં આવ્યા હતા.

ક. અન્ય શિક્ષકોની તાલીમ

હિન્દી શિક્ષકો

૬.૧૧ બિન-હિંદી ભાષી રાજ્યોમાં હિન્દીના શિક્ષણ માટેની કેન્દ્ર પુરસ્કૃત યોજના અનુંસાર ગુજરાત રાજ્યે ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ મારફતે એક હિન્દી શિક્ષકો માટેની તાલીમ મહાવિદ્યાલય જૂન ૧૯૬૩ થી શરૂ કરેલ છે. હેવાલના વર્ષ દરમ્યાન આ મહાવિદ્યાલયમાં હિન્દી શિક્ષણ વિનિત અને હિન્દી શિક્ષણ વિશારદના વર્ગો ચલાવવામાં આવ્યા હતા. આ બંને વર્ગોમાં તાલીમાર્થીઓની સંખ્યા ૭૯ હતી (વિનિત ૨૯ વિશારદ ૫૦=૭૯).

**પૂર્વ–પ્રાથમિક અધ્યાપન મંદિર**

૬.૧૨.–નીચેના કોઠા નં. ૬(૭) ઉપરથી જણાશે કે હેવાલના વર્ષ દરમ્યાન પૂર્વ પ્રાથમિક અધ્યાપન મંદિરોની સંખ્યા ૯ હતી અને આ સંસ્થાઓમાં તાલીમાર્થીઓની સંખ્યા માર્ચ ૧૯૭૧ના રોજ ૬૦૭ હતી.

કોઠા નં. ૬ (૭)

| | | | |
|---|---|---|---|
| (૧) સંસ્થાઓની સંખ્યા : | ૯ | | |
| (૨) તાલીમાર્થીઓની સંખ્યા : | | પુરુષ | ૧૬ |
| | | સ્ત્રી | ૫૯૧ |
| | | કુલ | ૬૦૭ |
| (૩) શિક્ષકોની સંખ્યા : | | પુરુષ | ૨૨ |
| | | સ્ત્રી | ૨૫ |
| | | કુલ | ૪૭ |

(૪) પ્રત્યક્ષ ખર્ચ :

| | રૂા. |
|---|---|
| સરકારી ફંડમાંથી | ૯૦,૦૭૪ |
| ફી | ૭૯,૬૨૦ |
| અન્ય સાધનોમાંથી | ૪૩,૧૮૫ |
| કુલ | ૨,૧૨,૮૭૯ |

**ચિત્રકામ શિક્ષકોની તાલીમ**

૬.૧૩ હેવાલ હેઠળના વર્ષ દરમ્યાન સમગ્ર રાજ્યમાં ચિત્રકામ શિક્ષકોની તાલીમ સંસ્થાઓની સંખ્યા ૬ હતી. અને તેમાં તાલીમ લેતા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૭૦ હતી.

# પ્રકરણ—૭

## વ્યવસાયિક અને ખાસ શિક્ષણ

### ૭.૧. વાણિજ્ય શિક્ષણ

ગુજરાત રાજ્યમાં વાણિજ્ય શિક્ષણ ત્રણ પ્રકારની સંસ્થાઓ દ્વારા આપવામાં આવે છે.

(૧) વાણિજ્ય કોલેજો યુનિવર્સિટી સાથે જોડાયેલ હોય છે અને તેમાં માધ્યમિક તબકકા પછી ચાર વર્ષનો અભ્યાસક્રમ હોય છે. આ અંગેની માહિતી પ્રકરણ-૫ માં આપેલ છે.

(૨) વાણિજ્ય અને બહુલક્ષી શાળાઓ સામાન્ય શિક્ષણની સાથોસાથ વાણિજ્ય શિક્ષણના પૂર્વ વ્યવસાય અંગેનું શિક્ષણ આપે છે. હેવાલના વર્ષના અંતે વાણિજ્ય વિષયોનું શિક્ષણ આપતી માધ્યમિક શાળાઓની સંખ્યા ૯૬ હતી.

(૩) વાણિજ્ય સંસ્થાઓ લઘુલીપી, ટાઈપ રાઈટીંગ, એકાઉન્ટન્સી અને સેક્રેટરીયલ પ્રકારનું શિક્ષણ આપે છે. હેવાલના વર્ષના અંતે આવી ૧૩૦ સંસ્થાઓ હતી. વર્ષ દરમ્યાન સરકારી વાણિજ્ય ડિપ્લોમા અને પ્રમાણપત્રની પરીક્ષામાં ૧૯,૯૦૯ ઉમેદવારો બેઠા હતા તેમાંથી ૮,૧૯૦ ઉમેદવારો ઉત્તીર્ણ થયા હતા.

### ૭.૨ સંગીત શિક્ષણ :

હેવાલના વર્ષ દરમ્યાન સંગીત અને નૃત્યનું શિક્ષણ આપતી યુનિવર્સિટી કક્ષાની બે સંસ્થાઓ હતી. (૧) વડોદરાના મહારાજાની યુનિવર્સિટી ખાતેની ભારતીય સંગીત નૃત્ય અને નાટય કોલેજ અને (૨) રાજકોટની સંગીત મહાવિદ્યાલય. ગુજરાત કોલેજમાં ડ્રામાટીકસનો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા હેવાલના વર્ષ અંતે ૫૭૮ હતી. વર્ષ દરમ્યાન આ સંસ્થાઓ ઉપર કુલ ખર્ચ રૂા. ૪,૬૩,૨૦૨ થયું હતું.

હેવાલના વર્ષ દરમ્યાન રાજયમાં ૧૯ સંગીત અને નૃત્ય શાળાઓ હતી. આ બધી ખાનગી સંસ્થાઓ હતી પરંતુ આ સંસ્થાઓને કાયમી ગ્રાન્ટ અંગે સરકારી ખર્ચ રૂા. ૮૬,૪૯૦ થયું હતું. આ સંસ્થામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૯૮૦ હતી.

### ૭.૩ સમાજ વિજ્ઞાન :

સમાજ વિજ્ઞાન માટેની ઉચ્ચ સંસ્થાઓ

ઉચ્ચતર કક્ષાએ સમાજ વિજ્ઞાનના અભ્યાસ માટેની જોગવાઈ વડોદરાના મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સમાજ કાર્યની વિદ્યાશાળામાં (ફેકલ્ટી) હતી. આ વિદ્યાશાળા એક અનુસ્નાતક સંસ્થા તરીકે સમાજ કાર્યની ડીગ્રી આપે છે. આ ડીગ્રીના અભ્યાસક્રમમાં વર્ગકામ, ક્ષેત્રકામ અને સંશોધનનો સમાવેશ થાય છે. પ્રત્યક્ષ તાલીમ તથા શૈક્ષણિક જ્ઞાનનો રોજબરોજના જીવનમાં ઉપયોગ કરવા પર મુખ્ય ભાર આપવામાં આવે છે. આ ઉપરાંત ગાંધી વિદ્યાપીઠ વેડછીમાં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ ચાલે છે. હેવાલના વર્ષ અંતે સમાજકાર્ય માટેની વિદ્યાશાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૮૦ હતી.

### ગૃહવિજ્ઞાન :

આ વિદ્યાશાળામાં ગૃહ વિજ્ઞાનના ડિગ્રી માટેનો ચાર વર્ષનો અભ્યાસક્રમ મ. સ. યુનિવર્સિટી ખાતે શીખવવામાં આવે છે. ગૃહવિજ્ઞાનના અનુસ્નાતક ડિગ્રીનો વધુ બે વર્ષનો અભ્યાસક્રમ શીખવવામાં આવે છે. ગૃહવિજ્ઞાન સ્નાતક ડિગ્રીના અભ્યાસક્રમ પ્રથમ બે વર્ષના અંતરંત અભ્યાસક્રમો (કોર કોર્સ) નો સમાવેશ થાય છે. જેમાં વિદ્યાર્થીનીને ગૃહ વિજ્ઞાનના જુદા જુદા તબકકાઓનો ખ્યાલ આપવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં વિદ્યાર્થીઓને પોતાની પસંદગીના ક્ષેત્રમાં તદવીદ (સ્પેશ્યાલાઇઝ) થવાની તક મળે છે. વિજ્ઞાનના ચાર વિષયોને મુખ્ય તરીકે સ્વીકારવામાં આવે છે. જેવા કે ખોરાક, પોષણ, બાળવિકાસ, ગૃહ સંચાલન અને ગૃહ વિજ્ઞાન, શિક્ષણ, હેવાલના વર્ષ દરમ્યાન આ વિદ્યાશાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૬૭૫ હતી. તદુપરાંત ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન એક કોલેજમાં ગૃહવિજ્ઞાન શિખવાડવાની જોગવાઇ હતી, માધ્યમિક કક્ષાએ વિવિધલક્ષી શાળાઓમાં ગૃહવિજ્ઞાન એક વિષય તરીકે શિખવાડવામાં આવે છે. હેવાલના વર્ષ દરમ્યાન આવી ગૃહવિજ્ઞાન શીખવતી ૨૪ વિવિધલક્ષી શાળાઓ રાજ્યમાં હતી.

### ૭.૫ ઉચ્ચ ગ્રામ સંસ્થા :

રાજ્યમાં સણોસરાની લોકભારતી સંસ્થા એક માત્ર ગ્રામ સંસ્થા છે. આ સંસ્થા ભારત સરકારના ઉચ્ચગ્રામ શિક્ષણના રાષ્ટ્રિય પરિષદ સાથે જોડાયેલી છે. તે ગ્રામ સેવાના ત્રણ વર્ષના ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે અને ખેતી વિજ્ઞાનના બે વર્ષના પ્રમાણ-પત્ર અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને તૈયાર કરે છે. અભ્યાસક્રમ ઉપરાંત લોકસભારતી સંસ્થા પ્રાથમિક શાળા, બુનિયાદી શિક્ષકોની તાલીમ માટેની એક સંસ્થા, કૃષિવિદ અભ્યાસક્રમ તેમજ સહાયક કાર્યો માટેની એક યોજના તથા આસપાસના ગામોમાં શિક્ષણ વિસ્તરણ સેવા પ્રવૃત્તિ ચાલે છે. આ સાથે પ્રયોગ અને નિદર્શન માટેનું એક ફાર્મ પણ જોડાયેલું છે. હેવાલના વર્ષ દરમિયાન આ સંસ્થામાં કુલ ૧૫૮ વિદ્યાર્થીઓ હતા. સંસ્થાનું કુલ ખર્ચ રૂા. ૧,૩૭,૪૯૬ થયું હતું.

સને ૧૯૬૭-૬૮ થી ગાંધી વિદ્યાપીઠ વેડછી, સુરત જિલ્લામાં સમાજશાસ્ત્ર મહાવિદ્યાલય શરૂ કરવામાં આવ્યું છે. હેવાલના વર્ષ અંતે આ સંસ્થામાં ૧૬૪ વિદ્યાર્થીઓ હતા.

સને ૧૯૬૮-૬૯ થી સરસ્વતી ગ્રામ વિદ્યાપીઠ સમોડા, મહેસાણા, જિલ્લામાં લોક શિક્ષણ અને કૃષિ મહાવિદ્યાલય શરૂ થયું છે. હેવાલના વર્ષ અંતે આ સંસ્થામાં ૧૧૨ વિદ્યાર્થીઓ હતા.

## પ્રકરણ—૮

## સમાજ શિક્ષણ

૮.૧ રાજ્યમાં સમાજ શિક્ષણના કાર્ય માટે ગુજરાત રાજ્ય સમાજ શિક્ષણ સમિતિની રચના કરવામાં આવી છે. પરંતુ અમદાવાદ શહેર માટે અમદાવાદ શહેર સમાજ શિક્ષણ સમિતિ કામ કરે છે.

**૮.૨ સમાજ શિક્ષણનાં કાર્યો :**

સમાજ શિક્ષણના નીચે જણાવેલા કાર્યો જિલ્લાઓમાં પંચાયત હસ્તક થાય છે.

૧. ગ્રામ પુસ્તકાલયો ચલાવવા.

૨. મહિલા મંડળો ચલાવવા.

૩. યુવક મંડળો ચલાવવા.

૪. ખેડૂત મંડળો ચલાવવા.

૫. મનોરંજન કાર્યક્રમ ચલાવવા.

૬. ભજન મંડળ ચલાવવા.

૭. સંસ્કાર કેન્દ્રો ચલાવવા.

૮. સમાજ શિક્ષણ અંગેની શિબિર યોજના.

૯. પ્રેરણા પ્રવાસ.

૧૦. શૈક્ષણિક મકાનોનું બાંધકામ.

૧૧. પ્રૌઢ શિક્ષણના વર્ગો ચલાવવા.

નીચેના કોઠામાં ૧૯૬૯—૭૦ અને ૧૯૭૦—૭૧ના વર્ષના સમાજ શિક્ષણ વર્ગો અંગેની તુલનાત્મક માહિતી આપી છે.

| વર્ગોનો પ્રકાર | વર્ગની સંખ્યા | | દાખલ થયેલા પ્રૌઢો | | અક્ષરજ્ઞાન પામેલા પ્રૌઢોની સંખ્યા | |
|---|---|---|---|---|---|---|
| | ૧૯૬૯—૭૦ | ૧૯૭૦—૭૧ | ૧૯૬૯—૭૦ | ૧૯૭૦—૭૧ | ૧૯૬૯—૭૦ | ૧૯૭૦—૭૧ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| **પ્રવેશ શ્રેણી** | | | | | | |
| પુરૂષો | ૬૩૪ | ૪૭૦ | ૧૪૬૯૯ | ૧૦૭૨૬ | ૬૫૬૮ | ૨૭૩૫ |
| સ્ત્રીઓ | ૨૬૮ | ૩૧૭ | ૭૧૮૬ | ૬૧૫૦ | ૪૯૦૨ | ૩૦૬૧ |
| કુલ ... | ૯૦૨ | ૭૮૭ | ૨૧૮૮૫ | ૧૬૮૭૬ | ૧૧૪૭૦ | ૫૭૯૬ |
| **પરિચય શ્રેણી** | | | | | | |
| પુરૂષો | ૧૮૦ | ૧૯૦ | ૩૮૪૫ | ૨૮૭૭ | ૨૬૯૮ | ૧૨૮૫ |
| સ્ત્રીઓ | ૧૦૭ | ૧૫૯ | ૨૭૭૪ | ૨૪૮૧ | ૨૭૩૫ | ૨૩૧૮ |
| કુલ ... | ૨૮૭ | ૩૪૯ | ૬૬૧૯ | ૫૩૫૮ | ૫૪૩૩ | ૨૬૦૩ |

ઉપરના આંકડા ઉપરથી ૧૯૬૯-૭૦ના વર્ષની સરખામણીમાં હેવાલના વર્ષ દરમ્યાન પ્રૌઢ વર્ગોનું કાર્ય ઓછું થયું છે.

ખેડા અને જામનગર જિલ્લામાં કિસાન સાક્ષરતા યોજના શરૂ કરવામાં આવી છે.

# પ્રકરણ—૯

## શારીરિક શિક્ષણ

### ૯.૧ શારીરિક શિક્ષણ

આ કામગીરી શિક્ષણ નિયામકશ્રીની કચેરીના એક ભાગ તરીકે એટલે કે સંલગ્ન કચેરી તરીકે થાય છે. કચેરીનું સંચાલન વર્ગ-૨ના રાજ્યપત્રિત અધિકારી દ્વારા થાય છે. જિલ્લા કક્ષાએ શારીરિક શિક્ષણનું કામ શારીરિક શિક્ષણ નિરીક્ષકો દ્વારા કરવામાં આવે છે. આવા નિરીક્ષકોની સંખ્યા ૨૦ની છે. અને તેઓ શિક્ષણાધિકારીશ્રીની સીધી દેખરેખ નીચે કામ કરે છે. દરેક જિલ્લામાં એક નિરીક્ષક નીમવામાં આવેલ છે. અમદાવાદ જિલ્લો મોટો હોઇ તેમાં બે નિરીક્ષકો છે. તા. ૧લી ઓકટોબર ૧૯૬૮ થી શારીરિક શિક્ષણ કચેરીનું વિભાજન કરવામાં આવ્યું અને રમત ગમતની પ્રવૃત્તિ સરકારશ્રીના સીધા નિમંત્રણ હેઠળ લાવવામાં આવી. આગલા વર્ષથી અહેવાલમાં જણાવ્યા પ્રમાણે શિક્ષણ નિયામકની કચેરીના એક ભાગ તરીકે કામ કરતી શારીરિક શિક્ષણ નિરીક્ષકશ્રીની કચેરીનું મહેકમ નીચે મુજબ છે.

| અનુક્રમ નં<br>૧ | જગ્યાનું નામ<br>૨ | સંખ્યા<br>૩ | પગાર-ધોરણ<br>૪ |
|---|---|---|---|
| | | | રૂા. |
| ૧. | શારીરિક શિક્ષણ નિરીક્ષક વર્ગ-૨ | ૧ | ૩૫૦--૮૫૦ |
| ૨. | સિનીયર કલાર્ક | ૧ | ૨૦૦--૩૧૦ |
| ૩. | જુનિયર કલાર્ક | ૧ | ૧૩૦--૨૪૦ |
| ૪. | પટાવાળા | ૧ | ૯૦--૧૧૦ |

### ૯.૨ માધ્યમિક સંસ્થાઓ :

રાજ્યની માધ્યમિક શાળાઓમાં શારીરિક શિક્ષણની એક ફરજિયાત વિષય તરીકે અન્ય વિષયોની જેમ જ સ્થાન આપવામાં આવ્યું છે. તે માટેની કસોટીઓ વર્ષને અંતે લેવાય છે. ધો. ૧ થી ૧૧નો શારીરિક શિક્ષણનો અભ્યાસક્રમ ઘડી કાઢવામાં આવ્યો છે. અને તે મધ્યસ્થ સરકારના નેશનલ ફીટનેસ કોરના અભ્યાસક્રમને કેન્દ્રમાં રાખીને ઘડવામાં આવેલ છે. આ અભ્યાસક્રમ રાજ્યની બધી માધ્યમિક શાળાઓ તેમજ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયોમાં ફરજિયાત દાખલ કરવામાં આવ્યા છે.

આ અભ્યાસક્રમ માટે ધોરણવાર નીચે પ્રમાણે તાસ ઠરાવવામાં આવ્યા છે.

| ધો. ૮ | ધો. ૯ | ધો. ૧૦ | ધો. ૧૧ |
|---|---|---|---|
| તાસ ૫ | ૪ | ૪ | ૧ |

પ્રાથમિક કક્ષાના ધોરણમાં રોજ એક તાસ વ્યાયામ શિક્ષણ માટે આપવામાં આવ્યો છે. પ્રાથમિક શિક્ષકો માટેના તલીમ અધ્યાપન મંદિરોમાં પણ શારીરિક શિક્ષણનો તાસ ફરજિયાત અને આ માટેનો જુદો અભ્યાસક્રમ ઘડી કાઢવામાં આવ્યો છે કે જેથી કરીને આ શિક્ષકો પ્રાથમિક શાળામાં કામ કરવા જાય ત્યારે શારીરિક શિક્ષણના વિષયને યોગ્ય ન્યાય આપી શકે.

### ૯.૩ નિરીક્ષણ કાર્યો

પ્રત્યેક જિલ્લાદીઠ શારીરિક શિક્ષણનું કામ વ્યવસ્થિત રીતે થાય છે કે કેમ તે જોવા માટે ઓછામાં ઓછા એક તાલીમ પામેલ શારીરિક શિક્ષણ નિરીક્ષક નીમવામાં આવેલ છે. આ નિરીક્ષક માધ્યમિક શાળાઓમાં અધ્યાપન મંદિરોમાં મુલાકાતો તેમજ નિરીક્ષણ દ્વારા જણાયેલ ત્રુટિઓ દૂર કરવા પ્રયત્નો કરે છે અને યોગ્ય માર્ગદર્શન આપે છે.

### ૯.૪. મેદાનો તેમજ સાધનો અને સુવિધા.

ખાતા દ્વારા એવું ઠરાવવામાં આવ્યું છે કે પ્રત્યેક માધ્યમિક શાળામાં ૨૫૦ વિદ્યાર્થીઓએ દીઠ ઓછામાં ઓછી એક એકર જમીન શાળાની નજીકમાં હોવી આવશ્યક છે. આ અંગે પ્રવર્તતી સ્થિતિ જોતાં લગભગ ૬૦૦ શાળાઓ મેદાનો તેમજ સાધનોની સુવિધા ધરાવે છે. મેદાનોનો પ્રશ્ન મોટા શહેરોમાં ખૂબ કઠીન બન્યો છે. કેટલીક માધ્યમિક શાળાઓ પાસે સાધનસામગ્રી હોવા છતાં મેદાનો અંગેની મુશ્કેલીઓ જણાઇ આવી છે.

૯.૫. દાકતરી તપાસ.

ખાતાના ધોરણ મુજબ પ્રત્યેક વિદ્યાર્થીની શાળામાં પ્રવેશ સમયે દાકતરી તપાસ થવી જોઇએ. અને ફરીને આ તપાસ વિદ્યાર્થી શાળા છોડે થવી જોઇએ. તે રીતે ધોરણ ૫, ૮ અને ૧૧માં દાકતરી તપાસ કરવી જોઇએ. પ્રત્યેક શાળાએ આ કામગીરીની નોંધ ઠરાવેલા પત્રકમાં કરવાની હોય છે. અને તે માટેનો અનુવર્તી કાય (ફોલોઅપ ,વર્કસ) પણ કરવા માટે તકેદારી રાખવી જરૂરી છે. મોટા ભાગની શાળાઓ ઉપરોકત કાર્ય થયેલું જણાય છે. પરંતુ જિલ્લા કક્ષાના શારીરિક શિક્ષણ નિરીક્ષકો અન્ય કામને લીધે આ કામની ચકાસણી કરી શકતા નથી.

૯.૬. શારીરિક શિક્ષણની તાલીમી સંસ્થાઓ.

અહેવાલના વર્ષ દરમિયાન આ રાજયમાં શારીરિક શિક્ષણ પ્રમાણપત્ર અભ્યાસક્રમની છ તાલીમી સંસ્થાઓ હતી. તે પૈકી બે સંસ્થાઓ ફકત બહેનો માટે હતી. શારીરિક શિક્ષણના ડીપ્લોમાનો અભ્યાસક્રમ કરાવતી બે સંસ્થાઓ હતી જે પૈકી એક મિશ્ર ભાઇઓ તથા બહેનો માટે હતી. આ રીતે પ્રમાણપત્ર અને ડીપ્લોમા મળીને કુલ ૮ આઠ સંસ્થાઓ હતી.

લક્ષ્મીબાઇ કોલેજ ઓફ ફીઝીકલ એજયુકેશન ગ્વાલીયરમાં બી. પી. ઇ.નો અભ્યાસ કરતા ગુજરાતના છ વિદ્યાર્થીઓને પ્રત્યેકને રૂા. ૩૦૦નું સ્ટાઇપેન્ડ આપવામાં આવ્યું છે.

૯.૭. રાષ્ટ્રિય ક્ષમતા દળ યોજના (એન. એફ. સી.)

આ યોજના ૧૯૫૮ થી અમલમાં આવી છે. આ રાજયમાં રાજયકક્ષાના એન. એફ. સી. ઇન્સ્ટકટરોનો નીચે પ્રમાણેનો સ્ટાફ આપવામાં આવ્યો છે. જુનિયર પી. ડી. આઇ. ગ્રેડ-૨...૭૩ આ પી. ટી. આઇ. ઓને રાજયની જુદી જુદી માધ્યમિક શાળાઓમાં શારીરિક શિક્ષણનું કામ કરવા નિયુકત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત મધ્યસ્થ સરકાર તરફથી પણ આ યોજના માટે એક જુદુ દળ ઉભું કરવામાં આવ્યું છે. અને તેમની સંખ્ય ૪૦૦ ઉપરાંતની છે. તેઓને પણ રાજયની જુદી જુદી શાળાઓમાં શારીરિક શિક્ષણનું કામ કરવા માટે નિયુકત કરવામાં આવ્યા.

૯.૮. સ્કાઉટીંગ અને ગાઇડીંગ.

સ્કાઉટ અને ગાઇડ પ્રવૃત્તિ એ વિશ્વ પ્રવૃત્તિ છે. આ રાજયમાં ગુજરાત રાજય ભારત સ્કાઉટ અને ગાઇડ સંઘ દ્વારા આ પ્રવૃત્તિનું સંચાલન કરવામાં આવે છે. આ સંસ્થામાં સરકારશ્રી તરફથી (અ) સંસ્થાએ કરેલી ખરેખરી ખોટ અથવા (બ) માન્ય ખર્ચના ૭૫ ટકા વત્તા રૂા. ૧૦૦૦ બ્લોક ગ્રાન્ટ આ બે પૈકી જે ઓછું હોય તે રીતે ગ્રાન્ટ આપવામાં આવે છે. રાજય સંઘએ નીચે જિલ્લા સંઘો કામ કરી રહ્યા છે. આ પ્રવૃત્તિને ખાતા તરફથી પ્રોત્સાહન આપવામાં આવી રહેલ છે. અને પ્રત્યેક શાળામાં તેનું એક ગ્રુપ મરજિયાત ધોરણે ઉભું કરવા સૂચનો આપવામાં આવ્યા છે.

આ ઉપરાંત જિલ્લા કક્ષાએ રેલીઓ યોજવા પ્રત્યેક જિલ્લાને રૂા. ૫૦૦ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. વર્ષ દરમિયાન કબીરવડ જિલ્લે ,ભરૂચ મુકામે રાજય કક્ષાનો એક સ્કાઉટ માસ્ટર્સ અને ગર્લ્સ ગાઇડ કેમ્પ યોજવામાં આવ્યો હતો: અને તેમાં રાજયના જુદા જુદા જિલ્લાઓમાંથી ૩૦ શિક્ષકો અને ૩૦ શિક્ષિકાઓએ તાલીમ લીધી હતી.

૯.૯ અન્ય બાબતો.

રાજય ક્રીડા મહોત્સવ રાજય પારિતોષિક યોજના પ્રાદેશિક પ્રશિક્ષણ કેન્દ્ર, પર્વતારોહણ સંસ્થા ઓટમ અને વીન્ટર મીટ તેમજ યુવક પ્રવૃત્તિ, ૨ રાજયક્રિડા સમિતિ તેમજ યુથ બોર્ડને હસ્તક હોઇને આ નોંધમાં તેનો સમાવેશ કરવામાં આવતો નથી. આ પ્રવૃત્તિઓમાં આ કચેરી તરફથી તેમજ જિલ્લા કક્ષાની કચેરીઓ તરફથી સંપૂર્ણ સહકાર આપવામાં આવે છે.

## પ્રકરણ–૧૦

### કન્યા કેળવણી

૧૦.૧ ૧૯૭૦-૭૧માં કન્યાઓ માટેની શિક્ષણ સંસ્થાઓની સંખ્યા ૧૮૯૯ હતી. નીચેનો કોઠો કન્યાઓ માટેની સંસ્થાઓ અને કન્યાઓની સંખ્યા દર્શાવે છે.

કોઠા નં. ૧૦ (૧)

| પ્રકાર ૧ | કન્યાઓ માટેની સંસ્થાઓની સંખ્યા ૨ | | બધી સંસ્થાઓમાં કન્યાઓની સંખ્યા ૩ | |
|---|---|---|---|---|
| | ૧૯૬૯–૭૦ | ૧૯૭૦–૭૧ | ૧૯૬૯–૭૦ | ૧૯૭૦–૭૧ |
| યુનિ. | ... | ... | ૬૬૧ | ૬૩૧ |
| સંશોધન સંસ્થાઓ. | ... | ... | ૯૪ | ૧૦૯ |
| વિનયન અને વિજ્ઞાન કોલેજો. | ૧૪ | ૧૫ | ૨૯,૦૪૧ | ૩૧,૩૭૮ |
| વ્યવસાયીક અને ખાસ કોલેજો | ... | ... | ૩,૭૫૮ | ૪,૭૦૬ |
| માધ્યમિક શાળાઓ. | ૨૦૨ | ૨૧૨ | ૨,૩૮,૫૯૫ | ૨,૫૬,૩૭૮ |
| પ્રાથમિક શાળાઓ. | ૧,૦૦૬ | ૧,૦૧૧ | ૧૨,૩૨,૧૨૨ | ૧૨,૭૯,૩૨૪ |
| સમાજ શિક્ષણ. | ૩૭૫ | ૪૭૬ | ૯,૯૬૦ | ૮,૬૩૧ |
| બીજી શાળાઓ. | ૧૭૨ | ૧૮૫ | ૩૮,૪૪૮ | ૩૯,૪૯૩ |
| કુલ ... | ૧,૭૬૯ | ૧,૮૯૯ | ૧૫,૫૨,૬૭૯ | ૧૬,૨૦,૬૫૦ |

નીચેના ફકરા શિક્ષણના જુદા જુદા તબકકે કન્યા શિક્ષણ અંગેની માહિતી આપે છે.—

**પ્રાથમિક શિક્ષણ**

૧૦.૨ ૧૯૭૦-૭૧માં પ્રાથમિક શાળાઓમાં કુલ ૩૪,૩૮,૭૫૩ વિદ્યાર્થીઓ ભણતા હતા તે પૈકી ૧૨,૭૯,૩૨૪ કન્યાઓ હતી. અટલે ટકાવારી ૩૭.૨ હતી, કુલ ૯૨,૮૦૧ પ્રાથમિક શિક્ષકો પૈકી સ્ત્રી શિક્ષકોની સંખ્યા ૩૧,૨૧૯ હતી. તાલીમ પામેલી શિક્ષિકાઓની સંખ્યા ૨૬,૭૫૦ હતી. જે કુલ તાલીમ પામેલા શિક્ષકોના ૩૨.૦૭ ટકા હતી.

**માધ્યમિક શિક્ષણ.**

૧૯૭૦-૭૧માં માધ્યમિક શાળાઓમાં કુલ ૭,૮૫,૮૬૫ વિદ્યાર્થીઓ ભણતા હતા. તે પૈકી ૨,૫૬,૩૭૮ કન્યાઓ હતી. આમ કન્યાઓની ટકાવારી ૩૨.૬ હતી. ૨૯,૨૨૯ શિક્ષકો પૈકી સ્ત્રી શિક્ષકોની સંખ્યા ૫,૭૬૦ હતી.

**ઉચ્ચ શિક્ષણ.**

૧૦.૪ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં ૧૯૭૦-૭૧માં કુલ ૧,૪૫,૫૮૪ વિદ્યાર્થીઓ ભણતા હતા. તે પૈકી ૩૬,૮૨૪ કન્યાઓ હતી. આમ કન્યાઓની ટકાવારી ૨૫.૨૯ હતી.

**ખર્ચ.**

૧૦.૫. કન્યાઓ અને મહિલાઓના શિક્ષણ અંગે કુલ ખર્ચનો ચોક્કસ ખ્યાલ આપવાનું શક્ય નથી કારણ કે મોટા ભાગની કન્યાઓ સહ શિક્ષણ લેતી હતી.

નીચેનો કોઠો કન્યાઓ માટેની અલગ સંસ્થાઓ પુરતું ખર્ચ બતાવે છે.—

| કોઠા નં. ૧૦ (૨) | ૧૯૭૦–૭૧ |
| --- | --- |
| ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ | ૩૬,૨૪,૧૦૦ |
| માધ્યમિક શાળાઓ | ૧,૯૯,૩૧,૦૬૧ |
| પ્રાથમિક શાળાઓ | ૨,૭૩,૨૩,૫૪૪ |
| સમાજ શિક્ષણ વર્ગો | ૭૫,૦૭૫ |
| બીજી શાળાઓ | ૩૬,૭૮,૭૨૬ |
| કુલ | ૫,૪૬,૩૨,૫૦૬ |

## પ્રકરણ–૧૧

## અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ

૧૧. હેવાલના આ પ્રકરણમાં અગાઉના પ્રકરણોમાં નહિ જણાવેલી ખાતાની શૈક્ષણિક પ્રવૃત્તિઓની સંક્ષિપ્ત માહિતી આપવામાં આવી છે.

- ક. પૂર્વ પ્રાથમિક શિક્ષણ.
- ખ. વ્યવસાયિક માર્ગદર્શન.
- ગ. પ્રાચ્ય ભાષાનો અભ્યાસ.
- ઘ. ગ્રંથાલય વ્યવસ્થા.
- ચ. સાહિત્યને સરકારી આશ્રય.
- છ. પાઠય પુસ્તક.
- જ. એન. સી. સી.
- ઝ. આશ્રમ શાળાઓ.
- ટ. શિષ્યવૃત્તિઓ.
- ઠ. ચિત્રકામ અને હુન્નર શિક્ષણ.
- ડ. રાજ્ય શિક્ષણ ભવન.

**ક. પૂર્વ પ્રાથમિક શિક્ષણ.**

કોઠા નં. ૧૧.(૧)

પૂર્વ પ્રાથમિક શિક્ષણ

| વ્યવસ્થા | ૧૯૬૯–૭૦ | | | ૧૯૭૦–૭૧ | | |
|---|---|---|---|---|---|---|
| | શાળાની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા | શાળાદીઠ સરેરાશ વિદ્યાર્થી | શાળાની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા | શાળાદીઠ સરેરાશ વિદ્યાર્થી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| સ્થાનિક સંસ્થા | ૨૧૯ | ૧૪૩૭૫ | ૬૬ | ૨૭૯ | ૧૫૪૯૫ | ૫૬ |
| અનુદાન લેતી | ૩૭૪ | ૨૭૫૦૪ | ૭૩ | ૩૬૧ | ૨૪૬૯૮ | ૬૮ |
| અનુદાન ન લેતી | ૧૬૧ | ૧૦૩૩૮ | ૬૪ | ૧૯૯ | ૧૭૦૮૬ | ૮૬ |
| કુલ ... | ૭૫૪ | ૫૨૨૧૭ | ૬૯ | ૮૩૯ | ૫૭૨૭૯ | ૬૮ |

ઉપરોકત કોઠામાં દર્શાવ્યા અનુસાર ૧૯૬૯-૭૦માં પૂર્વ પ્રાથમિક શાળાઓ ૭૫૪ અને તેમાં ભણતાં બાળકો ૫૨,૨૧૭ હતાં. તે હેવાલના વર્ષના અંતે પૂર્વ પ્રાથમિક શાળાઓ ૮૩૯ અને તેમાં ભણતાં બાળકો ૫૭,૨૭૯ થયાં. કોઠામાં શાળાઓ, બાળકો અને શાળા દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા અંગેની તુલનાત્મક માહિતી જે વર્ષની (વ્યવસ્થા પ્રમાણે) આપી છે. આ માહિતીમાં સમાજ કલ્યાણ ખાતા હસ્તકની બાલ વાડીઓનો સમાવેશ થતો નથી.

ઉપરોક્ત શાળાઓ પૈકી ૩૫૩ શાળાઓ શહેરી વિસ્તારમાં હતી અને તેમાં ૨૮,૮૮૦ બાળકો હતા જ્યારે ગ્રામ વિસ્તારમાં ૪૮૬ શાળાઓ હતી અને તેમાં ૨૮,૩૯૯ બાળકો ભણતાં હતાં. શહેરી વિસ્તાર અને ગ્રામ વિસ્તારમાં શાળા દીઠ સરેરાશ વિદ્યાર્થીઓ અનુક્રમે ૮૨ અને ૫૮ થાય છે.

રાજ્ય સરકારે પૂર્વ પ્રાથમિક શિક્ષણની સીધી જવાબદારી સ્વીકારેલ નથી. આ તબક્કાના શિક્ષણનું કાર્ય સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે ચાલે છે. સ્વૈચ્છિક સંસ્થાઓને તે માટે નિયમાનુસાર ગ્રાન્ટ આપવામાં આવે છે રાજ્ય સરકારે શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ નં. પીપી એસ/૧૦૬૬/૫૦૩૬૧-ક. તા. ૨૩મી જુલાઈ, ૧૯૬૯થી ૧૯૬૯-૭૦ના વર્ષ માટે જુના સૌરાષ્ટ્ર વિસ્તારના બાલમંદિરોને સૌરાષ્ટ્રના રિવાઈઝડ ગ્રાન્ટ-ઈન-એઈડ કોડના રૂલ્સના નિયમ ૬૫-૧ મુજબ ખર્ચના ૫૦ ટકા ગુજરાત વિસ્તાર-ના બાલમંદિરોના મુંબઈના રિવાઈઝડ કોડના રૂલ્સ નિયમ ૧૪૧ મુજબ ખર્ચના ૨૫ ટકા ગ્રાન્ટ સને ૧૯૬૫-૬૬ અને ત્યાર-બાદ શરૂ કરવામાં આવેલાં બાલમંદિરોની શિક્ષણ અને મજૂર વિભાગના સરકારી ઠરાવ ક્રમાંક પીપીએસ/૧૫૬૪/૪૨૩૨૭-ક, તા.૧૬મી જૂન, ૧૯૬૬થી બહાર પાડેલ નિયમ મુજબ ગ્રાન્ટ આપવી તેવું ઠરાવેલું છે.

સરકારશ્રીના ઠરાવ ક્રમાંક ૧૫૬૮-૮૪૫૦૫-ક, તા. ૧૮મી નવેમ્બર, ૧૯૬૮ અનુસાર ગ્રામ વિસ્તારના પૂર્વ પ્રાથમિક બાલ-મંદિરો--શાળાઓને ગ્રાન્ટ આપવાની હોય છે.

**શિક્ષકો :—**

નીચેના કોઠામાં પૂર્વ પ્રાથમિક શાળાના શિક્ષકોની વિગતો આપી છે:—

કોઠા નં. ૧૧ : (૨)

**પૂર્વ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો ૧૯૭૦-૭૧**

| તાલીમી શિક્ષકો | | | બિનતાલીમી શિક્ષકો | | | શિક્ષકોની કુલ સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|
| પુરૂષ ૧ | સ્ત્રી ૨ | કુલ ૩ | પુરૂષ ૪ | સ્ત્રી ૫ | કુલ ૬ | પુરૂષ ૭ | સ્ત્રી | કુલ ૯ |
| ૧૪૨ | ૮૨૯ | ૯૭૧ | ૩૩ | ૩૬૨ | ૩૯૫ | ૧૭૫ | ૧૧૯૧ | ૧૩૬૬ |

ઉપરના કોઠા ઉપરથી જોઈ શકાશે કે પૂર્વ પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સંખ્યા ૧૩૬૬ હતી. તાલીમી શિક્ષકોની સંખ્યા ૯૭૧ જે કુલ સંખ્યાના ૭૧.૧ ટકા હતી. શિક્ષિકાઓની ટકાવારી ૮૭.૨ હતી.

**ખર્ચ:—**

પૂર્વ પ્રાથમિક શાળાઓ અંગે સને ૧૯૬૯-૭૦માં રૂા. ૩૩,૩૨,૮૮૭નું ખર્ચ થયં હતું જ્યારે ૧૯૭૦-૭૧માં રૂા. ૩૬,૭૧,૩૯૩ થયું જેના સાધનવાર વહેંચણી નીચેના કોઠામાં આપેલી છે.

કોઠા નં. ૧૧ : (૩)

**પૂર્વ પ્રાથમિક શાળાઓ અંગેનું ખર્ચ ૧૯૭૦–૭૧.**

| સાધન | ૧૯૬૯–૭૦ | | ૧૯૭૦-૭૧ | |
|---|---|---|---|---|
| | ખર્ચ | કુલ ખર્ચની ટકાવારી | ખર્ચ | કુલ ખર્ચની ટકાવારી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| સરકારી ફંડ | ૪,૯૫,૫૧૪ | ૧૪.૮૬ | ૩,૦૬,૪૪૮ | ૮.૩ |
| સ્થાનિક બોર્ડ | ૫,૨૨,૬૫૪ | ૧૫.૬૮ | ૮,૧૯,૯૬૧ | ૨૨.૩ |
| ફી | ૧,૧૨,૯,૦૦૦ | ૩૩.૮૮ | ૯,૪૦,૬૩૮ | ૨૫.૭ |
| અન્ય | ૧૧,૮૫,૭૧૯ | ૩૫.૫૮ | ૧૬,૦૪,૩૪૬ | ૪૩.૭ |
| કુલ. ...... | ૩૩,૩૨,૮૮૭ | ૧૦૦.૦૦ | ૩૬,૭૧,૩૯૩ | ૧૦૦.૦૦ |

ઉપરની વિગત ઉપરથી જોઈ શકાશે કે ૧૯૬૯-૭૦માં પૂર્વ પ્રાથમિક શાળાઓ અંગેનું ૩૩.૮૮ ટકા ખર્ચ ફીમાંથી મેળવવામાં આવ્યું હતું અને સરકારી ફંડમાંનો ફાળો ૧૪.૮૬ ટકા હતો તે ૧૯૭૦-૭૧માં અનુક્રમે ૨૫.૭ ટકા અને ૮.૩ ટકા થયેલ છે.

**તાલીમિ સંસ્થાઓ.**

પૂર્વ પ્રાથમિક તાલીમ સંસ્થાઓ અંગેની માહિતી પ્રકરણ-૬ "શિક્ષકોની તાલીમ"માં આપી છે.

**બ—વ્યવસાયિક માર્ગદર્શન.**

૧. ગુજરાત રાજ્યની શરૂઆતથી જ વ્યવસાયિક માર્ગદર્શન કચેરી અસ્તિત્ત્વમાં આવી છે. આ કચેરીની મુખ્યત્ત્વે કામગીરી નીચે પ્રમાણે છે.

(૧) અભ્યાસ તેમજ તાલીમ વિષયક અને વ્યવસાયિક માહિતીનું એકત્રીકરણ તથા વિતરણ.

(૨) મનોવૈજ્ઞાનિક કસોટીઓ દ્વારા ઉમેદવારોને સલાહકાર્ય.

(૩) સંશોધન શિક્ષણશાસ્ત્રના વિદ્યાર્થીઓને વ્યવસાયિક માર્ગદર્શન અંગેના પ્રશ્નોના અન્વેષણ માટે સલાહસૂચન તેમજ ઉત્તેજન આપવા.

**૨. ટપાલ અને મુલાકાત દ્વારા અપાયેલ માર્ગદર્શન:**—શાળા મહાશાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અભ્યાસ-ક્રમની પસંદગી અને વ્યવસાયિક આયોજનમાં મદદરૂપ થવા રૂબરૂ તેમજ પત્ર દ્વારા માહિતી આપવામાં આવે છે. હેવાલના વર્ષ દરમ્યાન ૨૭૩૧ જેટલી વ્યકિતઓને રૂબરૂ તેમજ ૫૭૨૦ વ્યકિતઓને ટપાલ દ્વારા વ્યવસાયી માર્ગદર્શન આપ્યાં હતાં.

**૩. કારકિર્દી પરિષદોનું આયોજન અને હાજરી:**— વ્યવસાયી માર્ગદર્શન પ્રવૃત્તિ માટે જનમત કેળવાય અને સમાજમાં તે પ્રત્યે અભિરૂચી ઉત્પન્ન થાય અને સમાજ સક્રિયરીતે રસ લેતો થાય તે હેતુને લક્ષમાં રાખી શિક્ષણ અને રોજગાર વિભાગના સંયુકત ઉપક્રમે વર્ષ દરમ્યાન કારકીર્દિ આયોજન સંસ્થા અને આયોજન દિનની ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યની ગ્રામ વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પ્રવૃત્તિ અભિમુખ બને તે માટે શાળાઓને કારકીર્દિ પરિષદો યોજવા અનુ-રોધ કરવામાં આવ્યો હતો.

**૪. વ્યવસાયી પ્રદર્શનો:**—હેવાલના વર્ષ દરમિયાન જૂદીજૂદી શૈક્ષણિક સંસ્થાઓના ઉપક્રમે ૮૪ પ્રદર્શનો યોજવામાં આવ્યા હતા.

**૫. કારકિર્દી વિષયક વાર્તાલાપ:**—હેવાલના વર્ષ દરમ્યાન ૩૩૫ વાર્તાલાપો યોજવામાં આવ્યાં હતાં.

**૬. વાલી સંમેલન અને ફિલ્મ પ્રદર્શન:**—માર્ગદર્શન સેવાની પ્રવૃત્તિ તથા તેના કાર્યક્રમો જિવંત અને સમાજોપયોગિ બને તે માટે સમુહ માર્ગદર્શક કાર્યક્રમો જેવાં કે વાલી સંમેલનો અને ૮૦ ફિલ્મ દર્શનોના કાર્યક્રમોનું આયોજન વર્ષ દરમ્યાન કરવામાં આવ્યું હતું.

**૭. શાળા સલાહકારોની કામગીરી:**— શાળા કક્ષાએ માર્ગદર્શન પ્રવૃત્તિ વ્યવસ્થિત બને અને શાળાઓને આ પ્રવૃત્તિ માટે સહાયરૂપ થવાય તે માટે રાજ્ય સરકારે જામનગર, અબ્રામા, પાટણ અને રાજકોટની ચાર માધ્યમિક શાળામાં સલાહકારોની નિમણૂક કરી છે.

**૮. તાલીમ અભ્યાસક્રમો:**—માધ્યમિક શિક્ષકો માટેની તાલીમી સંસ્થાઓમાં અભ્યાસ કરતા બી. એડના તાલીમાર્થીઓ પૈકી "વ્યવસાયીક માર્ગદર્શન"ને ઐચ્છિક વિષય તરીકે પસંદ કર્યું હોય તેવા તાલીમાર્થી માટે ૧૦ દિવસના ચાર કારકીર્દિ શિક્ષણ તાલીમી વર્ગો યોજવામાં આવ્યાં હતાં.

**૯. પ્રકાશન કાર્ય:**—હેવાલના વર્ષ દરમ્યાન ૧૨ પ્રકાશનો ઉમેદવારોના માર્ગદર્શન માટે બહાર પાડવામાં આવ્યાં હતાં.

**ગ. પ્રાચ્ય ભાષાનો અભ્યાસ**

૧૯૭૦-૭૧ના પ્રાચ્ય ભાષાના અભ્યાસ માટે ૨૯ પાઠશાળાઓ હતી. આ સંસ્થાઓ ઉપર રૂા. ૩,૩૦,૦૪૫ ખર્ચ થયું હતું. તે પૈકી રાજ્ય તરફથી રૂા. ૧,૬૦,૪૯૩ ખર્ચ થયું હતું.

રાજ્યમાં સંસ્કૃતના ઉચ્ચ અભ્યાસ માટેની બે સંસ્થાઓ હતી. (૧) ઓરીએન્ટલ ઈન્સ્ટીટયુટ, વડોદરા અને (૨) સંસ્કૃત મહાવિદ્યાલય, વડોદરા, આ સંસ્થાઓ ઉપર કુલ રૂા. ૨,૮૭,૪૭૪,ખર્ચ થયું હતું. હેવાલના વર્ષ દરમ્યાન એસ.એસ.સી. પરીક્ષામાં ૪૭,૦૯૨ વિદ્યાર્થીઓ પ્રાચ્ય ભાષાનો વિષય લઈ પરીક્ષામાં બેઠાં હતાં. તે પૈકી ૨૪,૨૨૩ વિદ્યાર્થીઓ સફળ થયાં હતાં. ૪૪,૩૪૯ વિદ્યાર્થીઓએ સંસ્કૃત લીધું હતું અને ૨,૭૪૩ વિદ્યાર્થીઓએ ફારસી અને એરેબીક ભાષાઓ લીધી હતી.

**ઘ—ગ્રંથાલય વ્યવસ્થા**

ગુજરાત રાજ્ય નિર્માણ થયું ત્યારે સને ૧૯૬૦માં ગુજરાત રાજ્યના ગ્રંથાલય વ્યવસ્થા અધિકારીની કચેરી અસ્તિત્વમાં આવી ત્યારથી આ કચેરી ગુજરાત રાજ્યના શ્રી શિક્ષણ નિયામકની તાબાની કચેરી તરીકે કામ કરતી આવી છે. આ કચેરીની કામગીરી ટૂંકમાં નીચે પ્રમાણે છે.

(૧) જાહેર ગ્રંથાલયોની તપાસણી કરી, માન્યતા તથા ગ્રાન્ટ આપવી.

(૨) સરકારી સાર્વજનિક પુસ્તકાલયોની દેખરેખ તથા તપાસણી.

(૩) પુસ્તકો-સામયિકોની પુસ્તકાલયોને ભલામણ કરવી, તેની યાદીઓ બહાર પાડવી, ગુજરાત સાહિત્ય હરીફાઈનું સંચાલન કરવું.

(૪) રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની પુસ્તકાલય વિકાસ યોજનાઓ ઘડવી અને તેનો અમલ કરવો.

હાલ ગુજરાત રાજ્યમાં કુલ ૪૪૧૩ પુસ્તકાલયો છે. ગ્રંથાલય વ્યવસ્થા અધિકારી નીચે ત્રણ મદદનીશ ગ્રંથાલય વ્યવસ્થા અધિકારીઓ કામ કરે છે. આ ત્રણ મદદનીશોની કચેરીઓ અમદાવાદ, વડોદરા અને રાજકોટ ખાતે છે. વડોદરાના મદદનીશ ગ્રંથાલય વ્યવસ્થા અધિકારી, વડોદરા, ભરૂચ, વલસાડ, સુરત, પંચમહાલ અને ડાંગ એમ છ જિલ્લામાં આવેલા નગરકક્ષા-૧ અને ૨ તેમજ મહિલા અને બાળ પુસ્તકાલયોનો કારોબાર સંભાળે છે. અમદાવાદના મદદનીશ ગ્રંથાલય વ્યવસ્થા અધિકારી અમદાવાદ, મહેસાણા, ખેડા, સાબરકાંઠા, બનાસકાંઠા અને ગાંધીનગર એમ છ જિલ્લાઓમાં આવેલા આવા જ પ્રકારના ગ્રંથાલયોનો કારોબાર સંભાળે છે. જ્યારે રાજકોટના મદદનીશ ગ્રંથાલય વ્યવસ્થા અધિકારીના તાબામાં કચ્છ, જામનગર, ભાવનગર, અમરેલી અને રાજકોટ એમ સાત જિલ્લાઓ છે.

**ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતેનું રાજ્ય મધ્યવર્તી પુસ્તકાલય.**

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ તરફથી ચલાવાતા ગ્રંથાલયને ગુજરાત રાજ્યના મધ્યવર્તી પુસ્તકાલય તરીકે તારીખ ૪થી નવેમ્બર ૧૯૬૩ થી જાહેર કરેલ છે અને હેવાલના વર્ષ દરમિયાન તેણે રાજ્ય મધ્યવર્તી પુસ્તકાલય તરીકે કામ કરવાનું ચાલુ રાખ્યું છે.

સદરહુ પુસ્તકાલયના કામકાજની પ્રગતિ નીચે પ્રમાણે પત્રક "ક"માં આપેલી છે.

**પત્રક "ક"**

**ગુજરાત વિદ્યાપીઠ અને રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, અમદાવાદ ૧૯૭૦—૭૧ ભાષાવાર ગ્રંથ સંખ્યા અંગે માહિતી આપતું પત્રક**

| અનુ. નં. | ભાષા | વિદ્યાપીઠ પુસ્તકાલયના ગ્રંથો | | | કોપીરાઈટ વિભાગના | | | આસન ૫ અને ૮ના સરવાળો ૧૯૭૦-૭૧ ના કુલ પુસ્તકો |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬૯-૭૦ ના અંતે | ૭૦-૭૧ માં ઉમેરાયેલા | કુલ | ૬૯-૭૦ ના અંતે | ૭૦-૭૧ માં ઉમેરાયેલા | કુલ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | અંગ્રેજી | ૪૪૮૯૪ | ૪૪૭૩ | ૪૯૩૬૭ | ૧૩૨૩ | ૩૦૬ | ૧૬૨૯ | ૫૦૯૯૬ |
| ૨ | ગુજરાતી | ૨૯૧૪૫ | ૧૮૦૬ | ૩૦૯૫૧ | ૬૦૩૯૪ | ૧૫૦૩ | ૬૧૮૯૭ | ૯૨૮૪૮ |
| ૩ | હિન્દી | ૧૭૪૫૩ | ૧૭૩૪ | ૧૯૧૮૭ | ૩૬૫ | ૫૪ | ૪૧૯ | ૧૯૬૦૬ |
| ૪ | મરાઠી | ૨૦૯૬ | ૧૨ | ૨૧૦૮ | ૨૨૮ | ૧૬ | ૨૪૪ | ૨૩૫૨ |
| ૫ | ઈતર | ૭૫૫૫ | ૪૦૧ | ૭૯૫૬ | ૬૧ | ૧૦ | ૭૧ | ૮૦૨૭ |
| | | કુલ ૧૦૧૧૪૩ | ૮૪૨૬ | ૧૦૯૫૬૯ | ૬૨૩૭૧ | ૧૮૮૯ | ૬૪૨૬૦ | ૧૭૩૮૨૯ |

સને ૧૮૬૭ના પ્રેસ એન્ડ રજીસ્ટ્રેશન ઓફ બુકસ એકટ નીચે ગુજરાત રાજ્યમાં છપાતા દરેક ભાષાના પુસ્તકોની બે બે નકલો આ પુસ્તકાલયને મળે છે.

(ક) ભાષાવાર વંચાયેલા પુસ્તકોની સંખ્યા (ગ્રંથાલય વિભાગ) :—

| અનુ. અંક | ભાષા | વંચાયેલ પુસ્તકોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ગુજરાતી | ૩૯૬૪૪ |
| ૨. | અંગ્રેજી | ૧૧,૧૬૭ |
| ૩. | હિન્દી | ૧૦,૦૮૪ |
| ૪. | મરાઠી | ... |
| ૫. | ઈતર | ૧૭૯ |
| | કુલ | ૬૧,૦૭૪ |
| (ખ) | અધ્યયન વિભાગમાં વંચાયેલાં પુસ્તકો | ૧૫,૩૬૯ |
| (ગ) | કોપી રાઈટ વિભાગમાં વંચાયેલાં પુસ્તકો | ૬,૭૪૭ |
| | કુલ | ૨૨,૧૧૬ |
| | એકંદર કુલ | ૮૩,૧૯૦ |

સને ૧૯૭૦-૭૧માં કુલ ૪૯૬ સામયિકો મંગાવવામાં. આવેલ આ પૈકી ૨૫૩ ભેટ તરીકે મળેલ છે. ૨૪૩ સામયિકના લવાજમ પુસ્તકાલયે ભરેલ છે જેની લવાજમની રકમ રૂા. ૯૮૦૬ થાય છે.

**નોંધાયેલા સભ્યો :—**

૧૯૬૯–૭૦ ના અંત સુધીમાં કુલ મેમ્બરો ૫૨૮૫ હતા. હેવાલના વર્ષ દરમ્યાન પુસ્તકાલયના નવા નોંધાયેલા સભ્યોની સંખ્યા ૮૩૪ તે રીતે ૭૦-૭૧ના અંતે કુલ ૫૮૯૨ સભ્યોની સંખ્યા હતી.

આ વર્ષ દરમ્યાન પુસ્તકાલયને રૂા. ૯૦,૦૦૦ની વાર્ષિક ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી.

**મધ્યવર્તી પુસ્તકાલય, વડોદરા.**

વડોદરા ખાતેના મધ્યવર્તી પુસ્તકાલયમાં નીચે પ્રમાણે વિભાગો છે:—

(૧) વાંચનાલય, (૨) આપ-લે વિભાગ, (૩) બાળ વિભાગ, (૪) મહિલા વિભાગ, (૫) કોપી રાઈટ વિભાગ, (૬) અનુલય વિભાગ, (૭) વાંચન વર્તુલ અને (૮) કચેરી.

હેવાલના વર્ષે આ પુસ્તકાલય પાછળ રૂા. ૧,૧૯,૧૦૪નું ખર્ચ થયું હતું. જેમાં યોજના નીચે પુસ્તક ખરીદી માટે આપેલ રૂા. ૧૯,૯૯૮ની વિશિષ્ટ ગ્રાન્ટનો સમાવેશ થાય છે.

નીચેના પત્રકો ઉપરથી આ પુસ્તકાલયની પ્રગતિનો ખ્યાલ આવશે :—

**(ક) પુસ્તકોની સંખ્યા.**

| અનુ. નંબર | ભાષા | તા. ૩૧-૩-૭૦ના રોજ પુસ્તકોની સંખ્યા | ૭૦-૭૧ના વર્ષ દરમ્યાન વધારો | તા. ૩૧-૩-૭૧ના રોજ પુસ્તકોની કુલ સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | અંગ્રેજી | ૫૭૪૧૨ | ૩૦૯ | ૫૭૭૨૧ |
| ૨. | ગુજરાતી | ૫૮૮૬૦ | ૧૨૯૦ | ૬૦૧૫૦ |
| ૩. | મરાઠી | ૪૧૭૬૮ | ૬૯૦ | ૪૨૪૫૮ |
| ૪. | હિન્દી | ૮૪૧૭ | ૩૦૧ | ૮૭૧૮ |
| ૫. | ઉર્દુ | ૫૫૫૯ | ૨૫૮ | ૫૮૧૭ |
| | કુલ | ૧૭૨૦૧૬ | ૨૮૪૮ | ૧૭૪૮૬૪ |

(ખ) ૧૮૬૭ના પ્રેસ અને રજીસ્ટ્રેશન ધારા નીચે માર્ચ ૭૦ સુધીમાં આવેલ પુસ્તકોની સંખ્યા ૫૬૧૭ હતી, તેમાં આ વર્ષે દરમ્યાન ૬૦૯ નવા ઉમેરાતા સને ૭૦-૭૧ને અંતે કોપીરાઈટ વિભાગના કુલ પુસ્તકો થાય છે. ... ... ... ... ... ૬૨૨૬

કુલ પુસ્તકો ... ૧૮૨૯૫૨

**પુસ્તકોની ફેરણી :**

| અનુ. નંબર | વિભાગ | વાંચવા આપેલ પુસ્તકોની કુલ સંખ્યા | વાંચવા આપેલ પુસ્તકોની દૈનિક સંખ્યા | દરરોજના વાંચકોની સરેરાશ સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | આપ-લે વિભાગ ... ... ... | ૧૨૩૬૮૩ | ૪૩૩ | ૨૧૭ |
| ૨. | મહિલા વિભાગ ... ... ... | ૩૩૪૪૬ | ૧૧૬ | ૭૨ |
| ૩. | બાળ વિભાગ ... ... ... | ૫૮૨૮૨ | ૨૦૨ | ૨૧૦ |
| ૪. | અનુલય વિભાગ ... ... ... | ૭૨૯૮ | ૩૫ | ૩૦ |
| | કુલ ... | ૨૨૨૭૦૯ | ૭૮૬ | ૫૨૯ |

**નોંધાયેલા સભ્યો :**

| અનુ. નંબર | વિભાગ | ૩૧-૩-૭૦ ના રોજ સભ્યોની સંખ્યા | વધારો | ૩૧-૩-૭૧ના રોજ સભ્યોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | સામાન્ય વિભાગ ... ... ... | ૪૧૯૪ | ૨૬૨ | ૪૪૫૬ |
| ૨. | મહિલા વિભાગ ... ... ... | ૨૧૩ | ૫ | ૨૧૮ |
| ૩. | બાળ વિભાગ ... ... ... | ૧૦૮૪ | ૮૧ | ૧૧૬૫ |
| | કુલ ... | ૫૪૯૧ | ૩૪૮ | ૫૮૩૯ |

વડોદરાની મધ્યવર્તી પુસ્તકાલય એ સરકાર સંચાલિત છે તેથી સંપૂર્ણ જાહેર પુસ્તકાલય છે અને સભ્યોને પુસ્તકો વાંચવા લઈ જવા માટે કોઈપણ જાતનું લવાજમ આપવું પડતું નથી.

**મંગાવવામાં આવતા સામયિકો**

| અનુ. નંબર | ભાષા | સામયિકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | ગુજરાતી ... ... ... ... ... | ૧૩૭ |
| ૨. | મરાઠી ... ... ... ... ... | ૫૨ |
| ૩. | હિન્દી ... ... ... ... ... | ૩૬ |
| ૪. | સિન્ધી ... ... ... ... ... | ૩ |
| ૫. | ઉર્દુ ... ... ... ... ... | ૫ |
| ૬. | અંગ્રેજી ... ... ... ... ... | ૧૧૧ |
| | કુલ ... | ૩૪૪ |
| | લવાજમ ભરેલા સામયિકોની સંખ્યા ... ... ... ... | ૧૬૫ |
| | ભેટ મળેલા સામયિકોની સંખ્યા ... ... ... ... | ૧૭૯ |
| | કુલ ... | ૩૪૪ |

દરરોજ સરેરાશ ૮૦૦ વાંચકો વાંચનાલયનો લાભ લે છે.

કલકત્તાની નેશનલ લાયબ્રેરીમાં મળતા ગુજરાતી ભાષાના પુસ્તકોની માસિક ગ્રંથસૂચિ પ્રકાશિત કરવાની જવાબદારી ગુજરાત રાજ્યે સંભાળી છે. આ કામ વડોદરાના મધ્યવર્તી પુસ્તકાલયને સોંપવામાં આવી છે. હેવાલના વર્ષ સુધીમાં ઓકટોબર ૭૦ સુધીની આવી ૧૨ માસિક યાદીઓ બહાર પાડવામાં આવેલ છે.

શિષ્ટ સાહિત્યનાં પુસ્તકોની ૪ ત્રૈમાસિક યાદીઓ "પુસ્તકાલય" માસિકમાં આ વર્ષ દરમ્યાન પ્રસિદ્ધ કરવામાં આવી છે.

**સરકારી જાહેર પુસ્તકાલયો :**

વડોદરાના મધ્યવર્તી પુસ્તકાલય ઉપરાંત સરકાર તરફથી ચલાવવામાં આવતા ગ્રંથાલયો નીચે મુજબ છે:—

| પુસ્તકાલયનો પ્રકાર | સંખ્યા |
|---|---|
| સરકારી જાહેર પુસ્તકાલય ... ... ... ... | ૧૨ |
| સરકારી જાહેર મહિલા પુસ્તકાલય ... ... ... | ૨ |
| સમન્વિત ગ્રંથાલય સેવા (ઈન્ટીગ્રેટેડ લાઈબ્રેરી સર્વિસ) ... ... ... ... | ૨ |
| કુલ ... | ૧૬ |

૨. આ ઉપરાંત રાજકોટ વિભાગના પાંચ જિલ્લાઓના જે તે વિભાગની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ હસ્તક સરકારશ્રીને ગ્રામ વિસ્તારોના ઉપયોગ માટેના ફરતા પુસ્તકાલયો, સ્ટાફ અને વાહન સાથે સોંપ્યા છે જેનું સંચાલન જિલ્લા શિક્ષણ સમિતિ કરે છે. આ ફરતા પુસ્તકાલયોના એકમોને કુલ રૂા. ૩૦,૦૦૦ની પુસ્તક તથા ફર્નીચર ખરીદી માટે ખાસ ગ્રાન્ટ આપવામાં આવેલ હતી.

**પુસ્તકોની સંખ્યા અને ખર્ચ.**

હેવાલના વર્ષ દરમ્યાન સંદર ૧૬ સરકારી પુસ્તકાલયો માટે કુલ ખર્ચ રૂા. ૩,૧૭,૬૨૬ થયેલ હતું જેમાં વાંચન સામગ્રી ઉપર રૂા. ૧,૨૨,૯૪૮ના ખર્ચનો સમાસ થાય છે. વર્ષ આખરે આ પુસ્તકાલયોમાં કુલ ૩,૨૬,૮૨૮ પુસ્તકો હતા.

**પુસ્તકોની ફેરણી અને "વાંચકો"**

આ પુસ્તકાલયોમાંથી ૨૧૩૬૧ વાંચકોને વર્ષ દરમ્યાન ૫,૧૫,૩૬૦ પુસ્તકો વાંચવા લઈ ગયેલ.

આ પુસ્તકાલયોના વાંચનાલયોમાં દૈનિક સરેરાશ વાંચકોની હાજરી ૬૯૭૨ હતી.

આ સિવાય સરકારી ગ્રાન્ટ મેળવતા વિવિધ કક્ષાના પુસ્તકાલયોની હકીકત આ સાથેના પત્રક "ખ" પ્રમાણે છે.

**પત્રક "ખ"**

**ગ્રામ પુસ્તકાલયો તથા મધ્યસ્થ પુસ્તકાલય સિવાયના ગ્રાન્ટ લેતા પુસ્તકાલયોની સને ૧૯૭૦–૭૧ના વર્ષની હકીકત દર્શાવતું પત્રક**

| પુસ્તકાલયનો પ્રકાર | પુસ્તકાલયની સંખ્યા | સને ૭૦-૭૧માં આપેલી કુલ ગ્રાન્ટ | | પુસ્તકાલયનું કુલ ખર્ચ | પુસ્તકોની સંખ્યા | વાંચન સાહિત્ય પાછળ ખર્ચ | કેટલા પુસ્તકાલયને પોતાનું મકાન છે? | વાંચકોની સંખ્યા | દૈનિક હાજરી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ગ્રાન્ટ | ખાસ ગ્રાન્ટ | | | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| શહેર ગ્રંથાલયો | ૧૯ | ૮૫૬૧૬ | ૨૩૩૦૦ | ૨૪૫૧૩૬ | ૩૭૨૫૦૩ | ૯૫૯૪૪ | ૧૫ | ૪૮૯૮૪૪ | ૭૫૮૩ |
| શહેર શાખા ગ્રંથાલયો | ૧૮ | ૨૮૭૨૫ | ૯૩૫૦ | ૧૪૩૮૧૬ | ૧૬૫૬૦૫ | ૪૯૬૩૪ | ૯ | ૨૬૩૭૬૬ | ૪૨૩૦ |
| નગરકક્ષા-૧ | ૧૧૩ | ૧૩૮૫૨૧ | ૬૨૨૦૦ | ૪૩૯૮૪૯ | ૬૫૬૪૯૬ | ૧૮૪૪૭૯ | ૮૯ | ૭૬૪૨૩૬ | ૨૩૧૯૩ |
| નગરકક્ષા-૨ | ૧૨૩ | ૯૦૦૮૯ | ૩૯૭૫૦ | ૨૭૨૧૩૧ | ૪૬૪૫૩૯ | ૧૧૯૫૪૯ | ૯૭ | ૨૯૧૩૨૦ | ૧૬૮૧૧ |
| મહિલા પુસ્તકાલયો | ૪૩ | ૧૯૭૧૧ | ૭૭૪૨ | ૬૨૮૮૩ | ૯૨૮૫૫ | ૨૪૮૭૯ | ૨૯ | ૧૧૭૪૧૮ | ૧૬૦૨ |
| બાળ પુસ્તકાલયો | ૩૪ | ૩૮૩૬ | ૩૨૧૨ | ૧૬૯૬૨ | ૭૫૪૮૬ | ૭૨૪૫ | ૨૮ | ૫૪૫૩૦ | ૨૪૨૯ |
| વિશિષ્ટ પુસ્તકાલયો | ૫ | ૩૮૨ | -- | ૯૦૫ | ૨૭૭૬ | ૭૯૦ | — | ૧૬૭૫ | ૫૦ |
| કુલ સરવાળો | ૩૫૫ | ૩૬૬૮૮૦ | ૧૪૫૫૫૪ | ૧૧૮૧૬૮૨ | ૧૮૩૦૨૬૦ | ૪૮૨૫૨૦ | ૨૬૫ | ૧૯૮૨૭૮૯ | ૫૫૮૯૮ |

**ગ્રામ પુસ્તકાલયો :**

ઉપર જણાવેલ જુદા જુદા પ્રકારના પુસ્તકાલયો ઉપરાંત હેવાલના વર્ષ દરમ્યાન ૪૦૪૧ ગ્રામ પુસ્તકાલયો હતા અને તેમને કુલ રૂા. ૨,૪૯,૦૦૨ ની ગ્રાન્ટ આપવામાં આવી હતી. ઉપરાંત નવા ગ્રામ પુસ્તકાલયો શરૂ કરવા માટે રૂા. ૨૩,૦૦૦ની ખાસ ગ્રાન્ટ આપેલ છે. આ પુસ્તકાલયોની જિલ્લાવાર સંખ્યા અને આપેલી ગ્રાન્ટની વિગતો નીચે પ્રમાણે છે.

**ગ્રામ પુસ્તકાલયો ૧૯૭૦-૭૧**

| અનુ. નંબર | જિલ્લાનું નામ | ગ્રામ ગ્રંથાલયોની સંખ્યા | આપેલી ગ્રાન્ટની રકમ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | રૂા. | રૂા. |
| ૧. | ભરૂચ | ૩૯૯ | ૧૪૦૦૦ |
| ૨. | મહેસાણા | ૮૫૩ | ૭૫૦૦૦ |
| ૩. | ખેડા | ૩૯૧ | ૧૫૫૦૦ |
| ૪. | અમરેલી | ૧૪૦ | ૮૭૬૫ |
| ૫. | કચ્છ | ૧૦ | ... |
| ૬. | પંચમહાલ | ૩૧૫ | ૧૬૦૦૦ |
| ૭. | બનાસકાંઠા | ૧૮૫ | ૧૦૭૦૦ |
| ૮. | સાબરકાંઠા | ૧૨૭ | ૩૦૦૦ |
| ૯. | વડોદરા | ૭૯૨ | ૬૮૦૦૦ |
| ૧૦. | અમદાવાદ | ૬૩ | ૨૫૦૦ |
| ૧૧. | ભાવનગર | ૭૦ | ૨૦૦૦ |
| ૧૨. | સુરત | ૩૫૩ | ૧૨૦૦૦ |
| ૧૩. | જામનગર | ૫ | ૫૦૦ |
| ૧૪. | વલસાડ | ૨૪૧ | ૧૨૫૫૩ |
| ૧૫. | સુરેન્દ્રનગર | ... | ... |
| ૧૬. | રાજકોટ | ૫૬ | ૫૨૦૦ |
| ૧૭. | જૂનાગઢ | ૪ | ૩૫૦ |
| ૧૮. | ડાંગ | ... | ... |
| ૧૯. | ગાંધીનગર | ૩૭ | ૨૯૩૪ |
| | કુલ | ૪૦૪૧ | ૨૪૯૦૦૨ |

ચોથી યોજના હેઠળ હેવાલના વર્ષ દરમ્યાન થયેલ કાર્ય.

| અનુ. નંબર | વિગત | રકમ | લાયબ્રરીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | રૂા. | |
| ૧. | મધ્યવર્તી પુસ્તકાલય, વડોદરાનું વિસ્તૃતિકરણ (પુસ્તકો માટે) ... ... | ૧૯૯૯૮ | ૧ |
| ૨. | સરકારી જિલ્લા પુસ્તકાલયોનું વિસ્તૃતિકરણ (પુસ્તકો માટે) ... ... | ૫૯૮૪૧ | ૬ |
| ૩. | સરકારી જિલ્લા પુસ્તકાલયોનું વિસ્તૃતિકરણ (ફરનીચર માટે) ... ... | ૧૭૯૨૫ | ૬ |
| ૪. | નવા ગ્રામ પુસ્તકાલયો ખોલવા માટે ... ... ... | ૨૩૦૦૦ | ૨૩ |
| ૫. | જાહેર પુસ્તકાલયોના મકાન દુરસ્તી માટે ... ... | ૧૩૩૭૫ | ૪૯ |
| ૬. | જાહેર પુસ્તકાલયોને (પુસ્તકો માટે) ... ... ... | ૧૦૮૧૮૦ | ૧૦૮ |
| ૭. | જાહેર પુસ્તકાલયોને (ફરનીચર માટે) ... ... ... | ૨૫૦૦૦ | ૭૦ |
| ૮. | પરિષદ, સેમિનાર અને પ્રદર્શનો માટે ... ... ... | ૫૧૪૭ | ૧૪ |
| ૯. | લાયબ્રેરી એસોસીએશનને પબ્લીકેશન માટે ... ... | ૫૦૦૦ | ૧ |
| ૧૦. | ગ્રામ પુસ્તકાલયોને મકાન મરામત, મકાન દુરસ્તી ફર્નીચર અને પુસ્તકો માટે ... | ૧૪૪૮૭૫ | ૪૪૧ |
| ૧૧. | ગાંધીનગર લાયબ્રેરી ... ... ... | ૨૨૨૪૪ | ૧ |
| | કુલ ... | ૪૪૪૫૮૫ | ૭૨૦ |

**તાલીમ પામેલા કર્મચારી :**

તાલીમ પામેલ કર્મચારીને પુસ્તકાલયોની પ્રાથમિક જરૂરિયાતો પૈકી એક છે. અત્યાર સુધી ગણ્યા ગાંઠયા પુસ્તકાલયોમાં તાલીમ પામેલ કર્મચારીઓ છે. ૧૯૫૧ થી જે કોર્સ પાંચ અઠવાડિયાનો ચાલતો હતો તેને વિસ્તૃત કરી સને ૧૯૬૯–૭૦ થી ચાર માસનો કરવામાં આવ્યો છે. આ માટે અમદાવાદ ખાતે ગુજરાત પુસ્તકાલય મંડળ તરફથી અને વલ્લભ વિદ્યાનગર ખાતે સરદાર વલ્લભ યુનિ. તરફથી વર્ગો ચલાવવામાં આવ્યા હતા. રાજય પરીક્ષા બોર્ડ, અમદાવાદ તરફથી આ વર્ગની પરીક્ષા લેવામાં આવેલી તેમાં ૧૪૩ પરીક્ષાર્થીઓ બેઠા હતા તેમાંથી ૬૮ પાસ જાહેર થયા હતા.

**પુસ્તકાલય મંડળ :**

હેવાલના વર્ષમાં અમદાવાદ ખાતેના ગુજરાત પુસ્તકાલય મંડળને સરકાર તરફથી માન્યતા આપવામાં આવી હતી. આ મંડળને હેવાલના વર્ષ દરમ્યાન રૂા. ૭૦૦૦/-ની ગ્રાન્ટ આપવામાં આવી હતી. તદુપરાંત સને ૭૦–૭૧માં મંડળને રૂા. ૫૦૦ની પુસ્તક પ્રકાશન માટે વિશિષ્ટ સહાય આપવામાં આવી હતી. પ્રચારકો મારફતે પુસ્તકાલય પ્રવૃત્તિના વિકાસ માટે રાજ્યમાં પ્રચાર કરવામાં આવ્યો હતો. તેમજ જિલ્લા અને તાલુકા સ્થળે કેટલીક પરિષદો યોજવામાં આવી હતી.

**પ્રદર્શન અને સેમિનાર :**

હેવાલના વર્ષ દરમ્યાન ગાંધીનગર ખાતે રાજ્યના જાહેર પુસ્તકાલયોના તથા સરકારી પુસ્તકાલયોના ગ્રંથાલયોને સેમિનાર ૨૫–૨૬ જાન્યુઆરી ૭૧માં ભરવામાં આવેલ. જેનું ઉદ્‌ઘાટન રાજ્યના વિધાનસભાના અધ્યક્ષશ્રીએ કરેલ હતું. આ અંગે કુલ રૂા. ૨૧૫૦નું ખર્ચ થયેલ હતું.

હેવાલના વર્ષમાં કપડવંજ, ખેરાલુ, કલોલ, મોડાસા, વાઘોડિયા, ઝગડીયા, લુણાવાડા, દ્વારકા, લીંબડી, મહુવા, જાફરાબાદ, ખંભાત, ભૂજ અને વડોદરા સ્થળે આવેલ ૧૩ જાહેર પુસ્તકાલયોમાં પુસ્તકોના પ્રદર્શન ભરાયેલ અને તે માટે જે તે પુસ્તકાલયોને કુલ રૂા. ૨૮૦૦ની આ માટે ખાસ સહાય આપવામાં આવેલી.

### ચ. સાહિત્યને સરકારી આશ્રય.

દર વર્ષે સાહિત્યને પ્રોત્સાહન આપવાના આશયથી બજેટમાં અમુક રકમની જોગવાઇ કરવામાં આવે છે. લેખકોને સરકારી
સહાય આપવાના આશયથી આ રકમમાંથી શૈક્ષણિક દૃષ્ટિએ ઉપયોગી પુસ્તકોની પ્રતો ખરીદવામાં આવે છે. જે પુસ્તકો એવા
ટેકનિકલ કે વિશિષ્ટ પ્રકારના હોય કે જે ખરીદનારાની મોટી સંખ્યા ના હોય અથવા કિંમતની દૃષ્ટિએ ખૂબ કિંમતી હોય એવા
પુસ્તકો જ આ યોજના હેઠળ ખરીદવાના હોય છે. સરકારી સહાયની રીતે ખરીદાયેલા આવા પુસ્તકો સરકારી સંસ્થાઓમાં અને
કેટલાક વિશિષ્ટ કિસ્સાઓમાં બિન સરકારી શૈક્ષણિક સંસ્થાઓમાં પુસ્તકાલયોમાં, સંશોધન સંસ્થાઓમાં વહેંચવાના હોય છે. અહેવા-
વાલના વર્ષમાં ગવર્નમેન્ટ પેટ્રોનેજ ટુ લીટરેચર બજેટ હેડ હેઠળ સાહિત્યની પ્રોત્સાહન અપવાની દૃષ્ટિએ બજેટમાં રૂા. ૭૦,૦૦૦ની
જોગવાઇ કરવામાં આવેલી તેમાંથી રૂા. ૪૨૮૩૪ નો ખર્ચ થયેલ. આ પુસ્તકો સરકારી અને બિન સરકારી શૈક્ષણિક સંસ્થાઓમાં
વહેંચવામાં આવેલ છે.

આ ખાતા હેઠળની સરકારી અને બિન સરકારી શૈક્ષણિક સંસ્થાઓને અભિરૂચિયુક્ત અન્ય પુસ્તકો અને સામયિકોની જાણ
કરવામાં આવી હતી.

### છ. પાઠ્ય પુસ્તકો.

#### પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના પાઠ્ય પુસ્તક

મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ તેમજ તે હેઠળના નિયમો અન્વયે પ્રાથમિક શાળાઓમાં પાઠ્ય પુસ્તકો મંજૂર
કરવાનો અધિકાર સરકારશ્રી હસ્તક છે અને સરકારશ્રીએ અથવા શિક્ષણ નિયામકશ્રીએ જે પુસ્તકો મંજૂર ન કર્યા હોય તે
પુસ્તકો સરકારી અથવા માન્ય પ્રાથમિક શાળાઓમાં ચલાવી શકાય નહિ.

ગુજરાત રાજ્યમાં માધ્યમિક શાળાઓમાં પણ મંજૂર થયેલા પાઠ્ય પુસ્તકો ચલાવવા જોઈએ. શાળાઓમાં ચલાવવાના પુસ્તકો
મંજૂર કરવા સંબંધિના પ્રશ્નોના નિર્ણય કરવામાં શિક્ષણ નિયામકશ્રીને સહાય કરવા સરકારી અને બિન સરકારી સભ્યોની ગુજ-
રાતી, અંગ્રેજી હિન્દી, ઉર્દુ, મરાઠી અને સિંધી ભાષાના પાઠ્ય પુસ્તકે માટેની રચવામાં આવેલ સ્કૂલબૂક કમિટિ અહેવાલના
વર્ષ દરમ્યાન ચાલુ રહેલ હતી. પાઠ્ય-પુસ્તકોની કિંમત નક્કી કરવા માટે બે સરકારી અને બે બિન સરકારી અને શિક્ષણ નિયામકશ્રી
નીમે તે સચિવની એક કિંમત નિર્ણાયક (Price Fixation) સમિતિ ચાલુ હતી.

નવા અભ્યાસક્રમ મુજબ ધો. ૧ થી ૪ના ગુજરાતી માતૃભાષાના તથા બીજી ભાષાના સને ૧૯૬૯--૭૦ માટે પાઠ્ય-પુસ્તકોની
ફરીથી કિંમત નક્કી કરવામાં આવી. ધો. ૧ થી ૪માં નવા અભ્યાસક્રમ અનુસાર લખાયેલો પાઠ્ય-પુસ્તકો ૧૯૬૯--૭૦ના શૈક્ષણિક
વર્ષથી રાજ્યની બધી શાળાઓમાં દાખલ કરવામાં આવ્યા છે.

છેલ્લા થોડા વર્ષો દરમ્યાન દેશના કેટલાક રાજ્યોએ શાળાના પાઠ્ય-પુસ્તકોનું રાષ્ટ્રીયકરણ કરવાનું શરૂ કર્યું એના પરિણામો
સારા આવતા જણાયાં. મધ્યસ્થ પાઠ્ય-પુસ્તક બ્યુરોએ પણ રાજ્યોને પાઠ્ય-પુસ્તકોના રાષ્ટ્રિયકરણની ભલામણ કરેલી છે. આ અંગે
રાજ્ય સરકારે ૧૯૬૯ની મે માસમાં અત્યંત મહત્ત્વનો નિર્ણય લઈ શાળા પાઠ્ય-પુસ્તકો તૈયાર કરી પ્રકાશન કરવાની નીતિ નક્કી
કરી. તે અનુસાર ગુજરાત રાજ્ય શાળાના પાઠ્ય પુસ્તક-મંડળની સ્થાપના કરવામાં આવી. આ મંડળ સોસાયટીઝ રજીસ્ટ્રેશન
એક્ટ, ૧૮૬૦ નીચે તા. ૯ ઓકટોબર ૧૯૬૯ના ના રોજ રજીસ્ટર કરવામાં આવ્યું.

ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય-પુસ્તક મંડળે ૧૯૭૦--૭૧ના શૈક્ષણિક વર્ષમાં ધો. ૫ના પાઠ્ય-પુસ્તકો પ્રસિધ્ધા કરેલ છે અને
નિયત કાર્યક્રમ મુજબ મંડળની કાર્યવાહી ચાલુ છે. તે મુજબ ૧૯૭૧-૭૨ના શૈક્ષણિક વર્ષથી ધો. ૬ના પાઠ્યપુસ્તકો પ્રસિધ્ધ કરેલ
છે.

પાઠ્ય-પુસ્તકો તૈયાર કરવા માટે ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય-પુસ્તક મંડળની સ્થાપના થયેલ હોઈને નવા પાઠ્ય-પુસ્તકો
ખાનગી પ્રકાશનો તરફથી મંજૂરી અર્થે રજૂ કરવામાં આવેલ નથી.

### જ. એન. સી. સી.

૧૯૬૮--૬૯ના વર્ષથી કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ માટે એન. સી. સી. ની તાલીમ મરજિયાત કરવામાં આવી છે. સને
૧૯૭૦--૭૧ના વર્ષે ૫૯૦૫૧ સિનીયર તેમજ જુનિયર ડિવીઝનમાં એન. સી. સી. કેડેટની સંખ્યા હતી. કોલેજમાં અભ્યાસ કરતા
વિદ્યાર્થીઓ સિનીયર ડિવીઝનમાં અને શાળાના ભણતા છોકરાઓ અને છોકરીઓ જૂનિયર ડિવીઝનમાં દાખલ થવા પાત્ર છે.
સિનીયર ડિવીઝનમાં છોકરાઓ અને કેડેટોની કુલ સંખ્યા અનુક્રમે ૨૫૨૯૪ તથા ૪૫૭૦ની હતી. જ્યારે જુનિયર ડિવીઝનમાં છોકરા
અને છોકરીઓની કેડેટોની કુલ સંખ્યા અનુક્રમે ૨૫૫૬૦ તથા ૩૬૨૭ હતી.

વાર્ષિક તાલીમ શિબીરોમાં કેડેટની સંખ્યા ૭૨૯૨ અને એન. સી. સી. અધિકારીઓ ૮૬૫ હતા. આવા ૧૭ વાર્ષિક તાલીમ
શિબિરો યોજવામાં આવ્યા હતા.

વર્ષ દરમ્યાન ૭૭ એન. સી. સી. ઓફિસરોને પૂર્વસનદ તાલીમ માટે મોકલવામાં આવ્યા હતા. ૯૫ એન. સી. સી.
ઓફિસરોને ઓપ વર્ગમાં મોકલવામાં આવ્યા હતા.

વર્ષ દરમિયાન એન. સી. સી. પ્રવૃત્તિ અંગે કુલ રૂા. ૪૨,૮૧,૩૧૩નો ખર્ચ થયો હતો.

**૭. આશ્રમ શાળાઓ.**

અનુસૂચિત જનજાતિઓ અને અનુસૂચિત વિસ્તારોના રહેવાસીઓના બાળકોના શિક્ષણનો પ્રશ્ન અસરકારક રીતે હલ કરવાના ઉદ્દેશથી આશ્રમશાળા યોજના ૧૯૫૩-૫૪થી અમલમાં છે. આશ્રમશાળાઓમાં રહેઠાણ સાથેની સંસ્થાઓ તરીકે કામ કરે છે. તેમાં ભણતા બળકોને જમવા અને રહેવાની સગવડ મફત આપવામાં આવે છે. તેમને બુનિયાદી શિક્ષણ આપવામાં આવે છે. આ સંસ્થાઓનું સંચલન સામાન્ય રીતે સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે કરવામાં આવે છે. ૧૯૭૦-૭૧ના અંતે રાજ્યમાં ૧૨૧ આશ્રમ શાળાઓ હતી તે પૈકી ૭ ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાઓ હતી.

આશ્રમ શાળાઓની માહિતી નીચેના કોઠામાં આપવામાં આવી છે:—

| અનુ. નં. | સંસ્થાઓના પ્રકાર | સંસ્થાની સંખ્યા | ભણતા બાળકોની રજીસ્ટર સંખ્યા | રાજ્ય સરકારે આપેલ ગ્રાંટ (લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | વિચરતી જાતિઓ માટેની | ૬ | ૪૭૩ | ૨.૫૦ |
| ૨ | વિમુકત જાતિઓ માટેની | ૧૧ | ૭૧૬ | ૩.૦૧ |
| ૩ | અનુસૂચિત જન જાતિઓ માટેની | ૯૭ | ૧૦૬૯૧ | ૪૪.૦૫ |
| ૪ | ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાઓ | ૭ | ૬૧૮ | ૫.૪૮ |

આશ્રમ શાળાઓનું સંચાલન વ્યવસ્થિત રીતે થાય અને તેમને જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટે રાજ્ય કક્ષાના એક આશ્રમ-શાળાધિકારી છે. તેમની કચેરી, સુરતમાં રાખવામાં આવી છે. આશ્રમશાળાઓના નિરીક્ષણ વિગેરેની કામગીરી આશ્રમશાળા-ધિકારીને સોંપવામાં આવેલ છે.

**૮. શિષ્યવૃત્તિઓ.**

૧. **આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓની ફી માફી.**—આ યોજના હેઠળ જે વિદ્યાર્થીઓના વાલી કે મા-બાપની વાર્ષિક રૂ.૯૦૦ થી વધુ ન હોય તેવા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ અર્થે તથા જેઓની વાર્ષિક આવક રૂ. ૧૨૦૦ થી વધુ ન હોય તેવા વિદ્યાર્થીઓને માધ્યમિક શાળાઓમાં ફી માફી આપવામાં આવે છે. તદ ઉપરાંત જે વાલીઓની વાર્ષિક આવક રૂ. ૧૨૦૦ થી વધુ અને રૂ. ૧૮૦૦થી ઓછી હોય તેઓના બાળકોને અર્ધી ફી માફી આપવામાં આવે છે. માધ્યમિક શાળાઓમાં ધો. ૮ થી ૧૧માં ભણતી કન્યાઓને ફી માફી આપવામાં આવે છે. તેમાં આવકનું ધોરણ રાખવામાં આવેલ નથી. બેકાર મિલકામદારોને પણ આવકના ધોરણે ફી માફી આપવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં આ યોજના હેઠળ લાભ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા નીચેના કોઠામાં આપી છે.

| વર્ષ | લાભ લેનાર વિદ્યાર્થીની સંખ્યા | | | વાર્ષિક ખર્ચ | | |
|---|---|---|---|---|---|---|
| | માધ્યમિક શાળા | કોલેજ | કુલ | માધ્યમિક શાળા | કોલેજ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧૯૬૯-૭૦ | ૧,૮૫,૬૫૦ | ૨૩,૬૬૫ | ૨,૦૯,૩૧૫ | ૧,૩૧,૯૪,૦૩૦ | ૪૭,૨૯,૭૬૦ | ૧,૭૯,૨૩,૭૯૦ |
| ૧૯૭૦-૭૧ | ૧,૬૬,૩૩૧ | ૨૫,૨૦૪ | ૨,૯૧,૫૩૫ | ૧,૨૮,૪૦,૦૭૮ | ૪૯,૯૭,૧૧૯ | ૧,૭૮,૩૭,૧૯૭ |

૨. **રાજકીય ક્ષેત્રે સહન કરનાર વ્યકિતઓના બાળકોને શૈક્ષણિક સવલતો.**—ભારતમાં રાષ્ટ્રિય આઝાદીની ચળવળમાં ભાગ લીધો હોય અને એ અંગે જેઓને સહન કરવું પડ્યું હોય તેવી વ્યકિતઓના બાળકોને ઉચ્ચ શિક્ષણ માટે સને ૧૯૬૩-૬૪થી શિષ્યવૃત્તિઓમાં

વૃત્તિકા (સ્ટાઈપેન્ડ) તથા પુસ્તકો અંગે નાણાકીય મદદ આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા તથા ખર્ચના આંકડા નીચે પ્રમાણે છે.

| વર્ષ | વિદ્યાર્થીઓ | | | ખર્ચ | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | વૃત્તિકા (સ્ટાઈપેન્ડ) | પુસ્તકો | શિષ્યવૃત્તિ ફી માફી | વૃત્તિકા (સ્ટાઈપેન્ડ) | પુસ્તકો | શિષ્યવૃત્તિ ફી માફી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧૯૬૯-૭૦ | ૨૧૨ | ૨૧૨ | ૨૧૨ | ૭૮૦૯૦ | ૧૪૭૪૦ | ૩૨૫૦૫ | ૧૨૫૩૩૫ |
| ૧૯૭૦-૭૧ | ૨૮૭ | ૨૮૭ | ૨૮૭ | ૬૬૯૫૮ | ૧૫૯૩૨ | ૩૬૩૭૮ | ૧૧૯૨૬૮ |

૩. સુવર્ણકારોના બાળકોને શૈક્ષણિક સવલતો:—આ યોજના ૧૯૬૩-૬૪થી શરૂ કરવામાં આવી છે. આ યોજના નીચે સુવર્ણકારોના બાળકોને ફી માફી, બુકગ્રાંટ વિગેરે આપવામાં આવે છે. આ યોજનાના લાભ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા તથા ખર્ચના આંકડા નીચે પ્રમાણે છે.

| વર્ષ | | લાભ લેનારની સંખ્યા | ખર્ચ (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ |
| ૧૯૬૯-૭૦ | ... ... ... | ૮૫ | ૩૬૮૮ |
| ૧૯૭૦-૭૧ | ... ... ... | ૩૩ | ૯૯૦ |

૪. બર્માથી, સિલોન, પોર્ટુગીઝથી પાછા ફરેલા હિન્દીઓના બાળકોને શૈક્ષણિક સવલતો:—આ યોજનાનાં છેલ્લા બે વર્ષની માહિતી નીચે પ્રમાણે છે.

| વર્ષ | | | લાભ લેનારની સંખ્યા | ખર્ચ (રૂ.માં.) |
|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ૩ |
| ૧૯૬૯-૭૦ | બર્મા. હિજરતી | ... ... | ૧૨૧ | ૧૭૫૬૬ |
| ૧૯૭૦-૭૧ | ” | ... ... | ૧૨૩ | ૪૨૯૫ |
| ૧૯૬૯-૭૦ | સિલોન | ... ... | ... | ... |
| ૧૯૭૦-૭૧ | ” | ... ... | ... | ... |
| ૧૯૬૯-૭૦ | પોર્ટુગીઝ | ... ... | ૧૫ | ૩૦૪૫ |
| ૧૯૭૦-૭૧ | ” | ... ... | ૧૭ | ૩૭૭૦ |

૫. બેકાર મિલ કામદારોના બાળકોની ફી માફી.

| વર્ષ | | સંખ્યા | ખર્ચ |
|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ |
| ૧૯૬૯-૭૦ | ... ... ... | ૧૫૯૮ | ૧,૮૨,૮૩૧ |
| ૧૯૭૦-૭૧ | ... ... | ૭૯૭ | ૧,૧૮,૩૨૫ |

૬. બિન સરકારી કોલેજોમાં ફી માફી યોજના.—બિન સરકારી કોલેજોમાં અપાતી ૮૩૩ ફી માફી યોજના તા. ૨૭-૧૦-૬૯ના સરકારશ્રીના શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ નં. એસસીએચ/૧૭૬૯-લ થી રદ કરી સને ૧૯૬૯-૭૦ના શૈક્ષણિક વર્ષથી ૨ ૧/૨ ટકા ફી માફી યોજના આર્ટસ, સાયન્સ અને કોમર્સ કોલેજો માટે મંજૂર કરવામાં આવી છે. આ ફી માફી નક્કી કરવા માટે દરેક કોલેજમાં એક સમિતિ હોય છે અને તે સમિતિ નક્કી કરે તેટલા વિદ્યાર્થીઓને ફી માફી મળે છે. ફી માફી આપવાનું જે વિદ્યાર્થી અથવા તેમના માતા પિતા અથવા વાલી સામાન્ય રીતે ગુજરાત રાજ્યના નિવાસી હોય તેવા વિદ્યાર્થીઓ પુરતું જ મર્યાદીત રાખવાનું અને જેમના માતા પિતા (વાલી)ની આવક ૪૮૦૦ થી વધુ હોય તેવા કોઈ પણ વિદ્યાર્થી આ ફી માફી માટે પાત્ર રહેશે નહિ તેવું સરકારી ઠરાવમાં નક્કી કરેલ છે.

| વર્ષ | લાભ લેનારની સંખ્યા | ખર્ચ (રૂા. માં) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧૯૬૯–૭૦ ... ... ... ... | ૧૯૫૫ | ૫૭૩૮૩૭ |
| ૧૯૭૦–૭૧ ... ... ... ... | ૨૦૨૨ | ૬૪૭૨૦૪ |

૭. ઈન્ટર સ્ટેટ સ્કોલરશીપ આંતર રાજ્ય શિષ્યવૃત્તિ.—ગુજરાત રાજ્ય તરફથી સને ૧૯૬૩-૬૪ થી આ યોજના શરૂ કરવામાં આવી છે. ગુજરાત રાજ્યના વતની હોય અને ગુજરાત રાજ્ય બહારના અન્ય પ્રાંતમાં ઉચ્ચ અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળે છે. આ યોજનાની માહિતી નીચે પ્રમાણે છે.

| વર્ષ | લાભ લેનારની સંખ્યા | ખર્ચ (રૂા.માં) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧૯૬૯–૭૦ ... ... ... ... | ૩૦ | ૩૩૦૦૦ |
| ૧૯૭૦–૭૧ ... ... ... ... | ૩૦ | ૩૭૧૦૦ |

૮. ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ.—

| વર્ષ | શિષ્યવૃત્તિની સંખ્યા | | | ખર્ચ |
|---|---|---|---|---|
| | જુના | નવા | કુલ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧૯૬૯–૭૦ ... ... | ૯૯૮ | ૫૦૨ | ૧૫૦૦ | ૩૧૯૮૯૦ |
| ૧૯૭૦–૭૧ ... ... | ૭૯૫ | ૫૦૨ | ૧૨૯૭ | ૬૫૨૬૩૦ |

૯. રાષ્ટ્રિય શિષ્યવૃત્તિ, રાષ્ટ્રિય લોન શિષ્યવૃત્તિ અને શિક્ષકોના બાળકોને મળતી શિષ્યવૃત્તિ.—

| અનુ. નંબર. | શિષ્યવૃત્તિનું નામ | વર્ષ | વિદ્યાર્થીઓની સંખ્યા | | | ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| | | | જુના | નવા | કુલ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | રાષ્ટ્રિય શિષ્યવૃત્તિ ... | ૧૯૬૯–૭૦ | ૧૦૪૭ | ૨૯૯ | ૧૩૪૬ | ૧૦૨૦૦૦૦ |
| | | ૧૯૭૦–૭૧ | ૧૦૪૬ | ૪૧૨ | ૧૪૫૮ | ૧૨૫૯૦૦૦ |
| ૨. | રાષ્ટ્રિય લોન શિષ્યવૃત્તિ ... | ૧૯૬૯–૭૦ | ૨૭૫૨ | ૯૬૩ | ૩૭૧૫ | ૨૫૭૪૧૧૧ |
| | | ૧૯૭૦–૭૧ | ૨૦૨૪ | ૯૬૦ | ૨૯૮૪ | ૨૨૦૦૦૦૦ |
| ૩. | શિક્ષકોના બાળકો માટે નેશનલ શિષ્યવૃત્તિ | ૧૯૬૯–૭૦ | ૧૨૭ | ૨૦ | ૧૪૭ | ૧૧૯૬૨૭ |
| | | ૧૯૭૦–૭૧ | ૮૪ | ૨૫ | ૧૦૯ | ૯૯૯૩૭ |

૯. ચિત્રકામ અને હુન્નર શિક્ષણ.

રાજય પરીક્ષા બોર્ડ અસ્તિત્વમાં આવતાં ગુજરાત રાજ્યની હાયર આર્ટ અને ચિત્રકામ કક્ષા પરિક્ષાનું સંચાલન તે કચેરી-એથી કરવામાં આવે છે. આ પરીક્ષા અંગે ટેકનીકલ સલાહ તેમની સહાય નિરીક્ષણ ચિત્રકામ અને હુન્નરકળા તરફથી આપવામાં આવે છે.

હેવાલના વર્ષ દરમિયાન નિરીક્ષક ચિત્રકામ અને હુન્નરકળા અને મદદનીશ નિરીક્ષક મળીને રાજયની માધ્યમિક શાળાઓ અને રાજયની ડી. ટી. સી. સંસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું.

હેવાલના વર્ષ દરમિયાન ચિત્રકામ અને ઈતર પરીક્ષામાં બેઠેલા અને ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા નીચેના કોઠામાં દર્શાવી છે:—

| અનુ. નં. | પરીક્ષાનું નામ | ઉપસ્થિત સંખ્યા | | ઉત્તીર્ણ સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | ૧૯૬૯-૭૯ | ૧૯૭૦-૭૧ | ૧૯૬૯-૭૦ | ૧૯૭૦-૭૧ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | પ્રાથમિક કક્ષા | ૨૯૩૯૫ | ૨૫૫૬૩ | ૧૭૨૩૯ | ૧૫૦૧૮ |
| ૨ | માધ્યમિક કક્ષા | ૧૩૯૯૬ | ૧૧૯૯૫ | ૮૪૯૦ | ૭૫૪૨ |
| ૩ | ડી. ટી. સી. | ૩૧૫ | ૩૨૬ | ૨૩૭ | ૨૬૪ |
| ૪ | ડી. એમ. | ૧૧૭ | ૧૦૬ | ૩૯ | ૭૧ |
| ૫ | એ. એમ. | ૧૦૭ | ૧૨૩ | ૨૬ | ૫૨ |
| ૬ | એલી. ડ્રોઈંગ પેઈન્ટીંગ | ૨૪૫ | ૨૫૭ | ૩૬ | ૧૫૧ |
| ૭ | ઈન્ટર પેઈન્ટીંગ | ૭૨ | ૬૬ | ૧૬ | ૫૬ |
| ૮ | એડવાન્સ પેઈન્ટીંગ | ૪૬ | ૨૪ | ૨૬ | ૧૭ |
| ૯ | ડિપ્લોમા પેઈન્ટીંગ | ૩૬ | ૩૧ | ૧૫ | ૨૧ |
| ૧૦ | એલ. કોમર્શીયલ આર્ટસ | ૮૩ | ૯૦ | ૬૧ | ૫૭ |
| ૧૧ | ઈન્ટરમિડીયેટ કોમર્શીયલ આર્ટ | ૩૫ | ૫૫ | ૨૮ | ૨૪ |
| ૧૨ | એડવાન્સ કોમર્શીયલ આર્ટસ | ૧૨ | ૨૭ | ૬ | ૧૭ |
| ૧૩ | ડિપ્લોમા આર્ટ | ૨૦ | ૧૨ | ૧૬ | ૮ |
| ૧૪ | એલી. મોડે. સ્કલ્પચર | ૬ | ૧૦ | ૪ | ૯ |
| ૧૫ | ઈન્ટર મિડી. સ્કલ્પચર | ૫ | ૨ | ૩ | ૧ |
| ૧૬ | એડવાન્સ સ્કલ્પચર | ૩ | ૩ | ૧ | ૩ |
| ૧૭ | ડિપ્લોમા સ્કલ્પચર | ૩ | ૨ | ૩ | ૧ |

ડ. રાજ્ય શિક્ષણ ભવન.

છેલ્લા સાત વર્ષોથી રાજ્ય શિક્ષણ ભવન શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા સુધારવાની દિશામાં કાર્ય કરી રહ્યું છે. તેની મુખ્યત્વે શૈક્ષણિક પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે :—

૧. તાલીમી કાર્યક્રમો. (નિરીક્ષકો અને અધ્યાપન મંદિરના અધ્યાપકો માટે સંસ્થાકીય આયોજન માટેના વર્ગો.)

૨. પરિસંવાદો અને કાર્યશિબિરો.

૩. વિજ્ઞાન શિક્ષણ સુધારણા.

૪. અભ્યાસ અને સંશોધન કાર્ય.

૫. પ્રકાશન.

૬. સેવા વિસ્તરણ કેન્દ્ર.

વર્ષ દરમિયાન રાજ્ય ભવનમાં નિરીક્ષકો અને પસંદ કરેલા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે વિભાગીય કક્ષાએ અભિસ્થાપન વર્ગો રાખવામાં આવ્યા હતા. આ વર્ગોમાં કુલ ૩૭૩ નિરીક્ષકોને, ૩૬૬ શિક્ષકોને અભિસ્થાપિત કરવામાં આવ્યા હતા. અધ્યાપન મંદિરના અધ્યાપકો માટે નવા અભ્યાસક્રમ અંગેના વર્ગો યોજાયા હતા. તેમાં ૧૩૪ અધ્યાપકોએ ભાગ લીધો હતો.

શિક્ષણના વિકાસ અને સુધારણા માટે વર્ષ દરમિયાન શિક્ષણ ભવને નીચેનો કાર્યક્રમ હાથ ધર્યો હતો:—

(૧) અધ્યાપન મંદિરોના તાલીમાર્થીઓ માટે કેળવણીકારોના સહકારથી સિમ્પોઝિયમનું આયોજન.

(૨) રાજ્ય કક્ષાના વિજ્ઞાન મેળાનું આયોજન.

(૩) નિબંધ સ્પર્ધાઓનું આયોજન.

(૪) શાળાસંકુલોની યોજના.

(૫) આંતરરાષ્ટ્રિય શિક્ષણ વર્ષની ઉજવણી.

આ વર્ષ દરમિયાન વિજ્ઞાન એકમ, વ્યવસાયી માર્ગદર્શન બ્યૂરો અને શિક્ષણ પ્રશિક્ષણ બોર્ડ સરકારશ્રીએ રાજ્ય શિક્ષણ ભવન સાથે સંલગ્ન કર્યા છે.

———

## પ્રકરણ—૧૨

## ટેકનિકલ શિક્ષણ

**૧. તંત્ર રચના.**

૧.૧. ૧૯૪૮ પહેલાં ટેકનિકલ શિક્ષણનો વહીવટ અંશત: શિક્ષણ સંચાલક અને અંશત: ઉદ્યોગ સંચાલકના નિયંત્રણ હેઠળ હતો. ટેકનિકલ શિક્ષણ એક મહત્ત્વનું શિક્ષણ હોવાથી અને દેશના ઝડપી ઔદ્યોગિકરણ માટે તેને જોઈતું પ્રાધાન્ય મળી રહે તે માટે તે ખાતાની અલગ સ્થાપના ૧૯૪૮ના જૂન માસથી કરવામાં આવી.

૧.૨. મુંબઈ રાજ્યનું વિભાજન થતાં ગુજરાત રાજ્યે ટેકનિકલ શિક્ષણ ખાતાની કચેરી, અમદાવાદ મુકામે તારીખ ૧લી મે, ૧૯૬૦ થી શરૂ કરી અને ઈજનેરી ઔદ્યોગિક તથા ધંધાકીય શિક્ષણની પ્રવૃત્તિઓ હાથ ધરી.

૧.૩. ટેકનિકલ શિક્ષણ વહીવટી શાખાના વડાને નિયામકનો હોદ્દો અપાયેલ છે. તેમને ત્રણ ગુજરાત શૈક્ષણિક સેવા વર્ગ-૧ અને ત્રણ વર્ગ-૨ ના અધિકારીઓ સહાય કરે છે.

૧.૪. ટેકનિકલ શિક્ષણ ખાતાને સહાય કરવા માટે સરકાર તરફથી નીચેની પરિષદો અને એક બોર્ડની રચના કરવામાં આવેલી છે.

અ. રાજ્ય ટેકનિકલ શિક્ષણ પરિષદ.

બ. ઉદ્યોગ સંપર્ક બોર્ડ (ઈન્ડસ્ટ્રીઅલ લાઈઝન બોર્ડ)

ક. ટેકનિકલ પરીક્ષા બોર્ડ.

ડ. રાજ્યની દરેક ઈજનેરી કોલેજ અને પોલિટેકનિક માટે સલાહકાર સમિતિ.

૧.૫. રાજ્ય ટેકનિકલ શિક્ષણ પરિષદ રાજ્યમાં ચાલતાં ડિપ્લોમા તથા સર્ટિફીકેટ અભ્યાસક્રમો નક્કી કરે છે. પરીક્ષા લેવાના તથા ઈતર સંબંધિત કાર્યો હાથ ધરે છે. તેમજ સંબંધિત બાબતોમાં રાજ્ય સરકારને સલાહ સૂચન આપે છે.

૧.૬. રાજ્યમાં ચાલતા ડિપ્લોમા તથા સર્ટિફીકેટ અભ્યાસક્રમોની પરીક્ષા ટેકનિકલ પરીક્ષા બોર્ડ લે છે. તદ્ઉપરાંત તેને લગતા અભ્યાસ ક્રમો તૈયાર કરે છે.

૧.૭. ઔદ્યોગિક એકમોએ સાધેલ પ્રગતિને ધ્યાનમાં લઈ ખૂબ જ આવશ્યક ગણેલ ટેકનિકલ શિક્ષણના ઉત્કર્ષ માટે આવશ્યક વાતાવરણ ઉભું કરવા માટે ટેકનિકલ સંસ્થાઓના અને ઉદ્યોગોના પ્રતિનિધિઓ સાથે મળી ડિગ્રી તેમજ ડિપ્લોમા કક્ષાએ ટેકનિકલ શિક્ષણના વિકાસને લગતાં કાર્યક્રમોની દરખાસ્ત તૈયાર કરે. તે આપવા માટે તેમજ સલાહ સૂચનો આપવા માટે સરકારશ્રીએ ઉદ્યોગ સંપર્ક (બોર્ડ ઈન્ડસ્ટ્રીઅલ લાયઝન બોર્ડ)ની સ્થાપના કરી છે. આ સ્થાપના સરકારશ્રીના શિક્ષણ અને મજર વિભાગના ઠરાવ નં. જીઆરસી/૩૦૬૭/૭૭૮૬૭-ધ, તારીખ ૨૨મી જાન્યુઆરી ૧૯૭૦થી કરેલ છે.

૧.૮. ઔદ્યોગિક એકમોએ સાધેલ પ્રગતિને ધ્યાનમાં લઈ સ્નાતક અને ડિપ્લોમા કક્ષાએ નવા શરૂ કરેલ અભ્યાસક્રમો તેમજ વૈવિધ્ય પૂર્ણ અભ્યાસક્રમોમાં જરૂરી એકતા રહે તે માટે દરેક ઈજનેરી કોલેજ અને પોલિટેકનિકમાં સલાહકાર સમિતિની સ્થાપના કરવામાં આવેલ છે. આ સ્થાપના સરકારશ્રીના શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ નં. ટીઈએમ/૧૦૭૧/૭૬૦૩૧-ધ, તારીખ ૨૦મી ઓગષ્ટ ૧૯૭૧થી કરેલ છે.

૧.૯. પહેલી ફેબ્રુઆરી ૧૯૭૧ પહેલાં ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો રાષ્ટ્રિય ઉમેદવારી યોજના તેમજ ઉદ્યોગ કામદારો માટેના સાંજના વર્ગોની યોજના આ ખાતા હસ્તક હતી જે માનવશકિત, રોજગાર અને તાલીમ નિયામકશ્રીના નામથી શરૂ કરેલ કચેરીને સોંપવામાં આવી અને તેને લગતો જરૂરી સ્ટાફ તેમજ બજેટ તબદીલ કરવામાં આવેલ છે.

**૨. શિક્ષણ-પ્રકાર.**

૨.૧. શિક્ષણ પ્રકાર નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| ૧ કોલેજો | અ. અનુસ્નાતક.<br>બ. સ્નાતક |
| ૨ પોલિટેકનિકો ડીપ્લોમા અભ્યાસક્રમો | અ. એસ. એસ. સી. વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ માટે. |
| ૩ માધ્યમિક, શિક્ષણ સંસ્થાઓ | અ. ટેકનિકલ શાળાઓ.<br>બ. જુનિયર ટેકનિકલ શાળાઓ. |

| | |
|---|---|
| ૪ હુન્નર તાલીમ સંસ્થાઓ સર્ટિફીકેટ અભ્યાસક્રમો. | અ. જુદા જુદા વ્યવસાયો માટેના તાલીમ વર્ગો.<br>બ. બહેનો માટેના સિવણ વર્ગો. |
| ૫ પ્રકીર્ણ પ્રવૃત્તિઓ | અ. શિષ્યવૃત્તિ પ્રદાન.<br>બ. બિન-સરકારી સંસ્થાઓને અનુદાન વગેરે. |

**૩. સંસ્થાઓ અભ્યાસક્રમો અને વિગતો.**
**(અનુસ્નાતક અભ્યાસક્રમો)**

૩.૧. અનુસ્નાતક અભ્યાસક્રમો રાજ્યની ત્રણ ઈજનેરી કોલેજોમાં અમદાવાદ, આણંદ અને વડોદરામાં ચાલે છે. ૧૭ જુદા જુદા વિષયોમાં અભ્યાસક્રમો ચાલે છે. કુલ પ્રવેશ શકિત ૧૪૩ છે. આ ઉપરાંત ફાર્મસીમાં (અમદાવાદ) અનુસ્નાતક અભ્યાસક્રમ માટે ૨૨ પ્રવેશ શકિત છે. ટેક

૩.૨. **સ્નાતક અભ્યાસક્રમ.**—સ્નાતક અભ્યાસક્રમો રાજ્યમાં જુદી જુદી સાત કોલેજોમાં ચાલે છે. અમદાવાદ-૨, આણંદ-૩, મોરબી, વડોદરા, સુરત અને નડિયાદ જુદા જુદા નવ અભ્યાસક્રમોની જોગવાઈ કરવામાં આવી છે.

૩.૨. **૧ અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ.**—આ ઉપરાંત અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ માટે અને અનુ.ડિપ્લોમા અભ્યાસક્રમ માટે વડોદરા મુકામે રેફ્રીજરેશન એન્ડ એર કંડીશનીંગમાં ૧૦ની પ્રવેશ શકિત છે. સિવિલ, મિકેનિક : ઈલેકટ્રીકલ કે મિકેનિકલ એન્જી. ટેક્ષટાઈલ ટેકનોલોજી, ટેક્ષટાઈલ એન્જિનિયરીંગ આર્કીટેકચર, ઈલેકટ્રોનિકસ, અને મેટલર્જી કુલ પ્રવેશ શકિત ૧૬૯૦ ની છે. ઉપરાંત અમદાવાદમાં ફાર્મસી કોલેજ ચાલે છે. અને ખંભાતમાં જૂન ૭૦ થી ફાર્મસી કોલેજ શરૂ કરવામાં આવી, જેની પ્રવેશ શકિત ૧૦૫ની છે. આમ કુલ પ્રવેશ શકિત ૧૭૯૫ છે.

૩.૩. અમદાવાદ મુકામે એલ. ડી. કોલેજ ઓફ એન્જિનિયરીંગમાં ખંડ સમયના સ્નાતક અભ્યાસક્રમો ઓકટોબર ૧૯૬૮થી શરૂ કરવામાં આવ્યા છે, જેની પ્રવેશ શકિત ૧૦૦ની છે.

૩.૪ પોલિટેકનિકો.

ચાલુ ડિપ્લોમા અભ્યાસક્રમો—

| | |
|---|---|
| અભ્યાસક્રમોની સંખ્યા | ૧૨ |
| પ્રવેશ સંખ્યા | ૨૦૪૦ |
| સંસ્થાઓની સંખ્યા | ૧૯ |

૩.૪. **સંસ્થાઓ.**—ડિપ્લોમા અભ્યાસક્રમો ૧૯ સંસ્થાઓમાં ચાલે છે. અમદાવાદ-૩, પાટણ, મોરબી, રાજકોટ-૨, ભાવનગર પોરબંદર, આદીપુર, દાહોદ, વડોદરા-૨, સુરત, ભરૂચ, વલસાડ વલ્લભ વિદ્યાનગર, નડિયાદ અને ખંભાત.

૩.૫. **ચાલુ અભ્યાસક્રમો.**—પોલીટેકનિકમાં જુદા જુદા ૧૨ ચાલુ અભ્યાસક્રમોની જોગવાઈ કરવામાં આવી છે. સિવિલ, મિકેનિકલ, ઈલેકિટ્રકલ, એન્જિનિયરીંગ, ઈલેકટ્રોનિકસ એન્ડ સાઉન્ડ એન્જિનિયરીંગ ઈલેકટ્રોનિકસ એન્ડ રેડિયો એન્જિનિયરીંગ, ઓટોમોબાઈલ્સ, ટેક્ષટાઈલ મેન્યુફેકચર, ટેક્ષટાઈલ કેમેસ્ટ્રી, ટેક્ષટાઈલ, ટેકનોલોજી મેટલર્જી, ફાર્મસી, ટેકનિસિયન-ઈન-કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ આ અભ્યાસક્રમની કુલ પ્રવેશ શકિત ૨૦૪૦ ની છે.

૩.૬. વૈવિધ્યપૂર્ણ અભ્યાસક્રમોની માહિતી.

| | |
|---|---|
| અભ્યાસક્રમોની સંખ્યા. | ૧૭ |
| પ્રવેશ શકિત | ૧૦૦ |
| સંસ્થાની સંખ્યા | ૧૪ |

૩.૭. **વૈવિધ્યપૂર્ણ અભ્યાસક્રમો.**— જૂન ૧૯૬૯ અને ૧૯૭૦ના વર્ષમાં વૈવિધ્યકરણ ડિપ્લોમા અભ્યાસક્રમો હાલની ૧૪ પોલિ-ટેકનિકમાં શરૂ કરવામાં આવેલ છે. ૧૭ જુદા જુદા અભ્યાસક્રમોની જોગવાઈ કરવામાં આવેલ છે.

૧. ટેકનિશિયન-ઈન-કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ.

૨. કન્સ્ટ્રકશન એન્ડ સ્ટ્રકચર.

૩. મેન-મેઈડ ફાઈબર્સ ફેબ્રીકસ

૪. મેન-મેઈડ ફાઈબર્સ વેટ પ્રોસેસીંગ.

૫. પ્રોડકશન એન્જિનિયરિંગ.

૬. સીરેમીક ટેકનોલોજી.

૭. પ્રીન્ટીંગ ટેકનોલોજી.

૮. કોમર્શીયલ પ્રેકટીશ.
ઈન્ક્લ્યુડીંગ સેક્રેટરીઅલ પ્રેકટીશ.

૯. મીકેનિક ટુલ્સ ટેકનોલોજી.

૧૦ ટુલ્સ એન્જિનિયરીંગ (જીગ્સ, ડાઈસ એન્ડફીક્ચરસ)

૧૧ વેલ્ડીંગ ટેકનોલોજી

૧૨ ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલ.

૧૩. ટેલી કોમ્યુનિકેશન.

૧૪. એરકન્ડીશનીંગ એન્ડ રેફ્રીજરેશન.

૧૫. પાવર પ્લાન્ટ એન્જિનિયરીંગ.

૧૬ મટીરીયલ હેન્ડલીંગ ટેકનોલોજી.

૧૭. એગ્રોઈન્ડસ્ટ્રીઅલ એન્જિનિયરીંગ.

૩.૮. ખંડ-સમયના અભ્યાસક્રમો.

| | |
|---|---|
| અભ્યાસક્રમોની સંખ્યા | ૬ |
| પ્રવેશ શકિત | ૫૦૫ |
| સંસ્થાની સંખ્યા | ૮ |

૩.૯. **સંસ્થાઓ.**—ખંડ સમયના ડિપ્લોમા અભ્યાસક્રમો જુદા જુદા ૮ સંસ્થાઓમાં ચાલે છે. અમદાવાદ, વડોદરા, ભાવનગર, સુરત, ભરૂચ, દાહોદ, રાજકોટ અને વલસાડ, અમદાવાદ અને વડોદરામાં ખંડ સમયના અભ્યાસક્રમો ત્રીજી પંચવર્ષીય યોજના દરમિયાન શરૂ થયેલ હતા જ્યારે ભાવનગર, સુરત, ભરૂચ, દાહોદ, રાજકોટ, અને વલસાડમાં ખંડ સમયના અભ્યાસક્રમો ઓગષ્ટ ૧૯૬૯ થી શરૂ કરવામાં આવેલ છે.

૩.૧૦. **અભ્યાસક્રમો.**— સિવિલ, મિકેનિક, ઈલેકટ્રિકલ, મશીન ટુલ્સ, ટેકનોલોજી, ટુલ્સ, એન્જિનિયરીંગ અને વેલ્ડીંગ ટેકનોલોજી ડિપ્લોમા ખંડ સમયના અભ્યાસક્રમોની જોગવાઈ કરવામાં આવેલ છે.

૩.૧૧ **કન્યા પોલિટેકનિક.**—

| | |
|---|---|
| અભ્યાસક્રમોની સંખ્યા | ૪ |
| પ્રવેશ શકિત | ૨૧૦ |
| સંસ્થાઓની સંખ્યા | ૨ |

૩.૧૨. **સંસ્થાઓ.**—અમદાવાદ અને સુરત મુકામે કન્યા પોલિટેકનિક ચાલે છે.

૩.૧૩. **અભ્યાસક્રમો.**—ચાર જુદા જુદા અભ્યાસક્રમોની જોગવાઈ કરવામાં આવી છે.

૧. 'સેક્રેટરીયલ પ્રેકિટસ-ઈન-બીઝનેસ કોરસપોન્ડન્સ એન્ડ સ્ટેનોગ્રાફી.

૨. ઈલેકટ્રોનિક્સ અને રેડિયો એન્જિનિયરીંગ.

૩. આર્કીટેકચર આસીસ્ટન્સશીપ.

૪. કોમર્શીયલ આર્ટ-સુરત મુકામે જુન ૧૯૭૦ થી શરૂ કરેલ છે.

૩.૧૪. **ટેકનિકલ શાળાઓ.**—રાજ્યમાં વિવિધલક્ષી અને ટેકનિકલ શાળાઓની સંખ્યા (ટેકનિકલ અભ્યાસક્રમ સાથેની) સને ૧૯૭૦-૭૧ ના વર્ષમાં ૪૪ની હતી અને તેમાં ૯૩૮૬ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. ઘણા ખરા કેન્દ્રમાં સરકાર જે ટેકનિકલ શાળાઓ ચલાવે છે તેમાં સ્થાનિક સ્કૂલોના વિદ્યાર્થીઓ એસ. એસ. સી. ના ટેકનિકલ વિષયો શીખવા માટે આવે છે.

**જુનયર ટેકનિકલ શાળા.**— જુનિયર ટેકનિકલ શાળા વલ્લભ વિદ્યાનગર, કડી અને ભાવનગર મુકામે પંચવર્ષીય યોજના દરમિયાન શરૂ કરવામાં આવેલ જે હવે ક્રમશ બંધ કરવામાં આવેલ છે.

૩.૧૫. **હુન્નર તાલીમ:**—જુદા જુદા વ્યવસાયો માટે તાલીમ આપતી ૨૦૮ સંસ્થાઓ છે. આ સંસ્થાઓમાં જુદા જુદા વિષયોમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને તાલીમ અપાય છે. આ પૈકી પ્રમાણિક ઈજનેરી અભ્યાસક્રમો માટે ૫૧ સંસ્થાઓમાં ૨૯૩૫ વિદ્યાર્થીઓને તાલીમ આપવાની પ્રવેશ શકિત ધરાવે છે અને બાકીની ૧૫૭ સંસ્થાઓમાં ૩૧૭૫ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ સિવણ અને ભરતગૂંથણ વગેરે વર્ગોમાં તાલીમ લઈ રહ્યા છે. આ અભ્યાસક્રમ રાજ્ય ટેકનિકલ શિક્ષણ પરિષદે માન્ય કરેલ છે.

૧૯૬૮ના વર્ષથી અંધ જનો માટે અંધશાળા અમદાવાદમાં શરૂ કરવામાં આવેલ છે. તેમાં હાલ સુથારી આર્મચર, વાઈન્ડીંગ હેન્ડ અને પાવરલુમ વિવિંગ મિકેનિકલ, કેનવર્ક અને કાર્ડબોર્ડ એન્ડ બુક બાઈન્ડીંગના વર્ગો ચલાવવામાં આવે છે. આ વર્ગોની પ્રવેશ શકિત ૬૦ની છે.

૩.૧૬. **સમિક્ષા કોઠો:**—જુદી જુદી ટેકનિકલ શૈક્ષણિક કક્ષાએ પ્રાપ્ત સગવડોનો કેટલા વ્યાપક પ્રમાણમાં લાભ લેવાય છે તેનું દર્શન નીચે આપેલા ૧૯૭૦-૭૧ના આંકડાઓ પરથી આપોઆપ થશે.

| સંસ્થાના પ્રકાર | સંસ્થાની સંખ્યા | અભ્યાસક્રમોનો પ્રકાર અને સંખ્યા | | પ્રવેશ શકિત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ |
| ઈજનેરી અનુસ્નાતક કોલેજો | ૩ | અનુસ્નાતક | ૧૭ | ૧૪૩ |
| ઈતર અનુસ્નાતક | ૧ | અનુસ્નાતક | ૧ | ૨૨ |
| સ્નાતક કક્ષાની સંસ્થાઓ | ૭ | સ્નાતક | ૯ | ૧૬૯૦ |
| ઈજનેરી | ૧ | ખંડ સમયના સ્નાતક | ૩ | ૧૦૦ |
| ઈતર સ્નાતક કક્ષાની સંસ્થાઓ | ૨ | સ્નાતક | ૨ | ૧૦૫ |
| | ૧ | અનુસ્નાતક ડિપ્લોમા | ૧ | ૧૦ |
| પોલીટેકનિકો | ૧૯ | ડિપ્લોમા | ૧૨ | ૨૦૪૦ |
| | ૮ | ખંડ સમયના ડિપ્લોમા | ૬ | ૫૦૫ |
| | ૨ | ડિપ્લોમા બહેનો માટે | ૪ | ૨૧૦ |
| | ૧૪ | વૈવિધ્યપૂર્ણ ડિપ્લોમા. | ૧૭ | ૭૦૦ |
| માધ્યમિક ટેકનિકલ શાળાઓ | ૪૪ | એસ. એસ. સી.ના ટેકનિકલ વિષયો | | ૯૩૮૬ |
| જુનિ. ટેકનિકલ શાળાઓ. | ૩ | ટેકનિકલ તથા બીજા વિષયો | | ક્રમશ: બંધ કરવામાં આવે છે. |
| હુન્નર તાલીમ સંસ્થાઓ. | ૫૧ | જુદા જુદા વિષયો | | ૨૯૩૫ |
| પ્રર્ટી. અભ્યાસક્રમો માટે | ૧૫૭ | સિવણ વર્ગો | | ૩૧૭૫ |

| ૪. ખર્ચ. | ૨૮—એજ્યુકેશન |
| --- | --- |
| સરકારી સંસ્થાઓ. | ૧,૩૩,૬૮,૨૫૫ |
| બિન સરકારી સંસ્થાઓ. | ૨૬,૧૮,૨૬૫ |
| કુલ | ૧,૫૯,૮૬,૫૨૦ |

૫. પ્રકીર્ણ પ્રવૃત્તિઓ.

૫.૧. આ ઉપરાંત ખાતા તરફથી જુદી જુદી શિષ્યવૃત્તિઓ આપવાનું કામ કરવામાં આવે છે. રાજ્યમાં જે ટેકનિકલ અભ્યાસ-ક્રમોની જોગવાઇ કરવામાં આવી નથી, તેવા અભ્યાસક્રમો માટે ગુજરાતના વિદ્યાર્થીઓ માટે કુલ ૯ શિષ્યવૃત્તિઓ મંજૂર કરવામાં આવે છે. તેમાં સ્નાતક અભ્યાસક્રમ માટે રૂા. ૧૨૦ અને ડિપ્લોમા અભ્યાસક્રમ માટે રૂા. ૭૫ માસિક રકમ મંજૂર કરવામાં આવે છે.

૫.૨. બિન સરકારી સંસ્થાઓને ગ્રાંટ-ઇન-એઇડ કોડના નિયમોને આધિન રહી અનુદાન આપવામાં આવે છે.

## પ્રકરણ—૧૩

## માનવ શકિત રોજગાર અને તાલીમ

**૧. તંત્રરચના.**

૧.૧ ૧૯૭૧ પહેલા કારીગર તાલીમ યોજના એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના, શિક્ષણ બેકારો માટેની તાલીમ યોજનાનો વહીવટ ટેકનિકલ શિક્ષણ ખાતાના નિયામકશ્રી હસ્તક હતો તેવી જ રીતે રોજગાર ખાતાનો અને સરકારી ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોનો વહીવટ મજૂર કમિશનરશ્રી હસ્તક હતો પરંતુ દેશના ઝડપી ઔદ્યોગિકરણ માટે તેને જોઇતું પ્રાધાન્ય મળી રહે તે માટે આ ખાતાની અલગ રચના તા. ૧લી ફેબ્રુઆરી ૧૯૭૧થી કરવામાં આવી.

૧.૨ આ રીતે આ ખાતાની અલગ રચના થતા તા. ૧લી ફેબ્રુઆરી ૧૯૭૧થી કારીગર તાલીમ યોજના, એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના, શિક્ષિત બેકારો માટેની તાલીમ યોજના ખંડ સમયના વર્ગો અને સરકારી ઔદ્યોગિક કેન્દ્રો અંગેની પ્રવૃત્તિ માનવશકિત, રોજગાર અને તાલીમ ખાતાએ શરૂ કરી.

૧.૩. આ ખાતાના વડા તરીકે નિયામકશ્રીનો હોદ્દો અપાયેલ છે. તેમને-૩ ગુજરાત શૈક્ષણિક સેવા વર્ગ-૧ અને-૩ ગુજરાત સેવા-વર્ગ-૨ના અધિકારીઓ સહાય કરે છે.

૧.૪. આ ખાતાને સહાય કરવા માટે સરકારશ્રી તરફથી નીચેની પરિષદોની રચના કરવામાં આવી છે.

અ. રાજ્યવ્યવસાયિક તાલીમ પરિષદ.

બ. રાજ્ય એપ્રેન્ટીસશીપ પરિષદ.

૧.૫ રાજ્ય વ્યવસાયિક તાલીમ પરિષદ તથા રાજ્ય એપ્રેન્ટીસશીપ પરિષદના કાર્યક્ષેત્રો સબંધિત રાષ્ટ્રિય પરિષદ સાથે સંકળાયેલ હોય છે અને તે સબંધિત તાલીમ બાબતોમાં રાજ્ય સરકારને સલાહ સૂચન આપે છે. —

**૨. શિક્ષણનો પ્રકાર.**

૨.૧ શિક્ષણનો પ્રકાર નીચે પ્રમાણે છે.

૧. ઉદ્યોગો માટે જોઇતા કારીગરોની તાલીમ સંસ્થાઓ.

અ. ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ.

બ. સરકારી ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો.

૨.૨ એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના.

૨.૩ ઔદ્યોગિક કામદારો માટે ખંડ સમયના વર્ગો.

૨.૪ શિક્ષિત બેકારો માટે કારકિર્દી—વિકાસ તાલીમ યોજના.

**૩. સંસ્થાઓ, અભ્યાસક્રમો અને વિગતો.**

૩.૧. ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો :

રાજ્યમાં ૧૮ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો નીચે બતાવેલ જગ્યાએ ચાલે છે:—

(૧) અમદાવાદ, (૨) અમરેલી, (૩) અંકલેશ્વર, (૪) બીલીમોરા, (૫) વડોદરા, (૬) ભાવનગર, (૭) દાહોદ. (૮) ગાંધીધામ, (૯) ગોધરા, (૧૦) ગોંડલ, (૧૧) જામનગર, (૧૨) જૂનાગઢ, (૧૩) મોડાસા, (૧૪) પાલનપુર, (૧૫) રાજકોટ, (૧૬) સુરત, (૧૭) સુરેન્દ્રનગર, (૧૮) વિસનગર.

ઉપરની તાલીમ સંસ્થાઓમાં એક અને બે વર્ષની તાલીમ આપવામાં આવે છે અને આ તાલીમનો ઉદ્દેશ તાલીમાર્થીઓને યોગ્ય ઔદ્યોગિક રોજગાર માટે સજ્જ કરવાનો છે. સને ૧૯૭૦–૭૧ના વર્ષમાં ૧૮ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓની પ્રવેશ શકિત ૫૯૦૦ બેઠકોની હતી, અને તેમાં ૧૯૭૦–૭૧માં બધી સંસ્થાઓ મળીને ૪૬૦૫ તાલીમાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

૩.૨ રાજ્યની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં નીચેના અભ્યાસક્રમોમાં તાલીમ આપવામાં આવે છે.

**અ, એક વર્ષના અભ્યાસક્રમો.**

(૧) લુહાર, (૨) વેલ્ડર, (ગેસ અને વિજળી.) (૩) શીટ મેટલ કારીગર, (૪) મોલ્ડર, (૫) રેફ્રીજરેશન અને એર-કન્ડીશનીંગ મીકેનીક (૬) સુથાર, (૭) મીકેનીક (મોટર વાહન) (૮) મીકેનીકલ, (ટ્રેકટર), (૯) મીકેનીકલ ડીઝલ, (૧૦) પ્લમ્બર, (૧૧) પેઇન્ટર, (૧૨) હેન્ડ કમ્પોઝિટર, (૧૩) લેટરપ્રેસ મીકેનીઝમ, (૧૪) બુક બાઇન્ડર, (૧૫) પગરખાં બનાવટ.

બ. બે વર્ષના અભ્યાસક્રમો.

(૧૬) મશીનીસ્ટ (ગ્રાઇન્ડર). (૧૭) મશીનીસ્ટ (શેપર સ્લોટર અને પ્લેનર) (૧૮) વોચ અને ક્લોક રીપેરર. (૧૯)વિજ-ઢોળ ચઢાવનાર. (ઇલેકિટ્રોપ્લેટર.) (૨૦) ઇલેકિટ્રશીયન. (૨૧) ઇન્સ્ટ્રુમેન્ટ મીકેનીક. (૨૨) મસીનીસ્ટ કંપોઝિટર. (૨૩) ડ્રાફ્ટસમેન. (સિવિલ) (૨૪) ડ્રાફ્ટસમેન (મિકેનીકલ.) (૨૫) સર્વેયર. (૨૬) મીકેનીક (રેડિયો અને ટેલીવિઝન). (૨૭) પેટર્નમેકર. (૨૮) વાયરમેન (૨૯) મકાન બાંધનાર. (૩૦) ફીટર. (૩૧) જનરલ-મીકેનીક. (ફીટીંગ, ટર્નીંગ, વેલ્ડીંગ, બ્લેકસ્મિથિ). (૩૨) એન્જીન-કમ-ઇલેકિટ્રક મીકેનીક (ફીટીંગ, ડીઝલ એન્જીન પંપ, ઇલેકિટ્રકલ ઇન્સ્ટોલેશન.) (૩૩) રૂરલ વર્કશોપ મીકેનીક (કાર-પેન્ટ્રી) ફીટીંગ બ્લેક સ્મિથ અને ગેસ વેલ્ડીંગ). (૩૪) મેઇન્ટેનન્સ મીકેનીક. (૩૫) ટર્નર.

૩.૩ સને ૧૯૭૦–૭૧માં રાજયની બધી સંસ્થાઓમાં મંજૂર થયેલી બેઠકોનો પૂરેપૂરો લાભ મળી શકે તે માટે સંસ્થાઓમાં જે અભ્યાસક્રમોની માંગ ઓછી હતી અથવા તો વિકસતા જતા ઔદ્યોગિકરણે જેમને બિન લોકપ્રિય ગણાવ્યા તેવા અભ્યાસક્રમોનું વૈવિધ્યકરણ કરવામાં આવ્યું હતું. આ રીતે વૈવિધ્યકરણ કરવામાં આવેલી બેઠકો ૫૦૮ હતી.

૩.૪ સરકારી ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોનો વહીવટ મજૂર કમિશનરશ્રી પાસેથી આ ખાતાએ તા. ૧લી ફેબ્રુઆરી ૧૯૭૧થી સંભાળ્યો ત્યારે રાજયમાં કુલ બે આવી સંસ્થાઓ, અમદાવાદ અને વડોદરા મુકામે અસ્તીત્વમાં હતી.

૩.૫ આ સંસ્થાઓમાં નીચેના અભ્યાસક્રમોમાં તાલીમ આપવામાં આવે છે.

(૧) સુથારી. (૨) બેન્ચ ફીટીંગ. (૩) મેટલ ફીટીંગ. (૪) ટર્નીંગ. (૫) મોલ્ડીંગ. (૬) વિવર્સમીકેનીક. (૭) પેઇન્ટીંગ. (૮) ટેલરીંગ. (૯) લેધર અને પ્લાસ્ટીક (૧૦) સાબુ અને સૌંદર્ય પ્રસાધન. (૧૧) ઓટોમોબાઇલ (૧૨) વેલ્ડીંગ. (૧૩) વાયરમેન (૧૪) કેમીકલ્સ. (૧૫) ઇલેકટ્રોપ્લેટીંગ અને (૧૬) ગ્લાસ ટોઇઝ.

૩.૬ ઔદ્યોગિક કામદારો, તેમના કુટુંબીજનો અને તેમના આશ્રિતોને દાખલ કરવા માટે પસંદગી આપવામાં આવે છે:—

૩.૭ આ સંસ્થાઓમાં તાલીમ આપવા માટે કુલ ૭૩૨ બેઠકો મંજૂર કરવામાં આવી છે.

૩.૮ **એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના.**—એપ્રેન્ટીસોને કુશળ કારીગરો તરીકે તૈયાર કરવા અંકુશિત અને નિયંત્રીત તાલીમ યોજના માટે ડિસેમ્બર ૧૯૬૧થી "એપ્રેન્ટીસ એકટ–૧૯૬૧" અમલમાં આવ્યો છે. ગુજરાત રાજયમાં ૧લી જાન્યુઆરી ૧૯૬૩થી તેનો અમલ કરવામાં આવ્યો છે. આ કાયદો એવા ઉદ્દેશથી ઘડાયો છે કે; ઉમેદવારોને કારખાનાઓમાં વિવિધ વ્યવસાયોમાં સુવ્યવસ્થિત અને પધ્ધતિસરનું નક્કી કરેલી મુદત સુધી ઔદ્યોગિક એકમોમાં પ્રાપ્ય સવલતોનો ઉપયોગ કરીને કુશળ કારીગરો તૈયાર કરવાનું છે.

એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના હેઠળ નીચે મુજબ ૪ પ્રકારના એપ્રેન્ટીશોને, તાલીમ માટે પ્રવેશ આપવામાં આવે છે.

અ. **ફ્રેશર્સ.**—પૂરા સમય માટે નક્કી કરવામાં આવેલ વ્યવસાયોમાં તાલીમ લેવાની મુદત ૩ વર્ષ/૪ વર્ષની છે. આમાંની એક વર્ષની પ્રાથમિક તાલીમ/બેઝિક તાલીમ અને બે વર્ષ/ત્રણ વર્ષ સુધી કારખાનામાં પ્રત્યક્ષ તાલીમ સોપફલોર ટ્રેનીંગ અને આનુષંગિક તાલીમનો સમાવેશ કરવામાં આવે છે.

બ. **આઇ. ટી. આઇ. ના તાલીમીઓ.**—જેઓ નિયત વ્યવસાયોમાં એક વર્ષની તાલીમ પુરી કરી હોય અને સફળતા મેળવેલ હોય તેવા એપ્રેસ્ટીસોનો બીજા વર્ગમાં સમાવેશ થાય છે. એટલે કે આવા એપ્રેન્ટીસોએ આવા પુરા સમયની તાલીમના બાકીના બે વર્ષ / ત્રણ વર્ષ માટે કારખાનામાં તાલીમ લેવાની હોય છે અને તેટલા સમય માટે આનુષંગિક તાલીમ એટલે કે રીલેટેડ ઇન્સ્ટ્રકશન લેવાની હોય છે.

ક. **આઇ ટી. આઇ.ના તાલીમીઓ.**—જેઓએ ૨ વર્ષના નિયત વ્યવસાયોમાં તાલીમ સફળતાપૂર્વક પૂરી કરેલ હોય તેવા એપ્રેન્ટીસોનો ત્રીજા વર્ગમાં સમાવેશ થાય છે. આવા એપ્રેન્ટીસોએ પુરા સમયની તાલીમના બાકીના ૧ વર્ષ/૨ વર્ષ માટે એપ્રેન્ટીસશીપ તાલીમ લેવાની હોય છે.

ડ. **આઇ. ટી. આઇ.ના તાલીમાર્થીઓ.**—જેઓએ બે વર્ષના નિયત વ્યવસાયો પૈકી એક વર્ષના તાલીમ સફળતાપૂર્વક પૂરી કરેલ હોય તેઓ તેમનો ચોથા વર્ગમાં સમાવેશ કરવામાં આવે છે એટલે કે આ પ્રકારના એપ્રેન્ટીસોએ પૂરા સમયની તાલીમના બાકીના ૨ વર્ષ / ૩ વર્ષ માટે એપ્રેન્ટીસશીપ તાલીમ લેવાની હોય છે.

૩.૯. એપ્રેન્ટીસશીપ તાલીમ યોજનામાં કોઇપણ વર્ષના ફેબ્રુઆરી કે ઓગસ્ટ માસમાં જરૂરી લાયકાત ધરાવનાર ઉમેદવાર ઔદ્યોગિક એકમોમાં તાલીમાર્થી તરીકે જોડાઇ શકે છે. તાલીમ દરમ્યાન રૂા. ૪૦ થી રૂા. ૭૦ સુધીની વૃત્તિકા આપવામાં આવે છે.

૩.૧૦. એપ્રેન્ટીસશીપ તાલીમ યોજનામાં દાખલ થવા માટે જુદા જુદા વ્યવસાયો પ્રમાણે પ્રવેશ લાયકાતો નક્કી કરવામાં આવી છે. જેમ કે અમુક વ્યવસાયોમાં પાંચ ધોરણ પાસ, અમુકમાં નવમું ધોરણ પાસ, અમુક વ્યવસાયોમાં એસ. એસ. સી. પાસ અને અમુક વ્યવસાયોમાં યુનિ.ની પ્રી. સાયંસ પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ.

૩.૧૧ મુકરર કરેલ સમયમાં તાલીમ પુરી કર્યા પછી તાલીમાર્થી અખીલ ભારતીય વ્યવસાય કસોટીમાં બેસવા માટે લાયક ગણાય છે. આ કસોટી વર્ષમાં બેવાર લેવામાં આવે છે.

૩.૧૨. એપ્રેન્ટીસ ધારા હેઠળ અત્યાર સુધીમાં જુદા જુદા ૫૪ વ્યવસાયો એપ્રેન્ટીસશીપ તાલીમ મેળવવા માટે નક્કી કરવામાં આવ્યા છે. તે પૈકી લોકપ્રિય વ્યવસાયો જેવા કે ફીટર, ટર્નર, ઇલેકિટ્રશીયન, વાયરમેન, બોઇલર એટેન્ડન્ટ, મીકેનીક (મોટર વેહીકલ) મીકેનીક ટેક્ષટાઇલ, મશીનરી, લાઇનમેન, વિવર, મશીનીસ્ટ મીલર મશીનીસ્ટ ગ્રાઇન્ડર, ટુલ અને ડાયમેકર, રેફ્રીજેરેશન અને એર-કન્ડીશનીંગ, મીકેનીક મેઇન્ટેનન્સ (કેમીકલ પ્લાન્ટ) ઇન્સ્ટ્રુમેન્ટ મીકેનીક, કંપોઝીટર હેન્ડ, લેટર પ્રેસ મશીનમેન, બુકબાઇન્ડર, ડોફર-કમ-પીસર, ટેન્ટર, વગેરે વ્યવસાયોમાં ૩૧૨ ઔદ્યોગિક એકમોમાં ૧૯૩૫ તાલીમાર્થીઓ તાલીમ લઇ રહ્યા છે.

૩.૧૩. એપ્રેન્ટીસશીપ તાલીમ યોજનાની આંકાડાકીય માહિતી (૧૯૭૦-૭૧) નીચે મુજબ છે.

આ યોજના હેઠળ આવરી લેવાયેલ ઔદ્યોગિક એકમો પૈકી તાલીમ આપતા એકમોની સંખ્યા ૩૧૨.

નિર્દિષ્ઠ વ્યવસાયોની સંખ્યા ૫૪.

નિર્દિષ્ઠ વ્યવસાયો પૈકી જે વ્યવસાયોમાં તાલીમાર્થીઓ તાલીમ લઇ રહ્યા છે, તેની સંખ્યા ૩૪,

ઔદ્યોગિક એકમોને ફાળવવામાં આવેલ જગ્યાઓની સંખ્યા ૩૯૧૪.

ઔદ્યોગિક એકમોમાં તાલીમ લઇ રહેલ તાલીમાર્થીઓની સંખ્યા ૧૯૩૫.

૧૯૭૦-૭૧ના વર્ષ દરમ્યાન ઉત્તીર્ણ થયેલ તાલીમાર્થીઓની સંખ્યા ૬૪૯.

પોતાના જ ઔદ્યોગિક એકમમાં પાયાની તાલીમ (બેઝીક ટ્રેઇનીંગ) આપતા એકમોની સંખ્યા ૭૬.

પોતાના જ ઔદ્યોગિક એકમમાં સૈધાંતિક તાલીમ (રીલેટેડ ઇન્સ્ટ્રકશન) આપતા એકમોની સંખ્યા ૫૦૦.

૩.૧૪. **ઔદ્યોગિક કામદારો માટે ખંડ સમયના વર્ગો.**—ઔદ્યોગિક કામદારોના જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી બે વર્ષની મુદતના ખંડ સમયના વર્ગો અમદાવાદમાં ૨૦૦ બેઠકો, રાજકોટમાં ૬૦ બેઠકો, જામનગરમાં ૧૦૦ બેઠકો, સુરતમાં ૬૦ બેઠકો અને વડોદરામાં ૮૦ બેઠકો, શરૂ કરવામાં આવ્યા છે. ઉપરોકત વર્ગો ફીટર, ટર્નર, મોટર મીકેનીક, ઇલેકિટ્રશીયન તથા મશીનીસ્ટ ટ્રેડમાં ચાલે છે. આ વર્ગોમાં કારખાનાં ફેકટરીમાં કામ કરતા બિન કુશળ કારીગરોને જે તે ગ્રેડમાં તાલીમ આપવાની વ્યવસ્થા છે. આ વર્ગોમાં દાખલ થવાની શૈક્ષણિક લાયકાત, લખી, વાંચી અને સાંભળીને સમજી શકે તેવી રાખવામાં આવી છે. બે વર્ષની તાલીમ પછી પરીક્ષા લેવામાં આવે છે અને તેમાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોને પ્રમાણપત્ર આપવામાં આવે છે.

૩.૧૫. **શિક્ષિત બેકારો માટે કારકિર્દી વિકાસ તાલીમ કાર્યક્રમો.**— શિક્ષિત વ્યકિતઓનો બેકારીનો પ્રશ્ન હલ કરવા માટે ગુજરાત સરકારે જરૂરી પગલાં લીધાં છે. આમાં સૌથી અગત્યનું પગલું ખાસ જરૂરિયાતો મુજબના તાલીમ બધ્ધ અભ્યાસક્રમો યોજવાનું છે, વિશાળ વ્યવસાય સમૂહ અને તેની વિવિધ માંગ જોતાં અને શિક્ષિત બેકારોને સત્વરે યોગ્ય જ્ઞાન, તાલીમ અને માર્ગદર્શન મળી રહે એ માટે ટુંકી મુદતના વિશિષ્ટ ક્ષેત્રોના કારકીર્દિ વિકાસ કાર્યક્રમો ૧લી જુલાઇ ૧૯૭૦ થી શરૂ કરવામાં આવ્યા છે.

—આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ નીચે મુજબ છે. નવ ધોરણ પાસ થયેલાથી માંડીને એસ. એસ. સી. અને આર્ટસ, સાયંસ, એગ્રીકલ્ચર, કોમર્સ અને ઈજનેરી સ્નાતકો સુધીનો સંપૂર્ણ વિસ્તાર આ કાર્યક્રમોમાં આવરી લેવામાં આવ્યો છે.

—સંલગ્ન એકમમાં તાલીમ મેળવી, તાલીમાર્થીના આત્મવિશ્વાસ, કુશળતા અને ખંત વધે છે અને તેમને પોતાની જવાબદારીનો ખ્યાલ આવે છે.

—આવા કાર્યક્રમો જુદા જુદા એકમો, સંસ્થાઓ અને કારખાનાઓને તેમની જરૂરિયાત મુજબના નોકરિયાતો શોધવામાં મદદરૂપ થઇ પડે છે.

—આ અભ્યાસક્રમો માટે કોઇપણ પ્રકારની શૈક્ષણિક ફી લેવાતી નથી.

—આ તાલીમ અભ્યાસક્રમોનું સંચાલન ઉદ્યોગ અને વેપાર ક્ષેત્રે બેંક, વિશ્વવિદ્યાલયો અને અન્ય સંસ્થાઓના અનુભવી તજજ્ઞો કરે છે.

—ટેકનિકલ પરીક્ષાબોર્ડ, ગુજરાત રાજ્ય તરફથી તાલીમ પુરી કરનાર સ્નાતકોને ડીપ્લોમા અને બિન સ્નાતકોને સર્ટિફીકેટ એવોર્ડ આપવામાં આવે છે.

૩.૧૬. સ્નાતકો, માટેના અભ્યાસક્રમો જેવા કે ઓફિસ મેનેજમેન્ટ, બેંકિંગ, સેક્રેટરીશીપ અને ટેક્ષેસન, કેમીકલ પ્લાન્ટ તથા મીકેનીકલ/તથા કોમ્પ્યુટર પ્રોગ્રામીંગ--૧ તેમજ એસ. એસ. સી. પાસ થયેલા ઉમેદવારો માટે પંચ ઓપરેટર, ફાર્મ મીકેનીક, સ્ટેનોગ્રાફી, પબ્લીક એડ્રેસ સીસ્ટમ-કમ-પ્રોજેક્ટ ઓપરેટર તથા નવ ધોરણ પાસ થયેલા માટે પ્લમ્બર, ટ્રક ડ્રાઈવર-કમ-રીપેરર, તથા ફાઉન્ડ્રીમેન વગેરે અભ્યાસક્રમોમાં તાલીમ આપવામાં આવે છે.

—તાલીમ દરમ્યાન સ્નાતક અભ્યાસક્રમ માટે જે અભ્યાસક્રમો ૩ માસના છે તેમાં માસિક રૂા. ૫૦ અને જે અભ્યાસક્રમો ૬ માસના છે તેમાં માસિક રૂા. ૨૫ની વૃત્તિકા આપવામાં આવે છે. બિન–સ્નાતક અભ્યાસક્રમો પૈકી કેટલાક અભ્યાસક્રમોમાં માસિક રૂા. ૨૫ વૃત્તિકા આપવામાં આવે છે.

—આ અભ્યાસક્રમો અમુક સરકારી તેમજ બિન સરકારી એકમોમાં ચલાવવામાં આવે છે. પ્રોડકટીવીટી કાઉન્સીલ, અમદાવાદ, વડોદરા, સુરત, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ગવર્મેન્ટ ડ્રગ્સ લેબોરેટરી, વડોદરા, બ્યુરો ઓફ ઈકોનોમીકસ અને સ્ટેટીસ્ટીક્સ, અમદાવાદ વગેરે સંસ્થાઓમાં સ્નાતકો માટેના અને જ્યોતિ લીમીટેડ વડોદરા, આઈ. ટી. આઈ. અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ગોધરા, સુરેન્દ્રનગર વગેરે સંસ્થાઓમાં બિન સ્નાતકો માટેના અભ્યાસક્રમો ચાલે છે. તેમજ એસ. એસ. સી. પાસ થયેલા ઉમેદવારો માટે રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્રો અમદાવાદ, સુરત તેમજ માહિતીખાતું, અમદાવાદ, આંકડા. શાસ્ત્ર બ્યુરો, અમદાવાદ તથા ટેકનિકલ હાઈસ્કૂલ કડી કેન્દ્રોમાં ચાલે છે. આ યોજનામાં વિવિધ ક્ષેત્રોને આવરી લેતા ૧૮ વ્યવસાયોમાં ૧૪૦૦ જગ્યાઓ માટે તાલીમની સગવડો ઉપલબ્ધ છે. જેમાંથી હાલમાં ૧૦૬૯ તાલીમાર્થીઓ તાલીમ લઈ રહ્યા છે.

—સ્વકૌશલ્ય અને સ્વાનુભવનો ઉપયોગ કરી પોતાનો લઘુ ઉદ્યોગ શરૂ કરી શકે, અને સ્વયં રોજગારી મેળવી શકે તેને અનુલક્ષીને જુદી જુદી સરકારી તેમજ બિન સરકારી સંસ્થાઓ જેવી કે ડાયરેક્ટર ઓફ ઈન્ડસ્ટ્રીઝ, ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન, ગુજરાત સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોરપોરેશનનો સહકાર મેળવવામાં આવેલ છે.

| ખર્ચની વિગત નીચે પ્રમાણે છે | જોગવાઈ | ખર્ચ |
|---|---|---|
| ૧. ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ માટે. | ૫૧,૬૫,૦૦૦ | ૪૯,૩૧,૨૮૮ |
| ૨. એપ્રેન્ટીસ તાલીમ યોજનાઓ માટે. | ૨,૩૭,૦૦૦ | ૨,૧૬,૪૦૦ |
| ૩. ખંડ સમયના વર્ગો માટે. | ૨૭,૦૦૦ | ૩૫,૮૪૯ |
| ૪. શિક્ષિત બેકારોની યોજના માટે. | ૮,૭૦,૦૦૦ | ૫,૯૫,૦૬૩ |

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

©

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.